ી હરિ: ૐ આશ્રમ પ્રેરિત

# સાત ચરિત્રો

નગીનદાસ પારેખ



ગુજરાતી સાહિત્ય પરિષદ,

શ્રી હરિ ૐ આશ્રમ-પ્રેરિત
શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા
પુસ્તક તેરમું

# સાત ચરિત્રો

નગીનદાસ પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## તેરમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને
પિયા બાર હજારનું દાન બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ,
તિક્ષા, સહાયવૃત્તિ, મતાંતક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ, આદિ
દાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે એવી આકર્ષક શૈલીમાં લખાયેલી
ાર્તાઓ, ચારિત્રો કે કથાકાવ્યો પ્રગટ કરવા માટે આપવામાં આવ્યું
. નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા શ્રેણીમાં શ્રી. નગીનદાસ લિખિત
**સાત ચરિત્રો '** પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે.

અમારાં આગળનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તિકા પણ સૌને
મશે એવો વિશ્વાસ છે.

મંત્રીઓ

ા. ૩૦–૫–'૭૯ ગુ. સા. પરિષદ

---

: પ્રકાશક :
રઘુવીર ચૌધરી
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

© નગીનદાસ પારેખ

સંવર્ધિત બીજી આવૃત્તિ ૧૯૭૯ : પ્રત : ૧૧૦૦

કિંમત રૂા. ૯-૦૦ કિંમત રૂ. ૭-૦૦

: મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૧

# નિવેદન

'કિશોર' માસિકમાં જુદે જુદે સમયે લખાયેલાં ચરિત્રોમાંથી ૭ અને 'પ્રસ્થાન'માંથી કુંગ ફુ-ત્ઝેનું ચરિત્ર લઈ સાત ચરિત્રોનો ગુચ્છ કમલ પ્રકાશન મંદિર તરફથી ૧૯૪૭માં પ્રગટ થયો હતો.

આજે ફરી છાપતાં એમાં 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયેલાં 'દાદાનાં પુણ્યસ્મરણો' અને 'પ્રસ્થાન'માં પ્રગટ થયેલાં 'કુંગ ફુ-ત્ઝેનાં સુભાષિતો' એ બે લેખો ઉમેર્યા છે. 'દાદાનાં પુણ્યસ્મરણો' સિવાયના બધા લેખો ૧૯૪૦ પહેલાં લખાયેલા છે, અને તેમાં ફેરફાર કર્યો નથી. તાનસેનનું ચરિત્ર બાબુ ક્ષિતિમોહન સેનના બંગાળી લેખનો અનુવાદ છે. આશા છે કે કિશોરોને આ ચરિત્રો કોઈ ને કોઈ રીતે ઉપકારક થઈ પડશે. એનું પ્રકાશન હાથ ધરવા માટે હું આપણી સાહિત્ય પરિષદનો ઋણી છું.

૨૧, સરદાર પટેલ નગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૬ **નગીનદાસ પારેખ**
૯-૬-૧૯૭૯

□

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કુંગ ફુ-ત્ઝે | ... | ૧ |
| ૨. | તાનસેન | ... | ૧૪ |
| ૩. | દાદાભાઈ નવરોજી | ... | ૨૭ |
| | દાદાનાં પુણ્ય સ્મરણો | ... | ૪૭ |
| ૪. | રામકૃષ્ણ પરમહંસ | ... | ૬૩ |
| ૫. | આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય | ... | ૭૨ |
| ૬. | સાહસવીર અમુંડસેન | ... | ૮૦ |
| ૭. | સોરાબજી પોંખખાનાવાળા | ... | ૧૧૫ |
| | કુંગ ફુ-ત્ઝેનાં સુભાષિતો | ... | ૧૩૫ |

## [ ૧ ]

# કુંગ ફુ-ત્ઝે

## [ કૉન્ફ્યુશિયસ ]

ચીનના પાંચ પૌરાણિક બાદશાહોનો અમલ ઈ. સ. પૂર્વે ૨૨૦૫માં પૂરો થયો ગણાય છે. ત્યાર પછી ઈ. સ. પૂર્વે ૧૭૬૬ સુધી હિયા કે શિયા વંશનો અમલ ચાલ્યો. એ વંશનો છેલ્લો રાજા ભારે જુલમી નીકળતાં લોકોએ બળવો કર્યો અને તેને ગાદીએથી ઉઠાડી મૂક્યો. બળવાનો આગેવાન ટાંગ ગાદીએ આવ્યો. એ શેંગ વંશનો હતો. એ વંશે ઈ. સ. પૂર્વે ૧૧૨૩ સુધી રાજ્ય કર્યું. ત્યાર પછી એ વંશમાં પણ એક નરાધમ પાક્યો અને તેણે અને તેની ક્રૂર, દુરાચારી રાણી ટીકીએ પ્રજાને પીડવામાં કોઈ વાતની કમીના રાખી નહિ એટલે તેની પોતાની પ્રજાએ અને બહારના રાજાએ મળી તેના મહેલને સળગાવી મૂક્યો અને એ રાજા જાતે તેમાં પડીને મરણ પામ્યો. એના મરણ પછી ચાઉ વંશની શરૂઆત થઈ.

એ જમાનામાં ચીનમાં રાજા પોતે જ ધર્માધ્યક્ષ પણ લેખાતો હતો અને યજ્ઞ કરવાનો એને જ અધિકાર હતો. આખા રાજ્યમાં નાના નાના સામંતો ખૂબ વધી ગયા હતા અને બાદશાહની સત્તા ઘણી ઘટી ગઈ હતી.

હોઆંગ–હો અને યાંગસે ક્યાંગ એ બે નદી વચ્ચેના પ્રદેશમાં તે વખતે લગભગ પાંચથી છ હજાર નાનાં રાજ્યો હતાં. આમાં દસ બાર મોટાં ગણાતાં રાજ્યો જ સત્તા ભોગવતાં હતાં. આ રાજ્યોના માંહોમાંહેના ઝઘડા તો ચાલુ જ હતા, ઉપરાંત ઉત્તરમાંથી અને પશ્ચિમમાંથી હૂણ લોકોના હુમલા પણ થયા કરતા હતા.

આવા સમયમાં ઈ. સ. પૂર્વે ૫૫૦ માં એક ઉમરાવને ત્યાં કુંગ કુ-ત્ઝનો જન્મ થયો. તે વખતે એના પિતાની ઉમ્મર સિત્તેર વર્ષની હતી અને ત્રણ જ વરસ પછી તેનું અવસાન થયું. આમ નાનપણમાં જ પિતાનું અવસાન થવાથી એ બાળકને ઉછેરવાની અને કેળવવાની જવાબદારી માતા ઉપર આવી પડી. ભણવામાં એ ખૂબ કાળજીવાળો હતો અને નિશાળેથી આવ્યા પછી માને એ ઘરકામમાં મદદ કરતો. આમ નાનપણથી જ ઘરનો બોજો ઉઠાવવામાં ભાગ લેતો થયો એટલે એનામાં ગંભીરતા આવી ગઈ.

એને શરૂઆતથી જ ધનુર્વિદ્યાનો અને સંગીતનો શોખ હતો એટલે એ બંને વિદ્યા એણે સારી રીતે શીખી લીધી. સંગીતનો તો એને એવો છંદ લાગ્યો હતો કે મોટપણે એક વાર કોઈ જગ્યાએ સરસ મધુર સંગીત સાંભળ્યા પછી એનું મન એટલું તો પીગળી ગયું હતું કે એણે ત્રણ માસ સુધી માંસાહાર છોડી દીધો હતો.

ઓગણીસ વર્ષની વયે એનું લગ્ન થયું. કેટલાક કહે છે કે તેવીસ વર્ષની વયે એણે પત્ની સાથેનો સંબંધ

તોડી નાખ્યો હતો, પણ એ વાત બધા સ્વીકારતા નથી. એ પત્નીથી એને બે પુત્રી અને એક પુત્ર એમ ત્રણ બાળકો થયાં હતાં.

લગ્ન થયાં કે તરત જ એણે એક સરદારને ત્યાં ભંડારીની નોકરી સ્વીકારી લીધી. પાછળથી એણે બગીચાની અને ઢોરોની દેખરેખનું કામ સ્વીકાર્યું. પોતે ખૂબ ગરીબ રહ્યો એટલે એને આવાં કામો કરવાં પડતાં હતાં, પણ જે કામ કરવું તે ખૂબ ચીવટ અને કાળજીપૂર્વક કરવું એ એનો સ્વભાવ હતો.

એના જેવા વિદ્યાવ્યાસંગીને આવું કામ ન ફાવે એ તદ્દન સ્વાભાવિક છે. આથી ત્રણ જ વરસમાં એણે આ નોકરી છોડી દીધી અને પોતાની બાવીસ વરસની ઉમ્મરે એણે શાળા ખોલી શિક્ષકનું કામ શરૂ કર્યું. શરૂઆતમાં તો એની પાસે ખૂબ થોડા વિદ્યાર્થીઓ આવતા, પણ થોડા સમયમાં જ એના શિક્ષણની કીર્તિ ચારે કોર ફેલાઈ અને જ્ઞાનપિપાસુ જુવાનો અને રાજ્યનીતિ અને સદાચારના જિજ્ઞાસુઓ એને ત્યાં ભેગા થવા લાગ્યા. શિષ્યોમાં એ ગરીબ તવંગરનો કદી ભેદ કરતો નહિ. જે એને ઢગલાબંધ પૈસા આપતા તેને પણ એ ભણાવતો, જે એને થોડા પૈસા આપતા તેમને પણ એ ભણાવતો અને જેઓ કશું ન આપી શકે એટલા ગરીબ હતા તેમને પણ એ ભણાવતો. પણ જે વિદ્યાર્થી ભણવામાં ચીવટવાળો અને પરિશ્રમી ન હોય તેને એ રાખતો નહિ. એ કહેતો

હું વિષયનો એક પાયો સમજાવું અને બાકીના ત્રણ જે વિદ્યાર્થી પોતાની મેળે ન સમજી લે તેને હું ફરી સમજાવતો નથી. શિક્ષણમાં એ કાવ્ય, સદાચાર અને સંગીતને પ્રાધાન્ય આપતો. એ કહેતો માણસનું ચારિત્ર્ય કાવ્યથી ઘડાય છે, આચારથી વિકસે છે, અને સંગીતથી પૂર્ણતાને પામે છે. એણે પોતાની જિંદગી દરમિયાન એકંદરે ત્રણ હજાર વિદ્યાર્થીઓને ભણાવ્યા કહેવાય છે. એમાંથી લગભગ પોણોસો જેટલા તો પાછળથી મોટા વિખ્યાત અમલદારો અને વિદ્વાનો નીવડયા હતા.

એ જયારે ૨૪–૨૫ વર્ષનો થયો ત્યારે એની મા મરણ પામી. એણે તેને પોતાના પિતાની સાથે જ દફનાવી. એને પોતાની માતા પ્રત્યે ખૂબ ભક્તિ હતી એટલે એને થયું કે હું તો ગમે ત્યાં ભટકતો રહ્યો. ગમે ત્યારે અહીં આવું. તો પછી મારી માતાની કબર હું શી રીતે પારખીશ? એમ વિચારી તે વખતે રિવાજ નહોતો છતાં કબર ઉપર કંઈક ચણતર કરવાનો એણે ઠરાવ કર્યો અને ત્યાં એક મિનારો ચણવા માંડયો. એ કામ પૂરું કરવાનું પોતાના શિષ્યોને સોંપી તે ઘેર ગયો. શિષ્યો ખૂબ મોડા ઘેર પહોંચ્યા. આટલું બધું મોડું થવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે, અમે મિનારો ચણતા હતા તેવામાં વરસાદનું સખત ઝાપટું આવ્યું તેથી આખો મિનારો તૂટી પડયો. એટલે અમને વાર થઈ. આ સાંભળી તે રડી પડયો. એણે પૂરા સત્તાવીસ મહિના સુધી વિધિપૂર્વક માતાના મરણનો શોક

પાળ્યો. શોકની અવધિ પૂરી થયા પછી બીજા પાંચ દિવસ વીત્યા ત્યાર પછી એણે પોતાની વહાલી વાંસળી વગાડવા હાથમાં લીધી. પણ એ વગાડવા ગયો ત્યાં તો એનું હૈયું ભરાઈ આવ્યું અને એ વગાડી ન શક્યો.

એ જ્યારે ઓગણત્રીસ વરસનો થયો ત્યારે એણે સંગીતનો ઊંડો અભ્યાસ કરવાનું શરૂ કર્યું અને એ સંબંધે જે કાંઈ પ્રાચીન પુસ્તકો મળે તે મેળવીને સંગીતની પ્રાચીન પરંપરાનો એણે તલસ્પર્શી અભ્યાસ કર્યો. આને માટે એ આસપાસનાં રાજ્યોમાં પણ ફર્યો. એ જ્યારે પાછો પોતાના રાજ્યમાં આવ્યો ત્યારે ત્યાં અંધાધૂંધી પ્રવર્તતી હતી. રાજા પણ પાસેના ત્સી રાજ્યમાં ભાગી ગયેલો હતો એટલે કુંગ ફુ-ત્ઝેએ પણ ત્યાં જ જવાનો વિચાર કર્યો. પોતાના ત્રણ ચાર શિષ્યોને લઈને એ નીકળ્યો. રસ્તામાં એક પર્વત આગળથી પસાર થતાં એણે એક બાઈને કબર આગળ બેસીને રડતી જોઈ અને એક શિષ્યને તપાસ કરવા મોકલ્યો. બાઈએ કહ્યું : "મારા સસરાને એક વાઘે અહીં મારી નાખ્યા હતા, મારા પતિને પણ—અને અત્યારે મારા પુત્રની પણ એ જ દશા થઈ છે."

"તો પછી તું આવી ભયાનક જગ્યાએ પડી શું કામ રહે છે?" એવું પૂછતાં તેણે જવાબ દીધો, "કારણ કે અહીં જુલમી રાજ્ય નથી." આ સાંભળીને કુંગ ફુ-ત્ઝેએ પોતાના શિષ્યોને કહ્યું, "બેટા, આ યાદ રાખજો. જુલમી રાજ્ય વાઘવરુ કરતાં પણ વધારે ભયાનક છે."

એ જ્યારે ત્સી પહોંચ્યો ત્યારે ત્યાંના રાજાએ એનો ખૂબ આદરસત્કાર કર્યો અને પૂછ્યું કે સારું રાજ્ય કોને કહેવું? કુંગ ફુ-ત્ઝેએ જવાબ દીધો, "જ્યારે રાજા રાજા હોય, પ્રધાન પ્રધાન હોય, પિતા પિતા હોય અને પુત્ર પુત્ર હોય, ત્યારે સારું રાજ્ય સ્થપાયું જાણવું." એના કહેવાનો અર્થ એ હતો કે જ્યારે રાજા, પ્રધાન, પિતા અને પુત્ર સૌ પોતપોતાની ફરજ બરાબર બજાવતા હોય ત્યારે રાજ્ય વ્યવસ્થિત થયું કહેવાય. આ જવાબથી ખુશ થઈ રાજાએ તેને ભારે જાગીર આપવા માંડી પણ એણે તે સ્વીકારવાની ના પાડી, એટલે રાજાએ એને પોતાના દરબારમાં રહેવાની વિનંતિ કરી. પણ રાજાના પ્રધાને રાજાને કહ્યું કે આવા ચક્રમોને રાખશો નહિ. આખરે એને પાછા પોતાને દેશ 'લુ' આવી રહેવું પડયું.

ત્યાં બીજાં પંદર વરસ સુધી એણે અધ્યયન અને અધ્યાપનનું કાર્ય ચાલુ રાખ્યું. એના શિષ્યોની સંખ્યા વધતી જ ચાલી. આખરે એ જ્યારે બાવન વર્ષનો થયો ત્યારે એને 'ચુંગ તુ' શહેરનો કાજી બનાવવામાં આવ્યો. એના કાજી થવાની લોકો ઉપર ખૂબ સારી અસર થઈ અને લોકોમાં સદાચાર વધવા માંડયો. આથી રાજાએ એને કાયદા અને વ્યવસ્થાનો મંત્રી બનાવ્યો. આનું પરિણામ એ આવ્યું કે રાજ્યમાં ગુના થતા જ અટકી ગયા, અને આખી પ્રજા સુખસંતોષ અને સદાચારપૂર્વક રહેવા લાગી. એ લોકોમાં ખૂબ પ્રિય થઈ પડયો અને લોકો એને વિષે ગીતો જોડીને ગાવા લાગ્યા.

કુંગ ફુ-ત્ઝેએ રાજ્યમાં દાખલ કરેલા સુધારાઓનો જો આપણે વિચાર કરીએ તો તે આપણને તદ્દન નવા આજના જમાનાના જ લાગે. તેણે ગરીબોને ભોજનની વ્યવસ્થા કરી આપી એટલું જ નહિ પણ બાળકો અને વૃદ્ધો માટે જુદાં જુદાં ભોજનની પણ વ્યવસ્થા કરી. મજૂરીની વ્યવસ્થામાં એણે માણસનો વિચાર કરી મજબૂત માણસોને અમુક કામો આપી શકાય એવા વિભાગ પાડ્યા. તેણે વસ્તુઓના ભાવ નક્કી કર્યા અને રાજ્યની આવકનો ઉપયોગ વેપાર ખીલવવામાં કર્યો. સંદેશાનો વ્યવહાર ખૂબ સુધાર્યો, રસ્તા અને પુલોની મરામત કરાવી, અને પહાડી પ્રદેશોમાં રહેતા લૂંટારુઓ અને વાટપાડુઓનો ત્રાસ દૂર કર્યો. ઉમરાવોની સત્તા મર્યાદિત કરી નાખી, અને સામાન્ય પ્રજાજનોને જુલમોમાંથી મુક્ત કર્યા. ન્યાયની દૃષ્ટિમાં બધા જ સમાન ગણાવા લાગ્યા.

'કુંગ ફુ-ત્ઝેના સંવાદો' નામના પુસ્તકના દશમા પ્રકરણમાં એને વિષે કેટલીક અંગત માહિતી મળે છે. એ આચારના નિયમો અને વિધિઓ બરાબર પાળતો હતો. પોતાનાં કપડાં અને દેખાવની બાબતમાં એ ખૂબ ચીવટ રાખતો. એ છેક સંન્યાસી જેવો નહોતો, પણ મધ્યમ માર્ગે ચાલનાર હતો. બધા માણસોની પેઠે એ મુખ્યત્વે કરીને ભાત જ ખાતો પણ તે ભાત બરાબર સારી રીતે રાંધેલો હોવો જોઈએ, માંસ પણ બરાબર ઝીણું કાપેલું હોવું જોઈએ. એ દારૂ ખૂબ પીતો હતો પણ એને છાકટો થયેલો કદી કોઈએ જોયો નથી. એ ઉદાર અને આતિથ્ય-

શીલ હતો. એ ઘોડાની ગાડીમાં એ ફરવા નીકળતો અને એનો એક શિષ્ય જ ગાડી હાંકતો. એવું કહેવાય છે કે એ જ્યારે પોતાના ગામમાં રહેતો હતો ત્યારે ખૂબ સાદો અને ભલોભોળો લાગતો, એ બોલી શકતો હશે કે કેમ એની પણ કોઈને શંકા પડે. દરબારમાં અથવા કોઈ નીચલા દરજ્જાના અમલદાર સાથે વાત કરતો ત્યારે એ છૂટથી પણ સીધેસીધી વાત કરતો, ઉપરી અમલદારો સાથે મીઠાશથી પણ ખૂબ ચોકસાઈપૂર્વક બોલતો, અને રાજા સાથે વાત કરતી વખતે તે ગંભીરતા અને સ્વસ્થતાથી વર્તતો. જમતાં જમતાં તે વાત કરતો નહિ, અને પથારીમાં હોય ત્યાં સુધી બોલતો પણ નહિ. જો એની સાદડી સીધી ન બિછાવેલી હોય તો તે તેના ઉપર બેસતો નહિ.

પણ આ સ્થિતિ ઝાઝા દિવસ ટકી નહિ. 'ત્સી'ના રાજાથી 'લુ'ની જાહોજલાલી દેખી ખમાઈ નહિ અને તેના સલાહકારોએ તેને ચેતવ્યો કે એ રાજ્યમાં સુખસંપત્તિ વધ્યે જાય છે, તે તમારી આડે આવશે. તે લોકોએ અનેક સૌંદર્યવતી સ્ત્રીઓ અને સવાસો તેજી ઘોડાઓ 'લુ'ના રાજાને ભેટમાં મોકલ્યાં. આની ધારી અસર થઈ. રાજા સ્ત્રીઓના મોહમાં પડ્યો અને રાજકાજ રખડવા લાગ્યું. કુંગ કુ-ત્સેની શિખામણ કરતાં સુંદરીનું સંગીત રાજાને વધારે મીઠું લાગ્યું. આ સ્થિતિથી કંટાળી કુંગ કુ-ત્સે ભારે દુ:ખી હૃદયે 'લુ' રાજ્ય છોડીને ચાલ્યો ગયો. એને ઘણીયે આશા હતી કે હમણાં કોઈ મને બોલાવવા આવશે પણ કોઈ આવ્યું નહિ. આમ ત્રણ વરસના ટૂંકા

રાજકારભાર પછી તેણે દેશવટો લીધો. આ વખતે એની ઉંમર છપ્પન વર્ષની હતી.

તેર વરસ સુધી તે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અને બીજા રાજ્યમાંથી ત્રીજા રાજ્યમાં એમ ખૂબ ભટક્યો. કોઈ રાજ્યમાં તેને સત્કાર પણ મળ્યો અને કોઈ રાજ્યમાં તેને અપમાન પણ મળ્યું. એક બે વાર તો એના ઉપર લૂંટારુ અને બદમાશોએ હુમલા પણ કર્યા. આવે પ્રસંગે એ ખૂબ સ્વસ્થ રહેતો અને ભય એને સ્પર્શી પણ શકતો નહિ. આવા પ્રસંગો ગુજર્યા ત્યારે એક વાર એના શિષ્ય ત્ઝે લુએ એને પૂછ્યું, "ઉત્તમ પુરુષોને પણ આવાં કષ્ટો પડે છે?" ત્યારે એણે જવાબ દીધો, "ઉત્તમ પુરુષને કદાચ દારિદ્ર વેઠવું પડે, પણ તેમ છતાં તે બીજા માણસોથી શ્રેષ્ઠ ગણાય. સામાન્ય માણસો એવે વખતે પોતાની સ્વસ્થતા ગુમાવી બેસે છે, શ્રેષ્ઠ પુરુષ નથી ગુમાવતો."

આમ ભટકતો ભટકતો એ એક નદીને તીરે આવી પડ્યો. નદી અજાણી હતી એટલે ક્યાંથી ઊતરવી એ જાણવા માટે એણે પોતાના શિષ્યને કહ્યું, "બેટા, પેલા ખેતરમાં કોઈ માણસ દેખાય છે, તેને પૂછી આવ." પેલો માણસ સંન્યાસી હતો. એવા લોકો સંસારથી દૂર રહેવામાં જ ડહાપણ સમજતા હતા. રાજકાજમાં ભાગ લેવો એ તેમને પસંદ નહોતું. જ્યારે શિષ્ય તેને પૂછવા ગયો ત્યારે તેણે કુંગ ફુ-ત્ઝેને મહેણું મારવાના ઇરાદાથી એવો

જવાબ આપ્યો કે “દેશમાં બધે અંધાધૂંધી ફેલાઈ છે, તેને કોઈ સંભાળી શકતું નથી. તારો ગુરુ તો અનેક રાજાને બારણે બારણે ભટકે છે. એવા ભટકેલની પાછળ જવા કરતાં સંસારથી દૂર રહેનારના શિષ્ય થવું એ સારું નહિ ?”

શિષ્યે આવીને આ જવાબ કુંગ ફુ-ત્ઝેને સંભળાવ્યો ત્યારે એણે જે જવાબ આપ્યો તેમાં એનો માનવપ્રેમ વ્યક્ત થાય છે. તેણે કહ્યું, “સંસારથી દૂર જઈને પશુપંખીનો સંગ સેવવો એ તો મારે માટે અશકય છે. પશુપંખી સાથે આપણને શો સંબંધ? દુઃખમાં પિલાતાં માણસોને છોડીને હું બીજા કોની સાથે સંબંધ બાંધું? બધે અંધાધૂંધી પ્રસરેલી છે એટલે જ તો મારે આટઆટલી જહેમત ઉઠાવવી પડે છે. જો બધે સદાચાર અને સુવ્યવસ્થા પ્રસરેલાં હોત તો મારે મહેનત લેવાની જરૂર જ કયાં રહેત?”

આમ ભટકી ભટકીને ૬૯ વર્ષની વયે ઈ. સ. પૂર્વે ૪૮૩માં તે પાછો ‘લુ’ આવ્યો. આ વખતે જૂનો રાજા અવસાન પામી ચૂકયો હતો અને તેનો પુત્ર ગાદીએ આવ્યો હતો. કુંગ ફુ-ત્ઝેનો એક શિષ્ય જ લશ્કરનો અધિનાયક હતો અને તેણે વિજય મેળવી ભારે પ્રતિષ્ઠા સંપાદન કરી હતી. પોતાના સેનાપતિના ગુરુને રાજા મોટો હોદ્દો આપવા તૈયાર થયો, પણ એણે તે સ્વીકાર્યો નહિ; અને પોતાના જીવનનાં છેલ્લાં વર્ષો શાંતિપૂર્વક એકાંત

અભ્યાસમાં ગાળવાની જ ઇચ્છા વ્યક્ત કરી. એ પ્રમાણે તેણે ફરી વિદ્યાર્થીઓને ભણાવવામાં અને ગ્રંથરચનામાં કાળ ગાળવા માંડ્યો.

બીજે જ વરસે એનો એકનો એક પુત્ર લે મરણ પામ્યો. આ આઘાત એણે ભારે હિંમત અને શાંતિથી ઝીલ્યો. એની પત્ની તો ક્યારની મરણ પામેલી હતી. એ જ્યારે મરી ગઈ ત્યારે એણે પોતાના પુત્રને રડવાની ના પાડી હતી. જોકે પોતાની માતાના અવસાન વખતે એનાથી રડ્યા વિના રહેવાયું નહોતું. જ્યારે એનો શિષ્ય 'યેન હુઈ' ઈ. સ. પૂ. ૪૮૧ માં મરણ પામ્યો ત્યારે એણે એટલો વિલાપ કર્યો હતો કે સૌ નવાઈ પામ્યાં હતાં. ઈ. પૂ. ૪૭૮માં એનો બીજો શિષ્ય ત્ઝે લુ પણ મરણ પામ્યો.

આ પછી થોડે દિવસે એક દિવસ તે સવારમાં વહેલો ઊઠ્યો અને પીઠ પાછળ અદબ વાળી આંટા મારતાં મારતાં બોલવા લાગ્યો :

મોટા મોટા પર્વતો પણ ઢળી પડે છે,
મોટાં મોટાં વૃક્ષો પણ તૂટી પડે છે,
મોટા મોટા પંડિતો પણ છોડની
પેઠે સુકાઈ જાય છે.

આ સાંભળી એનો શિષ્ય ત્ઝે કુંગ એકદમ એની પાસે દોડી ગયો. કુંગ ફુ-ત્ઝેએ કહ્યું: "ગઈ કાલે રાતે મને સ્વપ્નું આવ્યું હતું. મારું મરણ આવી પહોંચ્યું છે."

ત્યારથી તે પથારીવશ થયો અને સાતમે દિવસે તેણે દેહ છોડચો

પોતાના ગુરુના અવસાનથી શિષ્યોને ખૂબ દુ:ખ થયું. તેમણે ભારે દબદબા સાથે એની સ્મશાનયાત્રા કાઢી અને વિધિપૂર્વક એની દફનક્રિયા કરી. પછી રિવાજ મુજબ બધા એની કબરની આસપાસ ઝૂંપડી બાંધીને ત્રણ વરસ સુધી ત્યાં રહ્યા અને પિતૃતુલ્ય ગુરુના મરણને શોક પાળ્યો. ત્ઝે કુંગ તો ત્રણ વરસ પૂરાં થયા પછી બીજાં ત્રણ વરસ સુધી ત્યાં રહ્યો.

એના મરણ પછી લુના રાજાએ એના અવશેષો ઉપર એક સુંદર મંદિર ચણાવ્યું અને ત્યાર પછીના રાજાઓએ પણ એની સ્મૃતિ જાળવવા પોતાથી બનતા બધા પ્રયત્નો કર્યા. એના અવસાન પછી અઢીસોક વર્ષે એક રાજા થયો. તેને એને વિશે એટલો બધો તિરસ્કાર હતો કે તેણે ચીન-માંથી કુંગ કુ-ત્ઝેની જડ ઉખેડી નાખવા કમર કસી. તેણે એનાં બધાં પુસ્તકો બાળી નાખ્યાં અને એના સિદ્ધાંતોનું સમર્થન કરનાર એકેએક પંડિતને પ્રાણદંડ દીધો. આમ છતાં તે નિષ્ફળ ગયો. તેની પછીના બાદશાહોએ આ મહાન પ્રાચીન જ્ઞાનીને ફરી વાર ગુરુસ્થાને પ્રતિષ્ઠિત કર્યો. એના જીવન દરમિયાન એના સિદ્ધાંત સ્વીકારવા અથવા એના સૂચવેલા સુધારા કાયમ કરવા કોઈ રાજા તૈયાર ન થયો, પણ એના મૃત્યુ પછી એનું માન ખૂબ વધી ગયું. પોતાના શિષ્યોને ભણાવવામાં એણે જે પુસ્તકો વાપર્યાં હતાં તે પુસ્તકો જ ચીનનાં પાઠ્ય પુસ્તકો બની ગયાં

અને અનેક વિદ્વાનોએ તેના ઉપર ટીકા ટિપ્પણીઓ પણ લખી. આમ બે હજાર વર્ષથી એ ૪૦ કરોડ લોકોનાં હૃદય ઉપર સામ્રાજ્ય ભોગવતો આવ્યો છે.

એ પોતાની પાછળ જે પુસ્તકો મૂકી ગયો તેમાં આટલાં ખૂબ મહત્ત્વનાં ગણાય છે :

૧. ' શી કિંગ ' ( ' કાવ્યગ્રંથ ' – એણે એના જમાના સુધીનાં ચીની કાવ્યોમાંથી પસંદગી કરીને કરેલો કાવ્યસંગ્રહ ), ૨. ' શૂ કિંગ ' ( ' ઇતિહાસ ગ્રંથ ' – પ્રાચીન પુસ્તકો ઉપરથી એના જમાના સુધીનો તૈયાર કરેલો ઇતિહાસ ), ૩. ' લે કિંગ ' ( ' આચાર ગ્રંથ ' ), ૪. ' ટાહિયો ' (મહાવિદ્યા ), ૫. ' ચુંગ યુંગ ' ( મધ્યમ-માર્ગ ) અને ૬. ' લુન યુ ' ( સંવાદો ).

એ પોતે ખૂબ નમ્ર હતો અને પોતાની મર્યાદા અને નબળાઈઓ બરાબર પિછાનતો હતો. એણે એક ઠેકાણે કહ્યું છે :

" મેં સંપૂર્ણ સદાચારી બનવા અને કંટાળ્યા વિના બીજાને શીખવવા પ્રયત્ન કર્યો છે; પણ શ્રેષ્ઠ પુરુષનું લક્ષણ—પોતે બોલવું તેવું વર્તવું—હજી હું પ્રાપ્ત કરી શક્યો નથી. હું કંઈ જ્ઞાન સાથે જન્મેલો નથી. પણ મને પ્રાચીન વસ્તુનો શોખ છે અને હું એક મને પ્રાચીન વસ્તુઓમાં જ્ઞાન શોધું છું. હું તો માત્ર આડતિયો છું. મારું પોતાનું કશું નથી."

□

[ ૨ ]

# તાનસેન

અકબરની સભામાં તાનસેન ગવૈયા હતા. તેમના જેવો ગવૈયો આ હજાર વરસમાં હિંદુસ્તાનમાં થયો નથી એમ કહેવાય છે. આજે પણ ગવૈયાઓને મોઢે તાનસેનનાં ગાયનો સાંભળવા મળે છે. પણ દુઃખની વાત એ છે કે તેમના જીવન વિષે કંઈ ચોક્કસ માહિતી મળતી નથી.

કેટલાક કહે છે કે તેમના પિતાનું નામ મકરંદ પાંડે હતું. મકરંદ ગૌડ બ્રાહ્મણ હતા. વળી કેટલાક એવું કહે છે કે તાનસેનનું પહેલાંનું નામ ભરત મિશ્ર અથવા ત્રિલોચન મિશ્ર હતું. ગ્વાલિયરના રાજા રામનિરંજને એમના ગાયનથી ખુશ થઈ જઈને એમને 'તાનસેન'ની ઉપાધિ અર્પણ કરી હતી. આજે સૌ કોઈ એમને એ નામે જ ઓળખે છે.

બાળપણમાં તાનસેને થોડો સમય બૈજુ બાવરા પાસે સંગીતનો અભ્યાસ કર્યો હતો એમ કહેવાય છે. એ ગમે તે હશે, પણ એમના સાચા સંગીતગુરુ ભક્ત હરિદાસ સ્વામી હતા. એક પ્રાચીન ચિત્રમાં હરિદાસ સ્વામી બેસીને તાનપુરા ઉપર ગાયન ગાઈ રહ્યા છે, તાનસેન પાસે જ જમીન ઉપર બેઠલા છે, અને અકબર બાદશાહ એક બાજુએ

ઊભેલા છે. એ પ્રાચીન ચિત્ર ઉપરથી જણાય છે કે તાનસેન શામળા અને પાતળા હતા. સંગીત એ જ એમનું સાચું રૂપ હતું. તેમના કંઠના સૂરથી સૌ કોઈ મુગ્ધ થઈ જતું.

હરિદાસ સ્વામી પાસેથી તેમણે હિન્દી સંગીત સાદી રીતે શીખી લીધું. ત્યાર પછી સંગીતશાસ્ત્ર શીખવા માટે તેઓ ગ્વાલિયરના વિખ્યાત સૂફી ગવૈયા મહમ્મદ ઘેટસ પાસે ગયા. મહમ્મદ ઘેટસ ખૂબ ઉચ્ચ પ્રકારના ગવૈયા હતા. તાનસેનના સંગીતથી ઘેટસ મુગ્ધ થઈ ગયા, એટલે તેમણે તાનસેનની જીભને પોતાની જીભનો સ્પર્શ કર્યો અને પોતાની બધી વિદ્યા તેમને આપતા ગયા. આથી તાનસેન મુસલમાન થઈ ગયા હોય. કોઈ કોઈ એવું કહે છે કે તેમણે કોઈ મુસલમાન કન્યા સાથે લગ્ન કર્યાં હતાં એટલે મુસલમાન થઈ ગયા હતા. હિન્દુ શું કે મુસલમાન શું, તેમના બધાય ગુરુ ભક્ત અને સાધક હતા એવું જણાઈ આવે છે. એથી સ્વાભાવિક રીતે જ તાનસેન સંગીતને ભક્તિ અને સાધના સાથે ભેળવી દઈ તેને આટલું ઊંચું કરી શક્યા હતા.

વિખ્યાત બાદશાહ શેરશાહના પુત્ર દૌલતખાં ઉપર તાનસેનને ખૂબ હેત હતું. દૌલતખાંને વિષે તાનસેનનાં રચેલાં અનેક ગીતો મળી આવે છે. દૌલતખાંના મૃત્યુ પછી રિવાં વાઘેલખંડના રાજા રામચંદે ખૂબ સન્માનપૂર્વક તાનસેનને પોતાના દરબારમાં બોલાવી લીધા. રામચંદ ખૂબ ઉદાર અને સંગીતપ્રિય હતા. તાનસેન ત્યાં રહ્યા રહ્યા જૂનાં

રાગરાગિણીઓની મદદથી જાતજાતના સુંદર નવા નવા સૂરો રચવા લાગ્યા. તાનસેનનું નામ ચારે કોર જાણીતું થઈ ગયું. ઇબ્રાહીમખાં સૂરે તાનસેનને પોતાના દરબારમાં આવીને રહેવાનું આમત્રંણ આપ્યું, પણ તેઓ ન ગયા. ત્યાર પછી અકબરે જ્યારે તાનસેનની વાત સાંભળી, ત્યારે તાનસેનને લાવવા માટે તેમણે પોતાના ઉમરાવ જલાલુદ્દીન કુરચીને રાજા રામચંદ્ર પાસે મોકલ્યો. રામચંદ્રને ખૂબ દુઃખ થયું, પણ અકબરની ઇચ્છાનો વિરોધ કરવો એ તેમને માટે અસંભવિત હતું, એટલે ભારે દુઃખ સાથે અને ખૂબ માનસહિત તેમણે તાનસેનને વિદાય આપી. આ બનાવ ઈ. સ. ૧૫૬૫માં બન્યો.

સમાજની દૃષ્ટિએ જોતાં તાનસેન મુસલમાન હતા, છતાં તેમનું હૃદય હમેશાં હિન્દુ જ રહ્યું હતું. તેમનાં ગીતોની ભાષા વૈષ્ણવોની પવિત્ર વ્રજભાષા હતી. તેમનાં ગીતો હરિહર, ગણપતિ, દેવી સરસ્વતી અને સૂર્યની વંદનાથી ભરપૂર છે. તેમનાં કેટલાંક ગીતોમાં કુદરતનું વર્ણન છે, વળી કેટલાંક ગીતોમાં દેવતાનું વર્ણન પણ છે, અને કેટલાંકમાં તો શ્રીકૃષ્ણની પ્રેમલીલા પણ છે.

પ્રાચીન સૂરો શીખીને તાનસેન અનેક અવનવાં સૂર અને રાગિણીઓ રચી ગયા છે. આમ છતાં તેઓ એટલું સમજતા હતા કે જગદીશ્વર ભગવાનને છોડી માણસોના અધિપતિ બાદશાહના દરબારમાં રહેવાથી તેમની સમગ્ર શક્તિનો વિકાસ થઈ શકયો નહોતો.

અકબર આગળ તાનસેન પોતાના ગુરુ હરિદાસના અપૂર્વ સંગીતની વાત રોજ કરતા. એક દિવસે અકબરે કહ્યું: "મને તેમનું સંગીત નહિ સંભળાવે ?"

તાનસેને કહ્યું: "જહાંપનાહ, તેઓ ભગવાનના સેવક છે, તેઓ તમારા કહેવાથી શાના આવે ?"

અકબરે કહ્યું: "તેમને શું કામ આવવું પડે ? હું જ તેમની પાસે જઈશ."

અકબર પોતાનો રાજવૈભવ, લાવલશ્કર બધું દૂર રાખી સામાન્ય માણસની પેઠે તાનસેનની સાથે ગયા. જ્યારે અકબરે વૃન્દાવનમાં ભક્તના આશ્રમમાં હરિદાસ સ્વામીનું સંગીત સાંભળ્યું ત્યારે તેઓ એકદમ મુગ્ધ થઈ ગયા. તેમણે તાનસેનને કહ્યું: "તારી પણ કંઈ શક્તિ કમ નથી, તો પછી તું કેમ આવું સંગીત ગાઈ શકતો નથી ?"

તાનસેને કહ્યું: "જહાંપનાહ, હું દુનિયાના રાજા આગળ ગાઉં છું; અને મારા ગુરુ ત્રણ લોકના રાજા આગળ ગાય છે. તો પછી તમે જ કહોને, મારું સંગીત તેમના સંગીતની તોલે શી રીતે આવે ?"

તાનસેન ખૂબ ઉચ્ચ પ્રકારના કવિ પણ હતા. પોતાનાં ગીતના શબ્દો અને સૂર બંનેની રચના તેઓ પોતે જ કરતા હતા. એ બંને વસ્તુ અદ્‌ભુત હતી. બાદશાહથી માંડીને રંક ગરીબ સુધી સૌને પોતાના સંગીતથી મુગ્ધ

કરી તાનસેન ઈ.સ. ૧૫૮૯ના વૈશાખ માસમાં પરલોક સિધાવ્યા.

ગ્વાલિયરમાં તેમના ગુરુ મહમ્મદ ઘેટસની કબરની પાસે હજી પણ તાનસેનની કબરની જગ્યા મોજૂદ છે. હિંદુસ્તાનના બધા ગવૈયાઓ ત્યાં જઈને પોતાની ભક્તિનાં ફૂલ ત્યાં ચડાવે છે, અને કબર પાસે એક આમલીનું ઝાડ છે તેનાં પાન ચાવી ખાય છે. તાનસેનના પ્રતાપથી એ આમલીના ઝાડમાં એવો ગુણ છે કે જે કોઈ તેનાં પાંદડાં ખાય તેનો કંઠ મધુર થઈ જાય, એવું કહેવાય છે.

હિંદીમાં ભરથરીઓનાં ગીતોના સંગ્રહમાં તાનસેન અને તેમના ગુરુની ગાવાની શક્તિ વિષે એક અદ્ભુત વાત છે. એ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે તાનસેન રાજદરબારમાં બેસતા હતા અને સૌના માનને પાત્ર થઈ પ્રખ્યાત થયા હતા, છતાં તેમના આશ્રમવાસી તપસ્વી ગુરુની ગાવાની શક્તિ કેટલી ઉચ્ચ પ્રકારની અને ભારે હતી.

તે વખતે અકબર તાનસેનની સાથે પોતે નવા જ બાંધેલા શહેર ફતેહપુર સીકરીમાં રહેતા હતા. તાનસેનના ગુરુને ખબર નહોતી કે પોતાનો જૂનો પ્રિય શિષ્ય બાદશાહના દરબારમાં ગવૈયા તરીકે રહ્યો છે અને બાદશાહની સાથે જ રહે છે. જુદા જુદા ભક્તોનાં ધામનાં દર્શન કરતા કરતા અને પોતાના પ્રાણથી પ્યારા શિષ્ય તાનસેનને શોધતા શોધતા ગુરુ એક દિવસ ફતેહપુરને

પાદરે આવી પહોંચ્યા. પહાડ ઉપર એક નિર્જન સ્થાને બેસીને સંધ્યાસમયે તેમણે પોતાની વીણા છેડી. અમૃતમંથન પછી દેવો અને અસુરોને મોહ પમાડવાને વિષ્ણુએ જે સૂર વગાડ્યા હતા તે સૂર એમની વીણામાં વાગવા લાગ્યા. પાસે થઈને અકબર બાદશાહની આઠદસ વર્ષની એક નાની કુંવરી દાસીઓ સાથે જતી હતી. કોને ખબર શાના આકર્ષણથી પણ તે બધાં આકર્ષાઈને પેલા વૃદ્ધ સાધુની આસપાસ ઊભાં રહ્યાં.

વનમાંથી એક હરિણી પણ આવીને કશી બીક રાખ્યા વગર કુંવરીની આડોઅડ ઊભી રહી. બધાંય પેલી વીણાના સૂરમાં તલ્લીન થઈ ગયાં હતાં. વીણાનો એક સૂર પૂરો થયો અને બીજો શરૂ થયો. એમાં ગૌરીની તપસ્યાનું વર્ણન હતું. રાજકન્યા યોગી ભિખારીના ભાવરસમાં મસ્ત બની સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર થઈ ગઈ હતી. બધાનાં હૃદય અપૂર્વ વૈરાગ્યરસથી ભરપૂર થઈ ગયાં. બાદશાહની કુંવરીએ પોતાના ગળાનો નવ લાખ સોનામહોરનો રત્નહાર પાસે ઊભેલી હરિણીના ગળામાં પહેરાવી દીધો. વીણા થંભી. હારની વાત કુંવરીને યાદે ન આવી. તેનું બાળહૃદય તો સાધુની વીણાના અપૂર્વ ભાવરસમાં મગ્ન હતું. તેને કોઈએ હરણના ગળામાં હાર પહેરાવતાં જોઈ નહોતી. બાળ, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ સૌ પોતપોતાને ઠેકાણે ચાલ્યાં ગયાં.

બાદશાહના અંતઃપુરમાં ભારે ધાંધલ મચી રહી છે. નવ લાખ સોનામહોરનો 'નવલખો' હાર ગયો ક્યાં?

કુંવરીએ કહ્યું : “તે તો મેં હરણના ગળામાં પહેરાવી દીધો હતો.” દાસીએ કહ્યું : “હા, સાધુની વીણા સાંભળીને એક હરિણી વનમાંથી આવી કુંવરી પાસે બેધડક ઊભી રહી હતી ખરી.” ધીમે ધીમે બધી વાત અકબરને કાને પહોંચી. તેમણે કહ્યું : “તાનસેન, સંગીતના આકર્ષણથી જે હરણ વનમાંથી આવ્યું તેને તારે ફરી તારા સંગીતના આકર્ષણથી બોલાવવું પડશે. તું સંગીતનો અદ્વિતીય કલાકાર છે. તારાથી એ ન બને એવું નથી.”

બીજે દિવસે સંધ્યાકાળે તાનસેને તે જ જગ્યાએ બેસીને ઘણુંયે કર્યું, પણ હરણ ન આવ્યું. નિષ્ફળ થઈને બધાં ઘેર ગયાં. મોડી રાત થઈ. એવામાં કોઈએ આવીને કહ્યું કે તે જ જગ્યાએ પેલા સાધુની વીણા સંભળાતી હોય એવું લાગે છે. રાતનો વખત હતો છતાં બધાં અધીરાં થઈને દોડયાં. અકબર, તાનસેન વગેરે સર્વે ત્યાં દોડી ગયા. કોણ જાણે ક્યાંથી હરણ આવીને હાજર થયું. ગળામાં પેલો અમૂલખ હાર હતો. સહેજ પણ સંકોચ વગર હરણ ઊભું રહીને સાધુની વીણાના ઝંકાર સાંભળવા લાગ્યું. દાસીએ તેના ગળામાંથી રત્નહાર કાઢી લીધો. હરણ જરા સંવળ્યું સરખું નહિ.

તાનસેને પોતાના ગુરુને ઓળખ્યા, પણ શરમના માર્યા પાસે ન ગયા. શરમનું કારણ એ હતું કે તેમના તપસ્વી ગુરુના દેહ ઉપર સેંકડો કાણાંવાળી કંથા હતી, અને એથીયે મોટું કારણ તો એ હતું કે આવી અપૂર્વ

વિદ્યા શીખ્યા છતાં પોતે ભગવાનને છોડીને વૈભવના લોભથી બાદશાહની નોકરી સ્વીકારી હતી. આથી તાનસેન ગુરુની પાસે ન ગયા. ગુરુએ અહીં આવ્યા પછી લોકોને મોઢે સાંભળ્યું હતું કે તાનસેન ફતેહપુર આવ્યા છે. ગુરુ અધીરા થઈને બધે રસ્તે શોધતા હતા કે, પોતાના પ્રાણથી પ્યારા તાનસેનનો પત્તો લાગે છે કે નહિ. આ વખતે પણ તેમણે બધાંનાં મોં તરફ ધારીને જોયું પણ તાનસેન એ વખતે આઘા ખસી જઈને અંધારામાં છુપાઈને ઊભા હતા.

અકબરે આવીને તે સાધુને ચરણે પ્રણામ કરી વિનંતિ કરી "મહારાજ, કાલે મારા નગરમાં આવીને વીણા બજાવો."

સાધુએ કહ્યું : "બાપુ, મને તો આવવામાં કશો વાંધો હોઈ જ ન શકે, કારણ ગરીબ તવંગર વચ્ચે ભેદ રાખવો એ મારું કર્તવ્ય નથી. પણ તમે મને બરદાસ્ત કરી શકશો ?" અકબરે કબૂલાત આપી એટલે સાધુ તૈયાર થયા.

બીજે દિવસે સવારે રાજમહેલમાં બેસીને સાધુ વીણા વગાડવા લાગ્યા. મહાદેવના જે સૂરથી વિષ્ણુના ચરણ વિગલિત થઈને આ મર્ત્યલોકમા નદીરૂપે ઝરી ઊતર્યાં, તે સૂર તેમની વીણામાંથી નીકળવા લાગ્યા. બધાં તલ્લીન થઈ ગયાં. બાદશાહના દરબારના પથ્થરો કરતાં પણ કઠોર હૃદયો અશ્રુધારારૂપે પીગળી ટપકવા લાગ્યાં. ઉપર પડદામાં

બાદશાહના જનાનાની સ્ત્રીઓનાં ભોગવિલાસદગ્ધ ચિત્તો પણ ઊભરાઈ જવા લાગ્યાં. દૂરથી તાનસેને આ જોયું – પણ ફાટીતૂટી કંથાવાળા ગુરુનો સ્વીકાર કરતાં મનમાં ભારે શરમ આવી.

સંગીતસભામાં તાનસેનને પણ આવવું પડ્યું હતું. પણ તેઓ બને એટલા દૂર બેઠા હતા, ગુરુ પોતાને ન જોવા પામે એવા પ્રયત્ન તેઓ આખો વખત કર્યા કરતા હતા. એવામાં અચાનક એકવાર ગુરુની નજર તેમના ઉપર પડી. તેમને થયું તાનસેને મને ન ઓળખ્યો! દોડતો આવીને એ મને ભેટી ન પડ્યો! ગુરુના અંતરમાં બાણ વાગ્યાં. તેમના હાથમાંથી વીણા ફરસબંધી ઉપર પડી ગઈ. ગુરુના દિવ્યસંગીતથી ત્યાંના પથ્થરો પણ પીગળીને પ્રવાહી થઈ ગયા હતા, વીણા પડતાં જ તેમાં થોડી ઊંડી ઊતરી ગઈ. પણ સંગીત બંધ થઈ ગયું એટલે પીગળેલા પથ્થર ફરી કઠણ થઈ ગયા અને ગુરુની વીણા ત્યાં જ જકડાઈ ગઈ. ગુરુ કાંઈ જ બોલ્યા નહિ. વિદાય પણ લીધી નહિ. કશી ફરિયાદ પણ કરી નહિ, માત્ર દૂર વનમાં કોણ જાણે ક્યાંય ચાલ્યા ગયા.

તેમની જકડાઈ ગયેલી વીણા ત્યાં પડી રહી અને તેમના પ્રિય શિષ્ય તાનસેન ત્યાં પડી રહ્યા – જેમનું હૃદય ઐશ્વર્યના સ્પર્શથી કઠિન થઈ ગયું હતું. અકબરે કહ્યું : "તું સંગીતના જોરે આ પથ્થરને પિગળાવી નાખ, અને સાધુની વીણાને બહાર કાઢ." તાનસેને ખૂબ પ્રયત્ન કર્યો

પણ પથ્થર લગાર ભીનાયે ન થયા. તાનસેન ભોંઠા પડ્યા. કોઈ કોઈ દરબારી મજાક કરવા લાગ્યા. બાદશાહના દરબારમાં જોતજોતામાં તાનસેનનું માન ઊતરી ગયું.

હતમાન, વ્યથિત તાનસેન રાજદરબાર અને શહેરના લોકોથી દૂરના દૂર ફરવા લાગ્યા. ધીમે ધીમે તેમની બુદ્ધિ સરળ થઈ. તેમને સમજાયું કે મારો અપરાધ થયો છે. પશ્ચાત્તાપથી બળ્યાજળ્યા તેઓ ગુરુને શોધવા નીકળી પડ્યા. વને વનમાં અને પર્વતે પર્વત ઉપર શોધતાં શોધતાં એક વાર તેમણે પોતાના ગુરુને એક ઝરણા પાસે ગુફામાં મરણપથારીએ પડેલા જોયા. તાનસેન આવી તેમને ચરણે લોટી પડ્યા અને બોલ્યા : "ગુરુદેવ, મેં મનથી અપરાધ કર્યો છે. તમે પ્રેમી છો, મને માફ કરો." ગુરુ બોલ્યા : "તુ મને પ્રાણથી પણ વહાલો છે. તને હું ક્ષમા ન કરું એવું તે કદી બને ? પણ તે દિવસે તું મને ઓળખી ન શકચો એથી મને ખૂબ દુ:ખ થયું હતું. એટલે આમ ભાગી આવ્યો. આજે તને છાતીસરસો ચાંપ્યો એટલે મારા મનનો સઘળો સંતાપ દૂર થઈ ગયો." એમ કહીને સ્નેહપૂર્વક તેઓ પોતાનો મૃત્યુના થાકથી નબળો થઈ ગયેલો સ્નેહભર્યો હાથ વારંવાર તાનસેનને માથે ફેરવવા લાગ્યા.

પણ એ ગુરુને આઘાત જબરો લાગ્યો હતો. તેમના અંતરે તો ક્ષમા કરી, પણ તેમનો દેહ ભાંગી ગયો હતો. સ્નેહમયી જનનીની પેઠે મૃત્યુ ધીરે ધીરે તેમને પોતાના ખોળામાં ખેંચી લઈ તેમના દેહના બધા થાકને દૂર કરી

રહ્યું હતું. તાનસેન પ્રાણપણે ગુરુની અંતિમ સેવા કરવા લાગ્યા અને ગુરુનું મૃત્યુ નિકટ આવેલું જોઈ આંસુ વહેવડાવવા લાગ્યા.

ગુરુ બોલ્યા : "દુઃખ શાનું કરે છે, તાનસેન ? જે મૃત્યુએ તારો અને મારો ભેટો કરી આપ્યો, તે મૃત્યુ કરતાં વધુ ઇચ્છવા યોગ્ય બીજું શું હોઈ શકે ?" જરા થંભીને ગુરુ ફરી બોલ્યા : "તાનસેન, તારે કાંઈક પૂછવું હોય એમ લાગે છે. મારી ઘડી ભરાઈ ચૂકી છે, જે તારા મનમાં હોય તે આ ઘડીએ બોલી નાખ."

તાનસેને કહ્યું : "ગુરુદેવ, તમારા ચરણપ્રતાપથી હું બધી વિદ્યા પામ્યો છું, છતાં વનમાંથી હરણને કેમ ન બોલાવી શક્યો ? મારા સંગીતથી પથ્થર કેમ પીગળ્યા નહિ ? હૃદયનું અભિમાન હજી કેમ સંપૂર્ણપણે ગયું નહિ ?"

ગુરુએ કહ્યું : "હોડીનાં બધાં પાટિયાં ભેગાં રહે તો દરિયામાં મુસાફરી કરી શકાય. તળિયાનું એકાદ પાટિયુંયે જો ન હોય તોપણ હોડી આખી નકામી થઈ જાય; પછી તે દેખાવમાં ગમે એટલી સુંદર હોય તોયે તેને કાંઠે જ રાખીને તેની શોભા જોયા કરવી પડે. સંગીતનો માનવ-અંશ તેં સંપૂર્ણપણે સાધ્યો છે. તેનો ભાગવતઅંશ અર્થાત્ અધ્યાત્મઅંશ તું પૂરો શીખ્યો નથી. એ તારા સંગીતની નૌકા તું રાજદરબારમાં બતાવી સૌને મુગ્ધ કરી શકીશ, પણ અફૂલ અસીમ જીવનસાગરમાં એ નૌકા વહેતી મૂકી મુસાફરી નહિ કરી શકે. વખત જો હોત તો

હું તારી એટલી ઊણપ પૂરી કરી જાત. પણ હવે ક્યાં વખત રહ્યો છે? તું દક્ષિણ દેશમાં જજે. ત્યાં તું બે બહેનોને રોજ દેવ સેવા માટે પાણી ભરવા આવતી જોશે. તેમને જોઈને કોઈ કહી પણ નહિ શકશે કે તેઓ સંગીત ખૂબ સરસ જાણે છે. તેમને ચરણે રહી તું એટલી ઊણપ પૂરી કરી લેજે."

ગુરુનું અવસાન થયું. દક્ષિણ દેશમાં જવાના માર્ગની જે એંધાણી ગુરુએ આપી હતી તે પ્રમાણે જતાં જતાં તાનસેન એક એકાંત ગામડામાં આવી પહોંચ્યા, અને ત્યાં તેમણે દેવસેવામાં મગ્ન પેલી બે બહેનોને જોઈ. તાનસેને ખૂબ કાલાવાલા કરીને તેમને પ્રસન્ન કરી, અને પોતાની બાકી રહેલી વિદ્યા શીખી લીધી.

લાંબા સમય પછી તાનસેન જ્યારે બાદશાહના દરબારમાં પાછા આવ્યા, ત્યારે જાણે પહેલાંના તાનસેન જ એ રહ્યા નહોતા પોતે આટલી બધી વિદ્યા શીખી આવ્યા હતા એનો રજ પણ અહંકાર તેમનામાં નહોતો. સૌ કોઈએ પૂછ્યું: "ક્યાં ગયા હતા તાનસેન?"

તાનસેને કહ્યું: "મેં ભારે અપરાધ કર્યો હતો તેનું પ્રાયશ્ચિત્ત કરવા ગયો હતો."

બાદશાહે કહ્યું: "પેલી પથ્થરમાં જકડાયેલી વીણાની વાત યાદ છે કે તાનસેન? તેને છોડાવી શકીશ?"

તાનસેન બોલ્યા: "જહાંપનાહ, ગુરુની વિદ્યા જે કઠિન પાષાણમાં જકડાઈ ગયેલી છે, તેને પિગળાવી તેમની

વિદ્યાને મુક્ત કરવાની સાધના જ હું હમણાં કરી રહ્યો છું; જોઉં, ગુરુકૃપાથી એ બને છે કે નહિ."

નિરભિમાન તાનસેન આ વખતે જ્યારે બેઠા ત્યારે તેમના સંગીતથી પેલા પાષાણ પીગળી ગયા. પેલી વીણાને પ્રણામ કરી, વીણાને માથે ચડાવી તાનસેન જ્યારે પાષાણ-પુરી (ફતેહપુર)માંથી બહાર જતા હતા ત્યારે અકબરે પૂછ્યું : "પેલા મહાપુરુષ કોણ હતા તાનસેન ?"

તાનસેને કહ્યું, "એ મારા ગુરુ હતા."

કોઈ કોઈ એવું કહે છે કે એ મહાપુરુષ જ તાનસેનના ગુરુ વિખ્યાત પ્રેમી સાધક બૈજુ બાવરો હતા. બાવરાનો અર્થ બાઉલ, પાગલ, મસ્ત થાય છે. તેઓ પ્રેમના ભાવરસમાં હમેશાં મસ્ત રહેતા.

□

# [ ૩ ]

# દાદાભાઈ નવરોજી

પેશવાઈ સત્તાનો અંત આવ્યો હતો. કંપનીની સત્તા જામી હતી અને માંહોમાંહે લડનારા મરાઠાઓને બદલે સાત સમુદ્ર પારના ન્યાયનિષ્ઠ ગોરાઓના રાજ્ય પ્રત્યે લોકમત અનુકૂળ બનતો જતો હતો. એ અરસામાં એક પારસી કુટુંબ નવસારીથી મુંબઈ આવ્યું. તે કુટુંબમાં માત્ર પતિપત્ની બે જ જણ હતાં. પતિ નવરોજી દોરડી છ સૈકાથી પોતાના કુટુંબમાં ચાલતો આવેલો અધ્યારુનો વ્યવસાય કરી સંસાર ચલાવતા હતા અને પત્ની માણેકબાઈ પોતાની કરકસર અને ઘરરખુપણાથી એ ગરીબ સંસારમાં સુખ અને શાંતિ સીંચતાં હતાં. આ ગરીબ પણ સંતોષી અને સુખી કુટુંબમાં સને ૧૮૨૫ના સપ્ટેમ્બરની ચોથી તારીખે એક પુત્રનો જન્મ થયો અને તેનાં માતાપિતાએ અપૂર્વ આનંદ અનુભવ્યો. બાળકનું નામ દાદાભાઈ પાડવામાં આવ્યું.

નાનો 'દાદી' ચાર વરસનો થયો ન થયો ત્યાં તો નવરોજીનું અવસાન થયું અને એને ઉછેરવાનો બધો ભાર માણેકબાઈ ઉપર આવી પડચો. માણેકબાઈએ પોતાના ભાઈની મદદથી ભારે ધૈર્ય અને ખંતપૂર્વક બાળકને ઉછેરવા માંડચો પુત્રઘેલી માતાએ પાંચમે વરસે તો પુત્રને

માટે ગુલબાઈ નામની એક સારી કન્યા પણ શોધી કાઢી અને લગ્ન પણ પતાવી નાંખ્યાં !

'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ'ના સિદ્ધાંત ઉપર ચાલતી ધૂળી નિશાળમાં દાદીનું શિક્ષણ શરૂ થયું. દાદીએ મહેતાજીની પ્રીતિ સંપાદન કરી હતી એટલે જ્યારે પ્રાથમિક શિક્ષણ પૂરું થયું ત્યારે એ મહેતાજીએ જ દાદીની માને સમજાવ્યાં અને એને અંગ્રેજી નિશાળે બેસાડ્યો. તે વખતે અંગ્રેજી શાળામાં કંઈ ફી લેવામાં આવતી નહોતી અને આ મફત શિક્ષણની સગવડને લીધે જ પોતે અભ્યાસ કરવા પામ્યા એ વસ્તુની દાદાભાઈના મન ઉપર ખૂબ અસર થઈ હતી અને તેને પરિણામે મોટપણે એમણે હંમેશાં મફત શિક્ષણની હિમાયત કરી હતી.

શાળાનો અભ્યાસ પૂરો થતાં જ એમણે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ કર્યો અને પોતાની બુદ્ધિમત્તા અને ખંતથી અનેક ઇનામો જીતી ૧૮૪૫માં એમનો અભ્યાસ પૂરો થયો. એ વખતના મુંબઈના વડા ન્યાયાધીશ સર અર્સ્કિન પેરી બોર્ડ ઑવ એજ્યુકેશનના પ્રમુખ હતા. તેમણે દાદાભાઈની બુદ્ધિશક્તિ જોઈને કહ્યું કે જો એની કોમના ગૃહસ્થો અરધો ખર્ચ આપતા હોય તો બાકીનો અરધો ખર્ચ આપીને હું દાદાભાઈને વિલાયત બૅરિસ્ટર થવા મોકલવા તૈયાર છું. પણ આ જ અરસામાં બેત્રણ પારસીઓ વિલાયતમાં ખ્રિસ્તી થઈ ગયા હતા એટલે

પારસીઓ પૈસા આપવા તૈયાર થયા નહિ અને એમનું વિલાયત જવાનું બન્યું નહિ. આથી દાદાભાઈએ નોકરીની શોધ કરવા માંડી. સેક્રેટેરિયેટમાં મહિને ૧૪૦ રૂપિયાની કારકુનની જગ્યા એમને મળે એમ હતી, પણ તે જગ્યા સ્વીકારવા પહેલાં એઓ પોતાના પ્રિન્સિપાલ પૅજેટ સાહેબની સલાહ લેવા ગયા. તેમણે સરકારી નોકરી સ્વીકારવાની સલાહ ન આપી. એટલે દાદાભાઈ મૂંઝવણમાં પડ્યા. પણ એ જ વખતે એમને એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં નેટીવ હેડ ઍસિસ્ટંટ તરીકે નીમવામાં આવ્યા અને એમની મૂંઝવણનો અંત આવ્યો. ઈ. સ. ૧૮૫૦માં એ જ સંસ્થામાં ગણિત અને ભૌતિકશાસ્ત્રના મદદનીશ અધ્યાપક તરીકે એમની નિમણુક થઈ, અને પાછળથી ૧૮૫૪ માં એ જ વિષયના મુખ્ય અધ્યાપકની જગ્યાએ એઓ કાયમ થયા. આખા દેશમાં આમ અધ્યાપકપદે નિમાનાર એઓ પહેલા જ હતા, અને એ માનભર્યા પદે એમણે ભારે કાબેલિયતથી કામ કર્યું. ત્યાં એઓ લાંબો વખત ટક્યા નહિ. ઈ. સ. ૧૮૫૬માં કામા ઍન્ડ કંપની નામની પારસી વેપારી પેઢીના વ્યવસ્થાપક તરીકે એઓ લંડન ઊપડી ગયા.

ઈ. સ. ૧૮૪૫માં એમનો અભ્યાસ પૂરો થયો, અને ૧૮૫૬માં એઓ વિલાયત જવા ઊપડ્યા. આ અગિયાર વરસના ગાળામાં એમણે જે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી હતી તેનો ઉલ્લેખ અહીં કરવો જોઈએ.

પ્રિન્સિપાલ પેટનની મદદથી એમણે 'ધ સ્ટુડન્ટ્સ લિટરરી ઍન્ડ સાયન્ટિફિક સોસાયટી' નામના મંડળની

સ્થાપના કરી અને તેના તરફથી 'ધ સ્ટુડન્ટ્સ લિટરરી મિસલેની' નામનું સામયિક પણ શરૂ કર્યું. ગુજરાતીમાં અને મરાઠીમાં ચર્ચા ચલાવવા માટે આ જ મંડળની ગુજરાતી અને મરાઠી શાખાઓ પણ 'જ્ઞાનપ્રસારક મંડળી'ને નામે શરૂ કરવામાં આવી, અને ગુજરાતી શાખામાં એમણે પૂરા ઉત્સાહથી ચર્ચામાં ભાગ લેવા માંડ્યો. આ ચર્ચા-મંડળ ચર્ચામાં જ પુરાઈ ન રહ્યું. એના એક સભ્ય શ્રી બહેરામજી ગાંધીએ સભામાં સ્ત્રીકેળવણી ઉપર એક ખૂબ જોરદાર નિબંધ વાંચ્યો. પ્રિન્સિપાલ પેટને પણ એમના ઉત્સાહને વધાવી લીધો અને સહુ સભ્યોને એ બાબતમાં કંઈક અમલી પગલાં લેવા આગ્રહ કર્યો. પરિણામે દાદાભાઈ અને બીજા બેચાર મિત્રોએ નોકરીમાંથી બચતો વખત એ કામમાં ખર્ચવાનો ઠરાવ કર્યો અને મહોલ્લે મહોલ્લે ફરી છોકરીઓનાં માબાપોને સમજાવી કન્યાવર્ગોની શરૂઆત કરી. આમ શરૂઆતમાં કોઈને ઓટલે બેસતા કન્યાવર્ગો એ જ પાછળથી આ મંડળના હાથ નીચે ચાલતી ગુજરાતી અને મરાઠી કન્યાશાળાઓ થઈ પડી અને આમ દાદાભાઈ મુંબઈમાં કન્યાકેળવણીના પિતા કહેવાયા. આજે પણ એ મંડળ પોતાની મરાઠી શાળાઓ ચલાવ્યે જાય છે, પણ પારસી કન્યાશાળાઓ તો ઝરથોસ્તી ગર્લ્સ સ્કૂલ એસો-સિયેશને પોતાના વહીવટમાં લઈ લીધી છે, અને સ્વ. શ્રી બંગાલીની ઉદાર સખાવતે તેને સમૃદ્ધ પણ બનાવી છે.

ઈ. સ. ૧૮૫૧માં એમણે 'રાસ્ત ગોફ્તાર' નામે ગુજરાતી અઠવાડિક છાપું શરૂ કર્યું, અને તે દ્વારા નવા

વિચારો અને આદર્શોનો પ્રચાર કરવા માંડ્યો. બાળલગ્ન અને બીજી હાનિકારક સામાજિક રૂઢિઓ તથા વહેમો સામે પણ એમણે પ્રચાર કરવા માંડ્યો. અને એ રીતે સમાજસુધારાની પહેલ કરી.

આમ એમની જુવાનીનો પ્રારંભકાળ અનેક સમાજોપયોગી પ્રવૃત્તિમાં ગયો હતો અને ઉત્તર વયમાં એઓ એ દિવસો ભારે આનંદ, ગૌરવ અને ધર્મ બજાવ્યાના સંતોષ સાથે સંભારતા.

વિલાયતની ભૂમિ ઉપર પગ મૂકતાં વેંત જ એમણે રાજકીય પ્રવૃત્તિની પણ શરૂઆત કરી દીધી અને તે આખર સુધી ચાલુ રહી. પહેલી જ વાત એમણે સિવિલ સર્વિસની હાથ ધરી. ઈ. સ. ૧૮૫૫ સુધી તો સિવિલ સર્વિસ માટે માણસો નીમવામાં જ આવતા હતા પણ પહેલવહેલી એ જ વરસે ઉમેદવારોની પરીક્ષા લઈને પસંદગી કરવામાં આવી. એમાં વાડિયા નામના એક ઉમેદવારને નજીવા કારણસર રદ કરવામાં આવ્યો એટલે દાદાભાઈએ એ વાત ઉપાડી લીધી અને જોન બ્રાઇટે પણ એનું સમર્થન કર્યું. આમ છતાં એ વખતે તો એમને સફળતા મળી નહિ, પણ એમાંથી એક નવી વસ્તુનો ઉદ્‌ભવ થયો કે આ પરીક્ષા હિંદમાં અને વિલાયતમાં બંને ઠેકાણે લેવી જોઈએ. આ વસ્તુને દાદાભાઈ ખૂબ ચીવટથી વળગી રહ્યા અને છેવટે ૧૮૯૩માં આમની સભાએ બંને દેશમાં પરીક્ષા લેવાની તરફેણ કરી.

વિલાયત પહોંચ્યા પછી થોડા જ સમયમાં એમને ખબર પડી ગઈ કે ત્યાંના લોકો હિંદ અને ત્યાંના રાજકાજ વિશે બિલકુલ અજ્ઞાન છે, અને તેમને થયું કે જો અંગ્રેજ લોકોને હિંદ વિશે સાચી માહિતી આપવામાં આવે અને તેમની પૂરી જવાબદારીનું ભાન કરાવવામાં આવે તો હિંદને લાભ થાય. આથી એમણે શ્રી ઉમેશચંદ્ર બેનરજીની સાથે મળીને લંડન ઈન્ડિયન સોસાયટીની સ્થાપના કરી. અને ત્યાર પછી અંગ્રેજો પણ ભાગ લઈ શકે એટલા માટે એમણે ઈસ્ટ ઇંડિયા ઍસોસિયેશન નામની વિશાળ સંસ્થા સ્થાપી અને હિંદી રાજામહારાજાઓ પાસેથી નાણાં મેળવી તેને સધ્ધર બનાવી. આ સંસ્થાએ તે જમાનામાં હિંદની રાજકીય અને આર્થિક પરિસ્થિતિ વિશે સાચી માહિતી ફેલાવવાનું કામ સારી રીતે બજાવ્યું હતું. કેટલાક વાનપ્રસ્થ ગવર્નરો અને હિંદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર અમલદારો એ મંડળ આગળ જુદા જુદા વિષયો ઉપર નિબંધો અને વ્યાખ્યાનો વાંચતા હતા. આ ઉપરાંત દાદાભાઈ ઇંગ્લંડનાં જુદાં જુદાં શહેરોમાં જઈને વ્યાખ્યાનો આપતા, અનેક છાપાંઓમાં લેખો લખતા અને હિંદ વિશે સાચી માહિતી ફેલાવી અંગ્રેજ પ્રજાની સહાનુભૂતિ મેળવતા.

જે પેઢીના ભાગીદાર તરીકે એઓ વિલાયત ગયા હતા, તે કામાની પેઢીમાંથી પોતે ૧૮૬૨માં છૂટા થયા હતા, અને સ્વતંત્ર ધંધો કરવા લાગ્યા હતા. ૧૮૬૬માં એક પારસી વેપારીને મદદ કરવા જતાં એઓ ભારે આર્થિક આફતમાં આવી પડ્યા પણ એમની પ્રામાણિકતાથી એમના

લેણદારો ધીરજ ખમી ગયા અને બીજા મિત્રોએ નાણાં ધીર્યાં એટલે થોડા વખતમાં એમની મુશ્કેલી ટળી ગઈ અને ઈ. સ. ૧૮૬૯માં તેઓ પાછા મુંબઈ આવ્યા.

વિલાયતમાં એમણે હિંદની જે કીમતી સેવા બજાવી હતી, તે વિશે આભારની લાગણી દર્શાવવા મુંબઈમાં દરેક વર્ગના પ્રતિનિધિઓની એક જંગી સભા મળી હતી; અને તેમાં દાદાભાઈને માનપત્ર અને રૂ. ૩૦,૦૦૦ની થેલી અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ નાણાંનો એમણે જાહેર કાર્યમાં ઉપયોગ કર્યો. એમનું ચિત્ર ખુલ્લું મૂકવા માટે જે ફાળો ભેગો કરવામાં આવ્યો હતો, તેમાંથી તૈયાર કરાવેલું ચિત્ર છેક ઈ. સ. ૧૯૦૦માં ન્યાયમૂર્તિ રાનાડેને હાથે ખુલ્લું મુકાયું હતું.

દાદાભાઈ હિંદુસ્તાનમાં રહ્યા તે દરમિયાન તેમણે અહીંની પ્રજાને પોતાના હક્કોનું ભાન થાય અને તે બંધારણ-પુરઃસર લડત ચલાવે એ માટે દેશમાં ઠેરઠેર ફરીને વ્યાખ્યાનોની ઝડી વરસાવી અને આવી લોકજાગૃતિ કાયમ રહે માટે એકાદ રાજકીય સંસ્થા હોય તો સારું એમ માની ઈ. સ. ૧૮૬૯માં એમણે મુંબઈમાં ઇસ્ટ ઇંડિયા ઍસોસિયેશનની શાખા સ્થાપી, અને ફરી વિલાયતનો માર્ગ લીધો.

ઈ. સ. ૧૮૭૩ માં પાર્લમેંટે હિંદના જમાખર્ચની સ્થિતિની તપાસ કરવા એક સમિતિ નીમી હતી. તેના

પ્રમુખ મિ ફૉસેટ હતા. એટલે એ સમિતિ ફૉસેટ કમિટીને નામે પ્રસિદ્ધ થઈ. એ સમિતિ આગળ જુબાની આપતાં દાદાભાઈએ હિંદની પારાવાર ગરીબાઈનો સાચો ખ્યાલ આપ્યો અને જણાવ્યું કે બ્રિટિશ હિંદમાં માથાદીઠ વાર્ષિક આવક ફક્ત રૂપિયા વીસની જ છે, અને છતાં ત્યાં માથાદીઠ વાર્ષિક કર રૂપિયા ત્રણ ભરવાનો હોય છે. આ વસ્તુ રજૂ થતાંની સાથે જ એંગ્લો ઇન્ડિયન છાપાંઓ અને સરકારી અમલદારો તૂટી પડ્યા અને એને ખોટી ઠરાવવા જીવતોડ પ્રયત્ન કરવા લાગ્યા. દાદાભાઈએ એ બધાને ઢગલાબંધ આંકડાઓ આપી આપીને જવાબ વાળ્યા અને આખરે ઈ. સ. ૧૮૨૩માં હિંદી સરકારે એ વસ્તુ સ્વીકારી પણ ખરી. તે વખતના નાણામંત્રી સર એવેલિન બેરિંગે (પાછળથી લૉર્ડ ક્રોમરે) સરકારી તપાસને અંતે જાહેર કર્યું હતું કે બ્રિટિશ હિંદની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૨૭ જ છે. આ ઉપરાંત દાદાભાઈએ અમલદારોના મોટા પગારો, હિંદમાંથી દર વરસે વિલાયત ઘસડાઈ જતી જંગી રકમો અને દેશીઓને રાજ્યમાં ઊંચા દરજ્જાની જગ્યાઓ અપાતી નથી એ બાબતો તરફ એ સમિતિનું ધ્યાન ખેંચ્યું હતું.

ઈ. સ. ૧૮૭૪માં એઓ વડોદરાના દીવાન નિમાઈને હિંદુસ્તાન પાછા આવ્યા અને પ્રવર્તતી અંધાધૂંધીમાં વ્યવસ્થા આણવાનો ભગીરથ પ્રયત્ન તેમણે કર્યો પણ તે વખતના રેસિડન્ટની પ્રતિકૂળતા અને રાજ્યના કુટિલ કાવાદાવાને લીધે એઓ પોતાના કલ્પેલા બધા સુધારા

પાર ન ઉતારી શક્યા અને દીવાનપદનું રાજીનામું આપી ઈ. સ. ૧૮૭૫માં પાછા મુંબઈ આવી રહ્યા અને ત્યાંની મ્યુનિસિપાલિટીના સભ્ય બની બે વર્ષ શહેરની સેવા કરી.

પણ ત્યાર પછી લૉર્ડ લિટનનો જુલમી અમલ શરૂ થયો અને એથી દાદાભાઈનું મન ખૂબ ખિન્ન થઈ ગયું. એટલે એઓ જાહેર જીવનમાંથી ખસી ગયા. અને જ્યારે લૉર્ડ રીપન વાઇસરૉય થઈને આવ્યા ત્યારે ઈ. સ. ૧૮૮૧માં એમણે ફરી મુંબઈ કૉર્પોરેશનમાં પ્રવેશ કર્યો, અને ઈ. સ. ૧૮૮૫ સુધી શહેરની કીમતી સેવા બજાવી. એ જ વર્ષમાં મુંબઈના ગવર્નર લૉર્ડ રેએ એમને મુંબઈની ધારાસભામાં સભ્ય નીમ્યા. પણ ઈ. સ. ૧૮૮૫માં એઓ ઇંગ્લંડ જવા ઊપડી ગયા એટલે ધારાસભામાં તે લાંબો વખત રહી શક્યા નહિ. ઈ. સ. ૧૮૮૫માં મુંબઈ ખાતે મળેલી આપણી પહેલી રાષ્ટ્રીય મહાસભાના કામકાજમાં એમણે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દાદાભાઈ જ્યારે ઇંગ્લંડ પહોંચ્યા ત્યારે ત્યાં પાર્લમેંટની ચૂંટણીની ધમાલ ચાલુ હતી અને ત્યાંના લિબરલ પક્ષે એમને પણ પોતાના એક ઉમેદવાર તરીકે સ્વીકાર્યા હતા. પણ તે વખતે આયર્લેન્ડને હોમરૂલ આપવાના પ્રશ્ન ઉપર જ ચૂંટણીનો જંગ ખેલાયો હતો અને લોકમત લિબરલોની વિરુદ્ધ હતો એટલે લિબરલો ફાવ્યા નહિ અને દાદાભાઈ પણ ચૂંટાવા પામ્યા નહિ. આમ છતાં એમને ૧૯૫૦ જેટલા મત મળ્યા એ વાતે પણ સૌનું ખૂબ ધ્યાન ખેંચ્યું.

કલકત્તા ખાતે મળનાર બીજી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ તરીકે દાદાભાઈની પસંદગી થઈ. એટલે ૧૮૮૬ના અંતમાં એઓ હિંદુસ્તાન આવ્યા. મહાસભાનું કામ પતાવ્યા પછી એમણે પબ્લિક સર્વિસ કમિશન આગળ જુબાની આપી અને ત્યાર પછી ફરી વાર પાર્લમેંટમાં ચૂંટાવાના પ્રયત્નો કરવા એઓ ઇંગ્લંડ ઊપડી ગયા. પાંચ પાંચ વરસના ચાલુ પરિશ્રમને પરિણામે ઈ. સ. ૧૮૯૨માં એઓ સેન્ટ્રલ ફિન્સબરીના પ્રતિનિધિ તરીકે પાર્લમેંટમાં ચૂંટાયા. એમના આ વિજયના સમાચારથી આખા દેશમાં ભારે આનંદ અને ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

ઈ. સ. ૧૮૯૨ના ઑગસ્ટની ૯મી તારીખે એમણે પાર્લમેન્ટમાં પોતાનું પહેલવહેલું ભાષણ કર્યું અને તેની આખી સભા ઉપર સારી અસર પડી. ત્યારથી એમણે હિંદના હિતમાં અથાક પ્રયત્ન કરવા માંડ્યા. એમણે પાર્લમેન્ટના સભ્યોને હિંદની બાબતોમાં રસ લેતા કર્યા અને સર વિલિયમ વેડરબર્ન અને મિ. કેઈનની સહાયથી એમણે ઇંડિયન પાર્લમેન્ટરી કમિટીની સ્થાપના કરી. એ કમિટીએ ઘણાં વરસો સુધી હિંદની કીમતી સેવા બજાવી હતી. એઓ ચૂંટાયા તેને બીજે જ વરસે એમણે મિ. હર્બર્ટ પોલ મારફતે સિવિલ સર્વિસની પરીક્ષાઓ હિંદમાં અને ઇંગ્લંડમાં એકી સાથે થવી જોઈએ એવો ઠરાવ રજૂ કરાવ્યો. જોકે સરકારે તો એનો વિરોધ કર્યો હતો, પણ આમની સભાએ વધુમતે એ ઠરાવને પસાર કર્યો હતો.

લાહોરમાં મળનાર ૯મી મહાસભાના પ્રમુખ તરીકે એમની ચૂંટણી થઈ હતી એટલે ઈ. સ. ૧૮૯૩ની આખરમાં એઓ પાછા હિંદુસ્તાન આવ્યા. પાર્લમેંટના સભ્ય થયા પછી પહેલી જ વાર એઓ હિંદ આવતા હતા એટલે મુંબઈથી લાહોર સુધીના એમના પ્રવાસ દરમિયાન સ્ટેશને સ્ટેશને એમને બાદશાહી સ્વાગત મળ્યું અને આખા દેશની જનતાએ એમને પ્રેમથી નવડાવ્યા. લાહોરમાં તો લોકોએ એમની ગાડીના ઘોડા છોડી નાખ્યા અને જાતે ગાડી ખેંચી!

પાર્લમેન્ટના સભ્ય તરીકે અમણે કરેલાં કાર્યોમાં સૌથી મહત્ત્વનું કાર્ય તો હિંદના ખર્ચની તપાસ કરવા માટે શાહી કમિશન નિમાવવાનું કાર્ય હતું. ઈ. સ. ૧૮૯૬માં આ કમિશન નિમાયું અને ખુદ દાદાભાઈ પણ એના સભ્ય હતા. એ કમિશનના પ્રમુખ ઉપરથી એનું નામ વેલ્બી કમિશન પડ્યું છે. એ કમિશન આગળ દાદાભાઈએ પોતે પણ જુબાની આપી હતી અને કેટલાંક નિવેદનો પણ રજૂ કર્યાં હતાં. એ બધાનો સાર એ હતો કે ૧૮૩૩ના કાયદા દ્વારા હિંદુસ્તાન સુખી અને સમૃદ્ધ થાય એ માટે સરકારી નોકરીઓમાં પૂરો ભાગ માગવાનો અને દેશનાં નાણાં શી રીતે ખર્ચવાં એ બાબતમાં પોતાનો અભિપ્રાય આપવાનો હિંદીઓનો અધિકાર સ્વીકારવામાં આવ્યો હતો, આમ છતાં દેશનાં નાણાંનો વ્યય એ રીતે થતો નથી, અને પરિણામે દેશમાં દારિદ્ર્ય અને દુર્દશા પ્રવર્તે છે. પરદેશી માણસોને મોટે પગારે રોકવાની અને રાજકાજ

અને વેપાર માટે પરદેશી મૂડી લેવાની નીતિને પરિણામે, હિંદ બહાર લડાતી સામ્રાજ્યની લડાઈનાં ખર્ચ હિંદને માથે નાખવાને લીધે અને પરદેશી વેપારીઓને સગવડ આપવાને કારણે દેશ છેક પાયમાલ થઈ ગયો છે. આથી મારી સૂચના એવી છે કે હિંદ અને બ્રિટન વચ્ચે મીઠો સંબંધ જાળવવો હોય તો જે કામથી હિંદને અને બ્રિટનને બંનેને લાભ થાય એમ હોય એવાં કામનો ખર્ચ બંનેને માથે પડવો જોઈએ. જે લડાઈઓ આખા સામ્રાજ્યના હિત ખાતર લડાતી હોય તેનો મોટાભાગનો ખર્ચ બ્રિટને ઉપાડવો જોઈએ, અને રાજ્યની મોટી નોકરીઓ દેશીઓને આપવી જોઈએ.

ઈ. સ. ૧૮૯૫માં લિબરલ પક્ષને રાજીનામું આપી દેવું પડયું અને પછી જે ચૂંટણી થઈ તેમાં તેઓ ફાવ્યા નહિ. અને દાદાભાઈ પણ ચૂંટાવા પામ્યા નહિ. આ બનાવથી હિંદુસ્તાનમાં ભારે ગમગીની ફેલાઈ, પણ એમનો ઉત્સાહ મંદ પડયો નહિ.

ઈ. સ. ૧૮૯૬માં એમણે હિંદીઓને લશ્કરમાં અને નૌકાસૈન્યમાં દાખલ કરવા સામે જે પ્રતિબંધો હતા, તેનો વિરોધ કર્યો અને એ વિશે વૉર ઑફિસ અને નૌકાખાતા જોડે પત્રવ્યવહાર શરૂ કર્યો.

ઈ. સ. ૧૮૯૮માં એમણે ઈન્ડિયન કરન્સી કમિટી સમક્ષ બે નિવેદનો રજૂ કર્યાં અને તેમાં એમણે એવું પુરવાર કર્યું કે સોનાનું ચલણ દાખલ કરવાથી એકંદરે હિંદને કશો લાભ થવાનો નથી, પણ નુકસાન જ થવાનું છે.

ઈ. સ. ૧૯૦૧–૨ના અરસામાં એમણે પોતાના નિબંધો અને નિવેદનોમાંથી મહત્ત્વનાં લખાણો ચૂંટી કાઢી, તેનો સંગ્રહ 'પૉવર્ટી ઍંડ અન–બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' નામે પ્રસિદ્ધ કર્યો. એક વિષયને લગતા જુદે જુદે સમયે લખેલા લેખોનો સંગ્રહ હોવાને કારણે મૂળ પુસ્તકમાં પુનરુક્તિઓ ઘણી આવે છે. અને જો એમણે ગ્રંથ તૈયાર કરતી વખતે તે ટાળી હોત તો ગ્રંથ વધારે સંક્ષિપ્ત અને લક્ષ્યવેધી બનત. પણ એમની ઉત્તર વયમાં ૭૭–૭૮ વર્ષની વયે એ મહેનત લેતાં એમને થાક અને કંટાળો આવ્યો હોય એ તદ્દન સંભવિત છે. આમ છતાં આ પુસ્તક હિંદની આર્થિક સ્થિતિ સંબંધે માહિતીનો ભારે ભંડાર છે. આખા પુસ્તકમાં એમણે આ વાત ખૂબ ભાર-પૂર્વક રજૂ કરી છે કે હિંદુસ્તાનમાંથી દર વરસે ૩ કરોડ પાઉંડ બહાર ચાલ્યા જાય છે, એથી દેશની ગરીબાઈ દહાડે દિવસે વધતી જાય છે, અને અંગ્રેજોની રાજ્ય-વ્યવસ્થા એવી છે કે આ ધનના બદલામાં હિંદને એક પાઈનો પણ લાભ મળતો નથી. આનો ઉપાય એક જ છે. આજે હિંદમાં લખલૂટ પગારે જે ગોરા અમલદારોને રોકવામાં આવે છે, તેને બદલે જો હિંદીઓને જ રોકવામાં આવે તો જ આનો ઉપાય થાય.

એ પુસ્તક પ્રગટ થયા પછી કેટલેક વરસે એમણે એક પારસી પત્રના પ્રતિનિધિને આપેલી મુલાકાત દરમિયાન ઉચ્ચારેલાં વચન આ પુસ્તકના સાર રૂપ હોઈ અહીં તેનો સાર ઉતારીએ છીએ.

હમણાં હમણાં ઇંગ્લંડ અને હિંદનો સંબંધ એવો વિકટ થઈ ગયો છે કે હિંદની આર્થિક અને સાંપત્તિક સ્થિતિ ભારે ભયમાં આવી પડી છે. ઇંગ્લંડે હિંદ ઉપર કરેલા મહત્ત્વના ઉપકારોમાં અંગ્રેજી કેળવણી એક છે. એને માટે હિંદીઓ અંગ્રેજોનો સાચા અંતરથી આભાર માને છે. પણ અંગ્રેજોને લીધે હિંદને જે ગેરલાભો થયા છે તે એટલા બધા અને એવા મોટા છે કે આ લાભો તેના આગળ કશી વિસાતમાં નથી. ઇંગ્લંડ અને હિંદના સંબંધની શરૂઆતમાં જ અંગ્રેજોએ જે રાજ્યપદ્ધતિ શરૂ કરી તેનાં બે મુખ્ય લક્ષણ લાંચખોરી અને જુલમ હતાં. ધીમે ધીમે આમાં ઘટાડો થતો ગયો પણ આ પદ્ધતિ જ એવી હતી કે એને લીધે હિંદની સંપત્તિનો મોટો ભાગ વિલાયત પહોંચી ગયો. આજે પણ આ જ પરિસ્થિતિ ચાલુ છે. શરૂઆતમાં તો ૧૦–૨૦ લાખના નજરાણાથી આ પતી જતું હતું પણ આ દોઢ સો વરસના અમલ દરમિયાન આ શોષણ વધીને વાર્ષિક ૩ કરોડ પાઉંડે પહોંચ્યું છે. આ રકમ એવી મોટી છે કે એનું શોષણ દુનિયાના કોઈપણ દેશને ગરીબ અને પાયમાલ બનાવી દે. આજે હિંદીઓ જે દુઃખ વેઠી રહ્યા છે તેનાં મુખ્ય કારણો આ છે.

પહેલું, ઇંગ્લંડ પોતાની આપખુદ સત્તાથી સરકારી અમલદારોના પગાર પેટે દર વરસે ૨૦ કરોડ રૂપિયા ઉઠાવી જાય છે. આથી જે માણસો આ સંપત્તિ પેદા કરે છે તેને રોટલો મળવાનો તો આઘો રહ્યો પણ ઊલટા તેઓ પરદેશીઓના શિકાર થઈ પડે છે. આમ હિંદીઓની ધન-

સંપત્તિ તો જાય છે, પણ વધારામાં પોતાના દેશની સરકારી નોકરીમાંથી પણ તેઓનો બહિષ્કાર થાય છે. બધી જ મહત્ત્વની નોકરીઓ એને અપ્રાપ્ય થઈ પડી છે. આમ આ લૂંટણનીતિને પરિણામે હિંદીઓને ધનનું અને નોકરીનું એમ બેવડું નુકસાન થાય છે....આજે પણ હિંદમાં એવા હજારો માણસો પડયા છે જેમને હિંદનું ધન લૂંટવા જ મોકલવામાં આવ્યા છે, અને એ લોકો અહીંથી મળેલું ધન લઈને પોતાને દેશ ઊપડી જશે અંગ્રેજોના આ રોજ-બરોજ વધતા જતા આક્રમણને લીધે હિંદનો આમવર્ગ વધારે ને વધારે ગરીબ બનતો જાય છે. પરિણામે લાખો માણસો ભૂખમરાથી અને રોગથી મરી જાય છે, અને બીજા કરોડો માણસોને ગરીબાઈને કારણે પૂરતું ખાવાનું પણ મળતું નથી. હિંદુસ્તાનમાં દુકાળ પડવાનું કારણ એ નથી કે હિંદમાં અનાજ ઓછું પાકે છે, પણ એનું કારણ તો એ છે કે હીનભાગી હિંદીઓ પાસે અનાજ ખરીદવા જેટલા પણ પૈસા હોતા નથી. આ આપત્તિમાં અંગ્રેજી રાજ્ય-પદ્ધતિ વધારો કરે છે. હિંદમાંથી શોષાઈ ગયેલું ધન બ્રિટિશ મૂડી રૂપે પાછું અહીં આવે છે, પણ આવે છે તેના કરતાં અનેકગણું ધન અહીંથી ઘસડાઈ જાય છે. આ બ્રિટિશ મૂડી આપણા ખનીજ ખજાનાનો અને વનસંપત્તિનો લાભ ઉઠાવી સોનું, કોલસો, લોઢું વગેરે વસ્તુઓ ખોદી કાઢે છે અને એ રીતે નફારૂપે વળી વધારે સંપત્તિ અહીંથી લઈ જાય છે. અંગ્રેજ સરકાર અમલદારોના પગાર અને પેન્શન રૂપે જે ૨૦ કરોડ રૂપિયા લઈ જાય છે તે પણ

ગણીએ તો તે અને આ સોનું, લોઢું, કોલસા વગેરેમાંથી મળતો નફો મળીને એકંદરે ૩૦ લાખ પાઉંડ ઇંગ્લંડ દર વરસે હિંદમાંથી ઉઠાવી લઈ જાય છે. આ ભયંકર શોષણને પરિણામે હિંદ આજે છેક કંગાળ બની ગયું છે. અંગ્રેજો બે કે ત્રણ વર્ષમાં આપણે ત્યાંથી જેટલું ધન લૂંટી જાય છે તેટલું ધન તો અંગ્રેજો પહેલાં આપણા ઉપર ચડી આવેલા બધા વિજેતાઓની લૂંટનો સરવાળો કરીએ તેના કરતાં પણ વધી જાય એમ છે. આ ક્રૂર શોષણ ઉપરાંત અંગ્રેજો હિંદનું જે અપમાન કરે છે તે તો વધારામાં. જાતિ કે વર્ણના ભેદભાવ વિના હિંદીઓને બ્રિટિશ પ્રજાજન ગણવાનો જે કોલ આપ્યો હતો, જે ઢંઢેરો પીટયો હતો તેનું પૂરેપૂરું પાલન હજી ઇંગ્લંડે કર્યું નથી. હજી આજે પણ લોકની સંમતિથી કર નાખવાનો અને મહેસૂલના ખર્ચ ઉપર કાબૂ ધરાવવાનો જે મૂળભૂત હક્ક પ્રત્યેક અંગ્રેજ ભોગવે છે તે પણ હિંદુસ્તાનને ઇંગ્લંડે આપ્યો નથી. જ્યાં રાજ્યકર્તા પોતાની ઇચ્છા પ્રમાણે કર ઉઘરાવે છે અને ખર્ચે છે ત્યાં આપખુદ સત્તા વર્તે છે એમ જ કહેવાય. લોકોને ગુલામો જેવા ગણવામાં આવે છે, અને એથીયે ખરાબ તો એ છે કે આગણા રાજ્યકર્તાઓ પરદેશી છે. આને લીધે દેશને થતું નુકસાન અતિ ઘણું વધી જાય છે. કારણ જો દેશના જ માણસો લૂંટી જતા હોય તો તો લૂંટનું ધન કંઈ નહિ તોયે દેશમાં તો રહે છે જ, અને એ રાજ્ય ગમે તેવું હોય તો પણ લોકોને એને લીધે થોડો ઘણો તો લાભ થાય જ છે. અંગ્રેજી રાજ્યથી હિંદને

મોટામાં મોટું નુકસાન તો એ થાય છે કે હિંદમાંથી જે જાય છે તે સદાને માટે જ જાય છે અને પરિણામે અંગ્રેજી રાજ્યને લીધે હિંદને થતું નુકસાન અતિશય ભયંકર હોય છે. મૅકોલેનું કહેવું સાચું છે કે ભારેમાં ભારે ધૂંસરી પરદેશીની હોય છે. અંગ્રેજી મુત્સદ્દીઓએ પોતે પણ ઘણી વાર કહ્યું છે કે આ દુષ્ટ પદ્ધતિનાં ભયંકર પરિણામ ઇંગ્લંડે પણ વેઠવાનાં છે. લૉર્ડ સોલ્સબરીએ પોતે પણ કબૂલ કર્યું છે કે આટલી બધી વખણાયેલી અને સફળ નીવડેલી અંગ્રેજી પદ્ધતિ ખરું જોતાં તો ચૂસવાની અને રાજકીય છળકપટની જ નીતિ છે.

૧૯૦૫માં આમસ્ટરડામમાં ઇન્ટરનૅશનલ કૉંગ્રેસ ઑવ સોશિયલ ડિમોક્રૅટ્સનું અધિવેશન ભરાયું હતું, તેમાં હિંદના પ્રતિનિધિ તરીકે દાદાભાઈએ હાજરી આપી હતી અને હિંદમાં પ્રવર્તતી અંગ્રેજી રાજ્યની પદ્ધતિને વખોડી કાઢતા ઠરાવ ઉપર ભારે અસરકારક ભાષણ કર્યું હતું.

એ જ વર્ષે પાર્લમેન્ટની ચૂંટણી વખતે એમને લિબરલ પક્ષે પોતાના ઉમેદવાર તરીકે પસંદ કર્યા હતા પણ એ પક્ષમાં જ ફાટફૂટ પડવાને કારણે એ વિભાગમાં ભારે રસાકસી થઈ અને તેમાં દાદાભાઈ હારી ગયા.

આ જ અરસામાં લૉર્ડ કર્ઝનનો અમલ હિંદમાં ચાલતો હતો. બંગાળના ભાગલા થઈ ચૂકયા હતા અને દેશમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી. મહાસભામાં પણ નરમ અને ગરમ એવા બે પક્ષો પડી ગયા હતા.

અને મહાસભામાં ભંગાણુ પડવાની ધાસ્તી ઊભી થઈ હતી. આવે વખતે દેશનું સુકાન કુશળતાપૂર્વક સંભાળી શકે એવા પુરુષની શોધ કરવાની હતી અને આખરે દાદાભાઈ ઉપર આ જોખમદારીભર્યું કામ આવી પડ્યું. આમ ત્રીજી વાર એમને આ માન આપવાનું આખા દેશે એકમતે નક્કી કર્યું અને એઓ જ્યારે હિંદ આવવા ઊપડ્યા ત્યારે વિલાયતના મિત્રોએ એમને અનેક સભાઓમાં ભાવભરી વિદાય આપી અને એઓ જ્યારે મુંબઈ બંદરે ઊતર્યા ત્યારે ત્યાં પણ મોટી માનવમેદની એમને ઉમળકાભર્યો આવકાર આપવા ભેગી મળી હતી, આખું મુંબઈ શહેર શણુગારવામાં આવ્યું હતું અને જે જે રસ્તે થઈને એમની મોટર ગઈ તે તે રસ્તે એમનાં દર્શન કરવા માનવસાગર ઊલટ્યો હતો. કલકત્તામાં તો લોકોએ એમના ઉપર પ્રેમ વરસાવવામાં હદ જ કરી, અને દરભંગાના મહારાજાના મુકામે એમને ઉતારો અપાયો.

એ વખતનું એમનું પ્રમુખ તરીકેનું ભાષણુ એમના જિંદગીભરના અનુભવના અર્ક સમાન હતું. એમણે પોતાના દેશબંધુઓને બધા ભેદભાવો ભૂલી જઈ એકતા સાધી દેશકાર્યમાં મચી પડવાની હાકલ કરી – હિંદુ મુસલમાન તો હિંદ માતાની બે આંખો છે, એમણે તો સદા સલાહ-સંપથી જ રહેવું જોઈએ એવો બોધ આપ્યો અને હિંદની લડતનું ધ્યેય તો 'સ્વરાજ્ય' જ છે એવું એમણે દૃઢ અને ગુંજી ઊઠે એવા સ્વરે જ્યારે ઉચ્ચાર્યું ત્યારે સાચે

જ કોઈ ઋષિ નવો મંત્ર ઉચ્ચારતા હોય એવું ગાંભીર્ય પ્રવર્તી રહ્યું હતું. આજે પણ એ શબ્દ આપણું અંતિમ ધ્યેય વ્યક્ત કરવાને સમર્થ રહ્યો છે એ વસ્તુ દાદાભાઈની આર્ષદૃષ્ટિની શાખ પૂરે છે. એમના આ ઐતિહાસિક ભાષણના અંતમાં ઉચ્ચારેલા ખૂબ ભાવનાભર્યો અને ઉજ્જવલ દેશભક્તિથી ધબકતા શબ્દો આજે પણ પ્રેરણારૂપ થઈ પડે એવા છે :

"હવે મારા આયુષ્યનાં જે થોડાં વર્ષો બાકી રહ્યાં છે તેમાં હું કઈ કઈ શુભ વાતો જોવા પામવાનો છું એ તો હું કંઈ જાણતો નથી પણ મારી માતૃભૂમિ અને દેશબંધુઓ પ્રત્યે સ્નેહ અને ભક્તિનાં બે વચનો હું મૂકી જઈ શકું એમ હોય તો હું કહું કે એકતા સાધો, મંડ્યા રહો, અને સ્વરાજ્ય મેળવો કે જેથી આજે જે લાખો માણસો દારિદ્રથી, ભૂખમરાથી અને મહામારીથી મરણ પામે છે, અને જે કરોડો માણસો પૂરતા અન્નને અભાવે ભૂખમરો વેઠે છે, તેઓ બચવા પામે, અને હિંદ ફરી એક વાર જગતની સર્વશ્રેષ્ઠ સંસ્કૃત પ્રજાઓમાં પોતાનું પુરાણ કાળનું ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરે."

આ મહાસભાના પ્રમુખ તરીકેનું કામ બજાવવામાં પડેલા શ્રમે એમના ૮૨ વર્ષની વયના શરીર ઉપર અસર કરી હતી. અને આથી જોકે એઓ મહાસભા પૂરી થતાં લંડન ઊપડી ગયા હતા છતાં ત્યાં તબિયત બગડતાં ડૉક્ટરોએ એમને પાછા હિંદ પહોંચી જવાની સલાહ

આપી. એ મુજબ એઓ પાછા હિંદ આવી રહ્યા અને મુંબઈ પાસે વરસોવામાં નિવૃત્ત જીવન ગાળવા લાગ્યા.

આ પછી એઓ રાજકારણમાં સક્રિય ભાગ લેતા નહોતા પણ દેશ અને દુનિયાની હિલચાલ ઉપર નજર રાખી દર વરસે મહાસભાને પોતાનો સંદેશો મોકલ્યા કરતા. વરસમાં એક વાર આખો દેશ એમની વર્ષગાંઠને દિવસે એમનાં ગુણગાનથી અને એમના દીર્ઘાયુષની પ્રાર્થનાથી ગાજી રહેતો અને એઓ પણ એ દિવસે પોતાના દેશબંધુઓને કંઈક નવો સંદેશો આપતા.

એમની ૯૧મી વરસગાંઠ આખા દેશમાં ભારે સમારોહપૂર્વક ઊજવાઈ હતી. એ પછી એમણે પોતાનો કીમતી ગ્રંથસંગ્રહ બૉમ્બે પ્રેસિડન્સી એસોસિયેશનને ભેટ આપી દીધો. ઈ. સ. ૧૯૧૬માં મુંબઈ યુનિવર્સિટીએ એમને ડૉકટર ઑવ લૉઝની માનદ પદવી એનાયત કરી.

એમનું વય નેવું ઉપર થઈ ગયું હતું, શરીર નબળું પડતું જતું હતું અને એમને પોતાને પણ મરણને આવકારતાં કોઈ જાતનો અસંતોષ રહી જાય એવું રહ્યું નહોતું. ૧૯૧૭ના જૂનની ૧લી તારીખે એમની ગંભીર માંદગીના સમાચારે આખા દેશમાં ગમગીની ફેલાવી દીધી. તરત જ એમને મુંબઈ લાવવામાં આવ્યા. ત્યાં ઉત્તમોત્તમ ડૉક્ટરોએ ઉપચાર કરવા માંડ્યા પણ જ્યાં આયુ ખૂટયું હોય ત્યાં ઉપચાર શું કરે? આખરે ૩૦મી જૂનના શાંત સંધ્યાસમયે એમણે શાંતિપૂર્વક દેહ છોડ્યો.

## પરિશિષ્ટ

# દાદાનાં પુણ્ય સ્મરણો

આ શાળાની* સાથે જેમનું પુનિત નામ જોડેલું છે, તે હિંદના દાદા દાદાભાઈ નવરોજીની આજે પુણ્યતિથિ છે. એ પ્રસંગે આપણે એમના ચરિત્રને સંભારી આપણા જીવનને સમૃદ્ધ કરવા પ્રયત્ન કરીએ એ સર્વથા ઉચિત છે.

એમને વિશે વિચાર કરતાં એક પ્રશ્ન એ જાગે છે કે આપણા આખા દેશે એમને દાદા કેમ કહ્યા હશે? કુટુંબમાં દાદા જેમ નાનાં મોટાં સૌ ઉપર પ્રેમ વર્ષાવે છે, બધાં વચ્ચે સુમેળ જાળવે છે, સૌની સંભાળ રાખે છે, અને આખા કુટુંબમાં એક પ્રકારની સ્નેહની સરસતા પ્રસારે છે તેમ એમણે સદા પોતાના દેશબંધુઓના હિતની ચિંતા સેવી, સૌ પક્ષો વચ્ચે સુમેળ રહે એ માટે પોતાનો પ્રભાવ વાપર્યો, અને રાજા અને પ્રજાનો સંબંધ સ્નેહ-ઔદાર્યભર્યો રહે એ માટે પ્રયત્નો કર્યા, એ કારણે તો દેશે એમને આ મહામૂલું ઉપનામ નહિ આપ્યું હોય? એ ગમે તેમ હોય, પણ એમાં જે આદર, જે શ્રદ્ધા, જે ભક્તિ સમાયેલાં છે, એને તેઓ પૂરેપૂરા પાત્ર હતા. એમનું ચરિત્ર સાચે જ પાવનકારી હતું. એ ચરિત્રમાંથી આજે આપણે થોડા પ્રસંગો સંભારીશું.

---

* તા. ૩૦-૬-૫૦ ને રોજ આણંદની દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલમાં કરેલું પ્રવચન. આમાંની બધી માહિતી શ્રી રુસ્તમજી મસાણીએ લખેલા પ્રમાણભૂત ચરિત્રને આધારે લેવામાં આવી છે.

સૌ કોઈ જાણે છે કે એમનો જન્મ ૧૮૨૫ માં મુંબઈ શહેરમાં થયો હતો. એમના જન્મ પહેલાં એમનાં માતપિતા નવસારીથી મુંબઈ આવી રહ્યાં હતાં. ખૂબ ગરીબીમાં એઓ ઊછર્યા હતા. ચાર વર્ષના થયા ત્યાં તો એમના પિતાનું અવસાન થયું. પણ એમનાં બાહોશ માતાએ ખૂબ કાળજીપૂર્વક પુત્રને ઉછેર્યો અને ભણાવ્યો. ખુદ દાદાભાઈએ કહેલું છે કે મારા જીવનને ઘડનારા મારી માતા છે.

એમના પિતાની એટલે એમની પણ અટક દોરડી હતી. આપણામાં કહેવત છે કે દોરડી બળે પણ વળ ન મૂકે. અને સાચે જ દાદાભાઈ એવા હતા. છેક નાનપણથી એઓ દૃઢ સંકલ્પબળ ધરાવતા હતા. એમની માતાના કહેવા મુજબ જ્યારે કોઈ છોકરો અપશબ્દો બોલતો ત્યારે દાદાભાઈ તેને કહેતા કે 'તારા અપશબ્દો તારા મોંમાં જ રહેશે.' દાદાભાઈ પોતે લખે છે: "હું લગભગ પંદરેક વર્ષનો હતો ત્યારે મારો આત્મા જાગ્રત થયો. જાણે ગઈ કાલે જ બન્યું હોય એમ મને બરાબર યાદ છે કે અમુક રસ્તા ઉપર અમુક ઠેકાણે મેં અપશબ્દો ન બોલવાની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યાર પછી જેમ જેમ મારું શિક્ષણ વધતું ગયું તેમ તેમ અમુક કરવાના અને અમુક ન કરવાના નિશ્ચયો થતા ગયા, અને હું ધારું છું કે હું તેમને નિષ્ઠાપૂર્વક વળગી રહ્યો હતો, એમ કહી શકું એમ છું."

આ ઉપરથી લાગે છે કે ગાંધીજીની પેઠે દાદાભાઈ પણ પોતાના જીવનઘડતરમાં નિશ્ચયો અને પ્રતિજ્ઞાઓનો

ઠીક ઠીક ઉપયોગ કરતા હશે. એક બીજો પ્રસંગ એમણે નોંધેલો છે તે જાણવા જેવો છે.

"હું બાળક હતો ત્યારે જમવા પહેલાં મને થોડો દારૂ પીવાની ટેવ હતી. એક દિવસ એવું બન્યું કે ઘરમાં દારૂ નહોતો, એટલે મને પીવા માટે સામેના પીઠામાં મોકલવામાં આવ્યો. પીઠામાં પહોંચ્યા પછી મને એવી તો શરમ લાગી અને મને એટલી તો નાનમ લાગી કે ફરી કદી હું પીઠામાં ગયો નથી."

આ એમનો દૃઢ નિશ્ચયી સ્વભાવ જીવનભર કાયમ રહ્યો હતો. એમણે વિલાયતની પાર્લમેન્ટમાં ચૂંટાવાના પ્રયત્નો શરૂ કર્યા ત્યારે પહેલાં તો એમને ઉપરાઉપરી હાર મળી, પણ તેનાથી લેશ પણ હતાશ થયા વગર એઓ પોતાના નિશ્ચયને વળગી રહ્યા અને છેવટે ચૂંટાયા. વડોદરાના મલ્હારરાવ ગાયકવાડ સાથેના પ્રસંગમાં એમનો આ સ્વભાવ બરાબર વ્યક્ત થાય છે. દાદાભાઈ વડોદરાના દીવાન હતા તે દરમ્યાન મલ્હારરાવના કારભારની તપાસ કરવા સરકારે એક સમિતિ નીમી હતી અને તેણે પોતાના હેવાલમાં મલ્હારરાવના કારભાર ઉપર અનેકવિધ આક્ષેપો કર્યા હતા. એનો જવાબ દાદાભાઈએ પોતાને યોગ્ય લાગ્યું એ રીતે તૈયાર કર્યો. પણ મહારાજાના જૂના દરબારીઓએ તેના ઉપર મહારાજાને સહી કરવા ન દીધી. તેમણે બધા આક્ષેપોનો રદિયો અપાવો જોઈએ એવો આગ્રહ રાખ્યો. મહારાજા પણ એમાં ભળ્યા. પણ દાદાભાઈ

પોતાના નિશ્ચયને વળગી રહ્યા. એટલે મહારાજાએ હું રદિયો તૈયાર કરું છું, એવી મતલબનો જવાબ મોકલ્યો અને તે એવી આશાએ કે હવે દાદાભાઈ રદિયો તૈયાર કરી આપશે. પણ એ આશા વ્યર્થ નીવડી. દાદાભાઈ એકના બે ન થયા. મહારાજા પણ મક્કમ હતા. છેવટે દાદાભાઈએ મહારાજાને કહ્યું, "મહારાજ, મારું નામ 'દોરડી' છે. આપ નામદારને ખબર છે કે દોરડી બળે પણ વળ ન મૂકે. મારું પણ એવું જ છે. એક વાર મેં એક નિર્ણય કરી લીધો એટલે કોઈ પણ વસ્તુ મને તેમાંથી ચળાવી શકતી નથી." અને મહારાજા પણ ચળાવી ન શક્યા. દાદાભાઈ રાજીનામું આપવા તૈયાર થયા. અંતે મહારાજાને તેમની સલાહ સ્વીકારવી પડી.

*

અભ્યાસ પૂરો કર્યા પછી થોડાં વર્ષ એમણે અધ્યાપન કાર્ય કર્યું હતું. પ્રોફેસર થનાર પહેલા હિંદી એઓ જ હતા. [એટલું જ નહિ, લંડનની યુનિવર્સિટી કૉલેજમાં પણ એમણે દસ વર્ષ સુધી (૧૮૫૬ થી ૧૮૬૫–૬) ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું હતું.] પણ પાછળથી તેઓ વેપારમાં પડ્યા. ત્રણ મિત્રોએ મળી વિલાયતમાં એક પેઢી શરૂ કરી. એ જ પહેલી હિંદી પેઢી હતી. એમણે એવો ઠરાવ કર્યો હતો કે જેને વિશે ત્રણે જણ એકમત ન હોય એવું કોઈ પગલું લેવું નહિ. અને જ્યારે મતભેદ પડે ત્યારે મુંબઈની મુખ્ય પેઢીને પુછાવવું. દાદાભાઈ પોતે એમ માનતા હતા કે અમારી પેઢીની સફળતા ઉપર બધા

હિંદીઓની વેપારી સફળતાનો આધાર છે. એ પેઢીની શાખ અને વિશ્વાસપાત્રતા ઉપર હિંદના વેપારના ભાવિ વિકાસનો આધાર રહેવાનો છે. એમના એક સાથી ખરશેદજી કામા પણ એવા જ મતના હતા. પણ એમની આવી આદર્શની વાતોથી ત્રીજા સાથી મંચેરજી કામા ભડકતા હતા.

એક વાર એવું બન્યું કે મુંબઈની કોઈ પેઢી માટે એમણે જે કારખાનાવાળાને સીવવાના દોરાની વરદી આપેલી હતી તેણે પૂરાં પાડેલાં રીલ પૂરા માપનાં નથી એવો દાદાભાઈને વહેમ ગયો એટલે એમણે મધરાત સુધી ઉજાગરો કરી રીલ ઉખેળીને માપી જોયાં તો જેના ઉપર 'સો વાર' લખ્યું હતું તેમાંથી ફક્ત એંસી વાર જ દોરો નીકળ્યો. આથી દાદાભાઈ એ પોતાના સાથીઓને કહ્યું, "આપણે આ રીલ પાછાં કાઢવાં પડશે."

"કેમ?" મંચેરજીએ પૂછ્યું.

"કારણ એમાં દોરો ઓછો છે."

"એની સાથે આપણને લેવા દેવા નથી. આ ઘટ કંઈ નવી નથી. જે પેઢીએ માલ મંગાવ્યો છે તેને વાંધો હોય તો તે નુકસાનીનો દાવો નોંધાવે."

પણ દાદાભાઈ પોતાની વાતને વળગી રહ્યા. "તમારું કહેવું કદાચ ખરું હશે, પણ દોરો ઓછો છે એ જાણ્યા પછી, હું આ સોદામાં સાથ કેવી રીતે આપી શકું?"

ખરશેદજી દાદાભાઈના પક્ષમાં હતા, મુંબઈની મુખ્ય પેઢીને પૂછવામાં આવ્યું. ત્યાંથી તરત જ હુકમ આવ્યો કે

ઘટ વિશે કશી લપ્પન છપ્પન કરવી નહિ. દાદાભાઈ આને માટે તૈયાર હતા. પણ તેમણે જોઈ લીધું કે કરાર પૂરો થાય ત્યાર પછી આ ભાગીદારી ચાલુ રાખવી ઇષ્ટ પણ નથી અને વહેવારુ પણ નથી.

આ પેઢી જે વસ્તુઓનો વેપાર કરતી હતી તેમાં દારૂ, અફીણ વગેરેનો પણ સમાવેશ થતો હતો. દાદાભાઈને આ ખટક્યું. જે વસ્તુ હજારો માણસોનાં જીવનને પાયમાલ કરે છે, તેના વેપારમાંથી મળેલો નફો શી રીતે લેવાય? એટલે તેમણે પોતાના સાથી ખરશેદજી કામાને પત્ર લખીને જણાવી દીધું કે આ વસ્તુઓના વેપારમાંથી મળતા નફાનો ભાગ ન લેવાનો મેં નિર્ણય કર્યો છે. જવાબમાં કામાએ લખ્યું :

"સરકાર કૉલેજના પ્રોફેસરો અને બીજા અમલદારોના પગારનાં નાણાં ક્યાંથી લાવે છે, તે તું મને કહેશે? તેં પ્રોફેસર તરીકેનો તારો પગાર અફીણ અને દારૂના વેપાર ઉપરની જકાતનાં નાણાંમાંથી નહોતો લીધો? તું વેપાર છોડી દે અને પાછો સરકારી નોકરીએ ચડી જાય તો જે વેપાર તને ખૂચે છે, તેના ઉપરની પાપી જકાતનાં નાણાં-માંથી જ તું પાછો પગાર લેશે કે નહિ? જો આપણી પેઢી અફીણનો વેપાર બંધ કરે તો તેથી એનો વેપાર અટકી જવાનો છે? તું જેનો નિષેધ કરે છે તે વસ્તુનો વેપાર બીજા નહિ કરે?"

પણ એની દાદાભાઈ ઉપર કશી અસર ન થઈ. આ

બધાનું પરિણામ એ આવ્યું કે તેમણે કામા પેઢી સાથેનો સંબંધ તોડી નાખ્યો.

એ પછી એમણે સ્વતંત્ર વેપાર શરૂ કર્યો, અને નીતિ સાચવીને પણ વેપારમાં સફળતા મેળવી શકાય છે, એ વાત સાબિત કરી આપી. આ સમયનો એક પ્રસંગ જાણવા જેવો છે.

એક દિવસ એક ઓળખીતા દાદાભાઈને મળવા આવ્યા. તેમને મુંબઈની કોઈ પેઢી માટે ચીન સાથે વેપાર કરવા સારુ ચાર મોટાં જહાજ જોઈતાં હતાં. તેમણે દાદાભાઈ મારફતે આ વરદી આપવાનો વિચાર રાખ્યો હતો.

દાદાભાઈએ ટેન્ડર મંગાવ્યાં. એક પેઢીના ટેન્ડરમાં એક વિગત એવી હતી કે "દાદાભાઈની પેઢીને ૫ ટકા લેખે કમિશન" એ ટેન્ડર ઓછામાં ઓછું નહોતું, પણ જો આ કમિશન કાઢી નાખવામાં આવે તો ઓછામાં ઓછું થાય. દાદાભાઈએ એ પેઢીના માણસને બોલાવ્યો.

"આ રકમનો શો અર્થ ?"

"એ તો અહીંનો રિવાજ છે. જેમની મારફતે અમને કામ મળે છે તેમને અમે અમુક ટકા આપીએ છીએ."

"જો એ સામાન્ય રિવાજ હોય તો બીજી પેઢીઓના ટેન્ડરમાં એ કેમ નથી ?"

"તેમણે એ રકમ ખુલ્લી ન બતાવી હોય તો કોઈ બીજા ખર્ચમાં ગણી હશે."

"પણ, તો તો અમે આ ટેન્ડર સ્વીકારી જ ન શકીએ. તમે જો અમને કમિશન આપો તો પછી અમે તમારા કામ ઉપર બરાબર દેખરેખ શી રીતે રાખી શકીએ? ખરીદનાર પેઢી મને દેખરેખ રાખવા બદલ નાણાં આપે છે. મારાથી વેચનાર પાસે પણ કમિશન ન લેવાય!"

પેલો કશો જવાબ આપી ન શક્યો.

"તમારે આ રકમ કાઢી નાખવી જ જોઈએ, જો તમારે તમારું ટેન્ડર સ્વીકારાવવું હોય તો."

પેલાએ તે રકમ કાઢી નાખી, પણ પછી દાદાભાઈની દેખરેખને કારણે, આપવા ધારેલા કમિશન કરતાં તેમને ત્રણ ગણો વધારે ખર્ચ વેઠવો પડ્યો!

*

મિત્રધર્મ બજાવવામાં પણ એઓ આવા જ દૃઢ હતા. એમના એક મિત્ર વિલાયતમાં વેપાર કરતા હતા. પણ સટ્ટાના ચડસમાં નાદારીની હદે પહોંચી ગયા હતા. દાદાભાઈને વાતની જાણ થતાં તેમણે એને મદદ કરવા કમર કસી. મિત્રોની ચેતવણીની ઉપેક્ષા કરીને તેઓ પેલા મિત્રના જામીન થયા. તેને ૩૦ હજાર પૌંડની ખોટ ગઈ હતી અને લગભગ નાદાર થઈ ગયો હતો. લેણદારો તો દાદાભાઈ ઉપર તગાદો કરવા લાગ્યા અને તેમણે મિત્રને બચાવવા પોતાની પેઢીને ખાડામાં ઉતારી.

એવો જ બીજો દાખલો મુંબઈના કરસનદાસ માધવજીને મદદ કર્યાનો છે. શેર સટ્ટાના વંટોળના જમાનામાં પણ દાદાભાઈ એ શેઠને ધીરતાં અચકાતા નહિ. એક વાર એ શેઠ મુસીબતમાં આવી પડયા અને તેમણે દાદાભાઈ પાસે ૬૦ હજાર પૌંડની હૂંડી સ્વીકારવાની માગણી કરી. દાદાભાઈના એક મિત્રને આ વાતની ગંધ આવતાં તેમણે દાદાભાઈને મુંબઈથી પત્ર લખ્યો અને ચેતવ્યા. પણ તે પત્ર મળે તે પહેલાં તો દાદાભાઈ હૂંડી સ્વીકારવાનું વચન આપી ચૂકયા હતા. અને તેમણે પોતાનું વચન પાળ્યું પણ ખરું.

આ બધાને લીધે દાદાભાઈની પેઢી તૂટી પણ તેમની પ્રામાણિકતાને કારણે તેમની શાખ એવી બંધાયેલી હતી કે તેમના લેણદારોએ તેમને બધા દેવામાંથી મુક્ત જાહેર કર્યા અને પેઢીને ફડચામાં લઈ જવાના વિધિ માટે પણ તેમને જ રોકયા. ઉપરાંત તેમણે એમને ફરી વેપાર જમાવવા માટે નવેસરથી નાણાં પણ ધીર્યાં.

*

ચૂંટણીમાં કેવા કાવાદાવા અને અપ્રામાણિકતા ચાલે છે, એ આપણે જાણીએ છીએ. પણ દાદાભાઈ આ બાબતમાં કેવા ચોખ્ખા હતા એ નીચેના પ્રસંગ ઉપરથી સમજાશે.

વિલાયતના ઘણા ગરીબ મતદારોમાં એવો ભ્રમ પેદા થયો હતો કે દાદાભાઈ લક્ષાધિપતિ છે, કારણ તેમણે

પોતાની ચૂંટણીનો ખર્ચ જાતે જ વેઠવાનું નક્કી કર્યું હતું. આને લીધે એમની પાસે મદદની ઘણી માગણીઓ આવતી હતી. ઘણીવાર તો એઓ પોતાની અશક્તિ જણાવતા અને જેમને મદદ આપતા તેમની સાથે એવી શરત કરતા કે તેમણે એમને માટે પ્રચાર કરવો નહિ કે કોઈ મતદારને એમને મત આપવા સમજાવવો નહિ. એક કામદારને લખેલા પત્રમાંનો નીચેનો ઉતારો જોવા જેવો છે :

"જો હું તમને નાણાં ધીરું તો મારે ચૂંટણી વખતે તમારી કોઈ પણ પ્રકારની મદદ લેવાનું જતું કરવું જોઈએ. આ તમારે સ્પષ્ટ સમજી લેવું રહ્યું."

*

હવે એક પ્રસંગ એમના કૌટુંબિક જીવનને લગતો.

દાદાભાઈનાં માતાએ અગિયાર વર્ષે એમનાં લગ્ન કરી નાખ્યાં હતાં. તે વખતે કન્યા ગુલબાઈની ઉમ્મર ૭ વર્ષની હતી. પાછળથી દાદાભાઈ તો પ્રોફેસર થયા અને ગુલબાઈ તો નિરક્ષર હતાં. વળી દેખાવડાં પણ નહોતાં. દાદાભાઈએ તેમને ભણાવવાનો પુષ્કળ પ્રયત્ન કરી જોયો, પણ તેમણે ભણવાની વૃત્તિ જ બતાવી નહિ. છેવટે દાદાભાઈએ પોતાનું મન વાળી લીધું અને પોતાનાં પત્નીને બને એટલાં સુખી કરવા સદા મધુર વ્યવહાર રાખતા રહ્યા. પણ માણેકબાઈને થયું કે આવી કન્યા સાથે પરણાવીને મેં મારા દીકરાનો ભવ બગાડ્યો. આ બગડી બાજી હવે સુધારી ન શકાય? દાદાભાઈને એક પુત્ર પણ થઈ ચૂક્યો

હતો, છતાં માણેકબાઈને લાગ્યું કે હજી બાજી છેક હાથથી ગઈ નથી. પારસીઓમાં એક ઉપર બીજી કરવી એ નિંદ્ય ગણાય છે, છતાં અમુક અપવાદરૂપ દાખલાઓમાં ન્યાતના આગેવાનો એવી રજા આપતા હતા, આથી માણેકબાઈએ પુત્રને બીજી વાર પરણવાનો આગ્રહ કરવા માંડ્યો. પણ દાદાભાઈએ સ્વાભાવિક રીતે જ આ ઘૃણાજનક સૂચનાને કાને ધરી નહિ.

માતાને ખૂબ દુઃખ થયું. દાદાભાઈને પણ માતાને દૂભવ્યાનું દુઃખ થયું, પણ પોતે જેને ખોટું માનતા હતા તેવું કામ કરવાનું તેમનાથી બને એમ નહોતું. મામા મારફતે એમના ઉપર દબાણ આવ્યું. છતાં એઓ પોતાના નિશ્ચયમાં મક્કમ રહ્યા. જ્યારે માણેકબાઈએ ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે દાદાભાઈએ તેમને કહ્યું, "માયજી, ગુલબાઈની જગ્યાએ હું હોઉં, અને તેમનામાં જે ખોડો છે તે બધી મારામાં હોય, તો તમે ગુલબાઈને મારા ઉપર બીજો ધણી કરવાનું કહો ખરાં?"

બસ, ત્યાર પછી માણેકબાઈએ કદી આ વાત કાઢી નહિ.

દાદાભાઈ બીજી વાર વિલાયત ગયા ત્યારે આ પરિસ્થિતિ હતી. વિલાયતમાં એઓ રહેતા હતા તે ઘરની સામે એક ડૉક્ટર રહેતા હતા. તેમને ત્રણ દીકરી હતી. ત્રણે ભણેલી ગણેલી અને હોશિયાર હતી. દાદાભાઈ વારંવાર તેમને ત્યાં જતા. મંચેરજી કામાને આ અસહ્ય

લાગ્યું. દાદાભાઈ તો ખ્રિસ્તી થઈ ગયા છે અને કોઈ મડમને પરણવાના છે એવી વાતો વહેતી મુકાઈ. એ વાત ઊડતી ઊડતી મુંબઈમાં માણેકબાઈને કાને આવી. તેમનો તો જીવ ઊડી ગયો. ગુલબાઈ પણ સમસમી ગયાં. આ આપત્તિએ એ સાસુ વહુના જીવ એક કર્યા. બંને સમદુઃખી હતાં. માણેકબાઈએ દાદાભાઈ ઉપર એક અત્યંત આજીજી-ભર્યો પત્ર લખાવ્યો. તેમાં લખાવ્યું:

"મેં તને ફરી પરણવાને આટઆટલું સમજાવ્યો પણ તેં મારી વાત સાંભળી નહિ, અને હવે તું મડમને પરણીને આખા કુટુંબને બટ્ટો લગાડવા તૈયાર થયો છે!"

આ પત્ર જ્યારે દાદાભાઈને મળ્યો ત્યારે તેમને ભારે આઘાત લાગ્યો. આમાં કેવળ એમના સ્વમાનનો જ નહીં, એમનાં માતા અને પત્નીનાં સુખ અને શાંતિનો પણ સવાલ હતો. તેઓ સીધા પી. ઍન્ડ ઓ. કંપનીની ઑફિસે ગયા અને મુંબઈની ટિકિટ કઢાવી.

૧૮૬૩ ના સપ્ટેમ્બરની ૯ મી તારીખે મધરાતના બાર વાગ્યા હતા. દાદાભાઈના મુંબઈના ઘરનાં બારણાં કોઈએ ખખડાવ્યાં. માણેકબાઈ અને ગુલબાઈ તો ભર ઊંઘમાં હતાં પણ કુટુંબના એક મિત્ર જેવા માણસ ઘરકામ સંભાળતા હતા તે બારણું ઉઘાડવા દોડી ગયા.

"કોણ છે?"

"એ તો હું દાદાભાઈ."

" શું ? બદમાશ, દાદાભાઈનું નામ લેતો આવ્યો છે ? તે તો વિલાયત છેઃ નીકળ અહીંથી, નહિ તો હાડકાં રંગાઈ ગયાં જાણજે."

"માકુ," નવા આવનારે નમ્રસ્વરે એ માણસને નામ દઈને બોલાવતાં કહ્યું, "ભલો થઈને બારણું ઉઘાડ."

માકુએ આ પરિચિત અવાજ એકદમ ઓળખ્યો અને આનંદમાં આવી જઈને તેણે બારણાં ઉઘાડી નાખ્યાં. દાદાભાઈ અને માકુ એકબીજાને ભેટી પડયા. પછી તો દાદાભાઈ પોતાની માને મળ્યા અને પત્નીને પણ મળ્યા. બધાંની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

થોડી વારમાં જ દાદાભાઈએ બધી ગેરસમજ દૂર કરી દીધી. માતાને ખાતરી થઈ કે પોતાના દીકરાનું ચારિત્ર્ય નિષ્કલંક છે. ગુલબાઈને પણ ખાતરી થઈ કે પોતાના પતિ એકનિષ્ઠ છે. આખા ઘરમાં સુખ અને શાંતિની સૌરભ ફેલાઈ ગઈ.

*

એમના કૌટુંબિક જીવનને લગતી બીજી પણ એકબે ઝીણી વાતો નોંધવાનું મન થાય છે.

દાદાભાઈ વિલાયત રહેતા એટલે અહીં મુંબઈમાં એમના કુટુંબની બધી દેખરેખ દાદીના કરીને એક મિત્ર રાખતા હતા. દાદીનાના એક પુત્ર સાથે એમની પહેલી

પુત્રી શીરીનનાં લગ્ન થયાં હતાં અને દાદાભાઈના પુત્ર અર્દી સાથે દાદીનાની પુત્રી વીરનું વાગ્દાન થયેલું હતું. અર્દી કંઈક ઉડાઉ અને નફ્ફટ હતો. બંદૂકનો તેને ખૂબ શોખ હતો. એક બે વાર એણે અકસ્માત પણ કરેલા. આ બધાને કારણે દાદીનાને વારંવાર દાદાભાઈને ફરિયાદ પણ કરવી પડતી. આવા એક પત્રમાં એ લખે છે :

"છોકરાંઓની જરૂરિયાતો વધતી જાય છે એટલે હું જેટલી કરકસર કરું એટલી ઓછી છે. શીરીન તો મને ચોખ્ખો મારવાડી કહે છે....અર્દીને પણ લાગે છે કે ત્રણ રૂપિયા તેને પૂરતા નથી પણ એને જોઈતું બીજું બધું હું જુદું આપું છું એટલે એનું ખિસ્સાખર્ચ વધારવાનું મને કોઈ કારણ દેખાતું નથી."

પણ દાદાભાઈએ ખિસ્સાખર્ચ પાંચ રૂપિયા કરી આપ્યું. જોકે સાથે સાથે લખ્યું કે,

"આટલે દૂર રહ્યો રહ્યો હું તમને કુટુંબની જરૂરિયાતો વિશે સલાહ ન આપી શકું. તેમ છતાં એટલું કહું છું કે આપણે પાથરણું જોઈને પગ લંબાવવા. અર્દી અને બાળકો આ માગે અને તે માગે, અને લોકો આગળ મોટા દેખાવાનો પ્રયત્ન કરે એ સમજી શકાય એવું છે. પણ એ નહિ ચાલે....અત્યારે એમણે એ રીતે રહેવું જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ વસ્તુ દુ:ખપૂર્વક છોડવાનો વારો ન આવે."

આમાં આપણે તરુણોને સમજવાની ઉદારતા અને સાથોસાથ સાદાઈ માટેનો આગ્રહ બંને જોવા પામીએ છીએ. આ જ ઉદાર વલણ અદીના લગ્ન બાબતમાં પણ એમણે લીધું હતું. અદી માનું કહ્યું માનતો નહોતો એટલે એ વચ્ચે હમેશાં ખેંચતાણ ચાલ્યા કરતી હતી. આથી પોતે સુખશાંતિથી રહી શકે એ ખાતર તે પરણી જવા તૈયાર થયો. આ સમાચાર જ્યારે દાદાભાઈને મળ્યા ત્યારે તેમણે દાદીનાને લખેલો પત્ર નીચે ઉતાર્યો છે:

"મેં અદીને લખ્યું છે કે તું છેલ્લી પરીક્ષા આપે ત્યાં સુધી ન પરણવા માટે મેં તને સમજાવ્યો છે, તેમ છતાં જો તારી ઇચ્છા લગ્ન લંબાવવાની ન હોય તો તને રુચે તેમ કરજે. તમે જાણો છો કે હું લગ્નના નકામા ખર્ચની વિરુદ્ધ છું. તેમ એવા ખર્ચ કરવાની મારી ગુંજાશ પણ નથી....મારી ગુંજાશ હોય તો પણ હું લગ્નના એવા ખર્ચ ન કરું. તમે આ વિશે અદી સાથે વાતચીત કરજો અને તમને બંનેને ઠીક લાગે તેમ કરજો."

*

બધા હિંદીઓએ એક કુટુંબના માણસો તરીકે રહેવાનું છે એવો એમનો દૃઢ ખ્યાલ હતો. પારસીઓ તો દૂધમાં સાકરની જેમ હિંદીઓમાં ભળી જવાની પ્રતિજ્ઞા સાથે અહીં વસેલા, એટલે કૉંગ્રેસની સ્થાપના પછી શરૂઆતના સમયમાં જ્યારે કેટલાક પારસીઓએ અલગ રહેવાનું વલણ ધારણ કર્યું ત્યારે દાદાભાઈએ શ્રી વાચ્છાને લખેલો પત્ર નીચે ઉતાર્યો છે:

"કેટલાક પારસીઓ જે એવો મત દર્શાવે છે કે આપણે હિંદુઓ અને મુસલમાનોથી અલગ રહેવું જોઈએ, તે જાણીને મને ખૂબ દુઃખ થયું છે. એના જેવી આત્મઘાતક નીતિ બીજી શી હોય? આપણે હિંદના છીએ, અને હિંદ આપણી માતૃભૂમિ છે, અને આપણે હિંદીઓ સાથે હિંદીઓ તરીકે જ તરવાનું કે ડૂબવાનું છે. જો આપણે હિંદીઓથી અલગ પડી ગયા તો આપણી સ્થિતિ મોરનાં પીછાંવાળા કાગડાના જેવી થશે. અંગ્રેજો થોડા જ સમયમાં તે પીંછાં ખેંચી કાઢશે...."

□

[ ૪ ]

# રામકૃષ્ણ પરમહંસ

બંગાળના હૂગલી જિલ્લાના કામારપુકુર ગામમાં આજથી સો વરસ ઉપર એટલે કે ૨૦ મી ફેબ્રુઆરી ઈ. સ. ૧૮૩૭ને રોજ એક ગરીબ બ્રાહ્મણને ઘેર પુત્રનો જન્મ થયો. તેનું નામ ગદાધર પાડવામા આવ્યું. ગદાધર નાનો હતો ત્યારથી જ એની સ્મરણશક્તિ ખૂબ તેજ હતી, અને એને ધર્મની વાતો સાંભળવાનું ખૂબ ગમતું હતું. કેળવણી તો એને મળી જ નહોતી. એ સત્તર વરસનો થયો ત્યાં તો એના પિતાનું અવસાન થયું. પોતાના મોટાભાઈ રામકુમાર સાથે એ કલકત્તા આવ્યો. ત્યાં એને સામાન્ય પૂજારીનું કામ મળી ગયું, તેમાંથી ગુજારો ચાલવા લાગ્યો.

પણ થોડા જ વખતમાં એક ધનવાન બાઈએ કલકત્તાથી ચાર માઈલ દૂર દક્ષિણેશ્વરમાં એક મોટું મંદિર બંધાવ્યું અને તેના પૂજારી તરીકે ગદાધરના મોટાભાઈને રાખ્યા. થોડા વખતમાં જ ગદાધરને પણ મદદનીશ તરીકે રાખી લેવામાં આવ્યો. આમ બંને ભાઈ હવે ખાધેપીધે સુખી થયા.

પણ દક્ષિણેશ્વરમાં આવતાંની સાથે જ ગદાધરમાં રહેલી ધાર્મિક ભાવના ઉત્કટરૂપે પ્રકટ થવા લાગી. મંદિરમાં

જે કાલિની મૂર્તિ હતી તેને તે વિશ્વમાતા અને પોતાની માતા ગણી સદા તેની ભક્તિમાં લીન રહેવા લાગ્યો. સામાન્ય પૂજા થઈ રહ્યા પછી કલાકોના કલાકો સુધી તે મૂર્તિ સામે બેસીને ભજનો ગાયા કરતો અને કોઈ બાળક પોતાની માતા સાથે વાતચીત કરતું હોય તેમ તેની સાથે વાતચીત કરતો અને તેની પ્રાર્થના કરતો. આમાંથી ઘણી વાર તેને પોતાના દેહનું કે દુનિયાનું ભાન પણ રહેતું નહિ આમ એને ઘણી વાર સમાધિ ચડી જતી. કેટલીક વાર તો કલાકો સુધી એ સમાધિસ્થ અવસ્થામાં બેસી રહેતો

આ જોઈને એની માતાને અને મોટાભાઈને એને વિશે ચિંતા થવા લાગી. આખરે તેમણે વિચાર કર્યો કે જો એને પરણાવી દઈશું તો એ ઠેકાણે આવી જશે. આથી એને તરત જ ઘેર લઈ ગયા અને ત્યાં એક છ વર્ષની બ્રાહ્મણબાળા સાથે પરણાવી દીધો. આ વખતે એની ઉંમર પચીસ વર્ષની હતી.

લગ્ન પછી એઓ પાછા દક્ષિણેશ્વર આવી રહ્યા, અને એમનાં બાળપત્ની પોતાના પિતાને ત્યાં રહ્યાં. માતાએ અને મોટાભાઈએ રાખેલી આશા ફળી નહિ. એમની ધાર્મિક વૃત્તિ અને સમાધિ ઘટવાને બદલે વધતી જ ચાલી. હવે તો એમને માતાનો સાક્ષાત્કાર કરવાની રટ લાગી. જ્યાં સુધી માતાનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મારી ભક્તિમાં જ કચાશ હોવી જોઈએ એમ એમને

લાગવા માંડ્યું અને એમણે માતાની ઉત્કટ ભક્તિ કરવા માંડી. સમાધિદશા વારંવાર આવવા લાગી અને તે લાંબો સમય ટકવા લાગી. પૂજારી તરીકેનું કામ તો ક્યાંય પડી રહેતું. આખરે એમને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. એઓ મંદિર છોડીને પાસેના વનમાં ચાલ્યા ગયા, અને ત્યાં બાર વરસ સુધી સેવા, ભક્તિ અને સંયમ દ્વારા એમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા તપશ્ચર્યા શરૂ કરી.

એમના અંતરમાં આ વખતે ભારે ધાર્મિક મંથન ચાલી રહ્યું હતું. ઊંઘ તો એમની ઊડી જ ગઈ હતી. આખો વખત એમની આંખો ખુલ્લી અને સ્થિર જ રહેતી.

આ જ અરસામાં એક બ્રાહ્મણ સંન્યાસિની દક્ષિણેશ્વરમાં આવી ચડ્યાં. તે એમની વેદના અને ભક્તિ સમજી શક્યાં અને તેમણે એમને સાધનામાં સહાય કરી. તેમણે એમને યોગ અને તંત્રની સાધનાની વિધિ બતાવી. આ સંન્યાસિનીની સહાનુભૂતિની ગદાધર ઉપર ખૂબ સારી અસર થઈ. એ સંન્યાસિનીએ પોતાની બધી વિદ્યા એમને શીખવી, કેટલાંક વર્ષો એમની સાથે ગાળ્યાં અને પછી તેઓ ચાલ્યાં ગયાં. ફરી તેમનો પત્તો જ લાગ્યો નહિ.

પણ આટલાથી જ ગદાધરને સંતોષ વળે એમ નહોતું. તેમને તો ઉચ્ચતર જ્ઞાનની પિપાસા હતી. સદ્‌ભાગ્યે આ જ વખતે તોતાપુરી નામના એક વેદાન્તી સંન્યાસી ત્યાં આવી ચડ્યા. તેઓ શરીરે કદાવર અને મજબૂત

હતા, દિગંબર રહેતા હતા, આકાશ તળે સૂતા હતા, અને ધૂણી ધખતી રાખતા હતા. તેમણે એમને શ્રીશંકરાચાર્યના અદ્વૈતમતનું શિક્ષણ આપ્યું. વળી તેમણે જ એમને નિર્વિકલ્પ સમાધિ પણ શીખવી. આમ તેમણે એમની સાથે ઘણા મહિના ગાળ્યા અને આખરે એમને સંન્યાસની દીક્ષા આપી. ત્યારથી ગદાધર રામકૃષ્ણને નામે ઓળખાવા લાગ્યા.

તોતાપુરીના ચાલ્યા ગયા પછી પણ તેઓ ઘણો વખત સુધી સમાધિમાં જ મગ્ન રહેતા. સતત દેહકષ્ટ અને સમાધિઅવસ્થાને લીધે દેહભાન ન રહેવાને કારણે તેમનું શરીર ખૂબ બગડી ગયું અને તેમને ગંભીર માંદગી આવી. ત્યારથી એમણે સમાધિ છોડી.

આ પછી એમણે વૈષ્ણવધર્મની સાધના કરવા માંડી. પોતાને રાધા અને ઈશ્વરને કૃષ્ણ કલ્પી એમણે ગોપીની માફક જ રહેવા માંડયું. વસ્ત્રો, હલનચલન, બોલવુંચાલવું બધું જ એમણે સ્ત્રીના જેવું કરી નાખ્યું. આમ કરતાં કરતાં એક વાર સમાધિમાં એમને કૃષ્ણનાં દર્શન થયાં અને એમણે એ સાધના પૂરી થઈ માની.

આમ ઊંડાં મનોમંથનનાં બાર વર્ષો વીતી ગયાં અને એમને શાંતિ મળી. એ જ વખતે એટલે સને ૧૮૭૧માં પત્ની અઢાર વર્ષનાં થયાં હતાં, તેમણે એમની ખ્યાતિ સાંભળી અને તેઓ એમને મળવા આવ્યાં. રામકૃષ્ણે તેમને સમજાવ્યું કે હવે હું તારી સાથે પતિ તરીકે તો રહી ન જ શકું. તેમણે જવાબ આપ્યો: "હું તમે જેમ કહેશો

તેમ રહેવાને તૈયાર છું. માત્ર તમે મને આજ્ઞા આપો કે જેથી હું પણ ઈશ્વરનો સાક્ષાત્કાર અને સેવા કરી શકું.” તેઓ એમનાં શિષ્યા બન્યાં અને મંદિરમાં રહેવા લાગ્યાં. તેમણે અંત સુધી પતિની દેવની પેઠે પૂજા કરી.

આ પછી એમને થયું કે મારે મારું જાતિઅભિમાન તોડવું જ જોઈએ. પોતે સંન્યાસી હતા એટલે એમને જાત જેવું તો કશું હતું જ નહિ, પણ પોતે બ્રાહ્મણના કુળમાં જન્મેલા એટલે અમુક સંસ્કારો તો રહેલા. એને ધોઈ નાખવા એમણે ભગીરથ પ્રયત્નો આરંભ્યા. તેઓ રાતના ઊઠીને હાથમાં ઝાડુ લઈને ભંગીનું કામ કરી આવતા. વળી મંદિરમાં જે ગરીબ ભિખારીઓ રોજ જમવા આવતા તેમનાં પત્રાળાંમાંથી એઠું વીણી લઈ તેનો જ આહાર કરતા અને તે લોકો જ્યાં જમ્યા હોય તે જગ્યા પોતાને હાથે સાફ કરી નાખતા.

મુસલમાન ધર્મ સમજવા માટે તેઓ એક ફકીર પાસે જઈને રહ્યા. અને ફકીરે જે જે નિયમો બતાવ્યા તે બધા પાળવા લાગ્યા. એટલા દિવસ એઓ પોતે મુસલમાન જ બની ગયા. ઇસ્લામી સાધના કર્યા પછી એક વાર તેમને ઈશુએ પણ ધ્યાનમાં દર્શન દીધાં હતાં. તે પછી કેટલાક દિવસ સુધી તેઓ આખો વખત ઈશુની ને ઈશુની જ વાતો કર્યા કરતા.

આમ અનેક ધર્મસાધનાનો અનુભવ લીધો એને પરિણામે એઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે બધાય

ધર્મો સાચા છે, એક જ ઈશ્વરને પામવાના જુદા જુદા માર્ગો છે.

આ પછી એમની ખ્યાતિ પ્રસરવા લાગી અને લોકો એમને મળવા આવવા લાગ્યા. ૧૮૭૩માં આર્યસમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી એમને મળ્યા અને ૧૮૭૫માં શ્રી. કેશવચંદ્ર સેન એમના સમાગમમાં આવ્યા.

કેશવચંદ્ર સેન તે વખતે દેશપરદેશમાં ખૂબ જાણીતા થયેલા હતા. તેમણે પોતાના મિત્રવર્ગમાં આ મહાપુરુષની વાત કરવા માંડી અને તેમને વિષે લેખો પણ લખવા માંડ્યા. આથી શિક્ષિત વર્ગનું ધ્યાન એમના તરફ ખેંચાયું અને શ્રી બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય, મહારાજા જ્યોતીન્દ્ર મોહન ઠાકુર, શ્રી કૃષ્ણદાસ પાલ, પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, ડૉ. મહેન્દ્રલાલ સરકાર, પં. શિવનાથ શાસ્ત્રી વગેરે અનેક વિદ્વાન અને પ્રતિષ્ઠિત માણસો કલકત્તાથી એમનાં દર્શને આવવા લાગ્યા.

પણ આ બધા મહાપુરુષો સાથેની મુલાકાત કરતાંય વધારે મહત્ત્વની મુલાકાત બીજી જ હતી. એમના અવસાનના ચાર વરસ પહેલાં નરેન્દ્રનાથ દત્ત નામનો એક પ્રતિભાશાળી યુવાન એમના સંસર્ગમાં આવ્યો. તેણે કલકત્તા મિશન કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. તેના મનમાં ભારે મંથન જાગ્યું હતું. તે જે કોઈ જ્ઞાની કે ભક્ત ગણાતા પુરુષને મળતો તેને એક જ પ્રશ્ન કરતો કે તમે ઈશ્વર જોયો છે? પણ જવાબમાં ‘હા’ કહેનાર કોઈ

મળતો નહોતો. એનો કોઈ સંબંધી એને એક વાર રામકૃષ્ણ પરમહંસ પાસે લઈ આવ્યો. એમને જોતાં જ એને થયું કે આ માણસ પરમહંસ! આ માણસ જ્ઞાની! પણ છતાં એ તેમની પાસે ગયો અને પોતાનો હમેશનો પ્રશ્ન એમને પૂછ્યો: "તમે ઈશ્વરને જોયો છે?" સ્વામીએ તરત જ જવાબ આપ્યો: "હા, મેં ઈશ્વરને જોયો છે; અને તારે જોવો હોય તો તને પણ દેખાડીશ."

આની નરેન્દ્ર ઉપર ખૂબ ઊંડી અસર થઈ અને એનો સંશયવાદ બધો તે જ ક્ષણે ઓગળી ગયો. પહેલી જ મુલાકાતે બન્ને વચ્ચે ખૂબ ગાઢ પરિચય થઈ ગયો અને બંને એકબીજા માટે ખૂબ ઉત્સુકતા સેવવા લાગ્યા.

શરૂઆતથી જ રામકૃષ્ણને સમજાઈ ગયું હતું કે નરેન્દ્ર ભવિષ્યમાં મહાન કાર્યો કરનાર છે, અને તેને તેમણે અદ્વૈત વેદાંતનો ઉપદેશ આપવા માંડ્યો. આ ગુરુશિષ્યે પરસ્પરની કસોટી કર્યા પછી અને બંનેનો સંબંધ ખૂબ ગાઢ થયા પછી નરેન્દ્રે દીક્ષા લીધી અને સ્વામી વિવેકાનંદ નામ ધારણ કર્યું.

સ્વામીના જીવનના છેલ્લાં સાત વરસો અવિરત ધર્મોપદેશમાં જ ગયાં. એ દરમિયાન એમની તબિયત ખૂબ બગડી ગઈ હતી અને પુષ્કળ આરામની જરૂર હતી. પણ જાણે એમને ખબર પડી ગઈ હોય કે મારો અંત નજીક આવી પહોંચ્યો છે, અને બાકી રહેલા થોડા સમયમાં બને એટલો વધારે ઉપદેશ આપી દેવાનું નક્કી

કર્યું હોય એમ તેમણે આખો દિવસ અને ઘણી વાર તો મોડી રાત સુધી પોતાની આસપાસ મળેલા લોકોને ઉપદેશ દેવાનું ચાલુ રાખ્યું. છેવટના સમયમાં તો એમને ગળામાં નાસૂર (કૅન્સર)નું દર્દ થયું અને એ પોતે ખોરાક પણ લઈ શકતા નહોતા. ડૉ. મહેન્દ્રલાલ સરકારે એમનાં શિષ્યોને કહ્યું હતું કે આ રોગ ચેપી છે માટે સાવચેત રહેજો. આને લીધે કેટલાક નાના શિષ્યો ગભરાઈ ગયા હતા. વિવેકાનંદ આ જોઈ ગયા અને તે સ્વામી સૂતા હતા તે ઓરડામાં ગયા. ત્યાં એમણે પીકદાનીમાં પાચ વગેરે પડેલું જોયું. અને તે લઈને બીજા શિષ્યોના દેખતાં પી ગયા. ત્યારથી બધાના મનમાંથી ચેપ લાગવાની ધાસ્તી ઊડી ગઈ.

પોતાના અવસાનના થોડા દિવસ પહેલાં એમણે નરેન્દ્રને પોતાની પાસે બોલાવ્યો. એ વખતે ત્યાં બીજું કોઈ હતું નહિ. સ્વામીજીએ નરેન્દ્રને પોતાની સામે બેસાડયો અને તેના ઉપર દૃષ્ટિ સ્થિર કરી સમાધિમાં ઊતરી ગયા. આ વખતે નરેન્દ્રને પોતાના શરીરમાં કોઈ સૂક્ષ્મ શક્તિનો સંચાર થતો લાગ્યો. ધીમે ધીમે તે પણ મૂર્છા પામ્યો અને કેટલોય વખત સુધી એમ ને એમ અક્કડ બેસી રહ્યો આખરે જ્યારે તેની મૂર્છા વળી ત્યારે તેણે સ્વામી રામકૃષ્ણને રોતા દીઠા. નરેન્દ્રે આનું કારણ પૂછતાં ગુરુએ કહ્યું: "આજે મેં મારું સર્વસ્વ તને અર્પણ કર્યું છે. હું ફકીર બની ગયો છું. આ શક્તિ દ્વારા તું જગતનું ભારે કલ્યાણ કરજે અને ત્યાર પછી પાછો ફરજે."

આ પછી થોડા જ દિવસમાં ઈ. સ. ૧૮૮૬ના ઑગસ્ટની ૧૬મી તારીખે સ્વામી રામકૃષ્ણ પરમહંસે દેહ છોડયો.

એમના અવસાન પછી એમના શિષ્યોએ આજીવન સેવાનાં વ્રત લીધાં અને સ્વામી વિવેકાનંદની આગેવાની હેઠળ એક સંઘની સ્થાપના કરી. એ સંઘ શ્રી રામકૃષ્ણ સેવાશ્રમને નામે ઓળખાય છે. એ સેવાશ્રમના પાંચ મઠો છે: ૧. બેલુડમાં, ૨. કાશીમાં, ૩. પ્રયાગમાં, ૪. માયાવતીમાં, અને ૫. બૅંગલોરમાં. બધા મઠોનું કેન્દ્ર બેલુડમાં છે. કાશી, હરદ્વાર, પ્રયાગ અને વૃંદાવનમાં એમના તરફથી સેવાશ્રમ ચાલે છે અને તીર્થસ્થાનોમાં આફતમાં આવી પડેલાં યાત્રીઓની સેવા કરવી એ એનો હેતુ છે. આ બધા આશ્રમોમાં ઈસ્પિતાલની ખૂબ સુંદર વ્યવસ્થા છે. દેશમાં ક્યાંય પણ દુકાળ કે મરકીનો ઉપદ્રવ થાય છે ત્યારે આ સંઘના યુવાન સંન્યાસીઓ ત્યાં પહોંચી જઈ તનતોડ મહેનત કરી લોકોને મદદ કરે છે.

અમેરિકામાં પણ રામકૃષ્ણ સેવા સંઘની શાખા છે, અને તે વેદાંત સોસાયટીને નામે ઓળખાય છે. મઠ તરફથી 'પ્રબુદ્ધ ભારત' નામે ઉચ્ચ કોટિનું અંગ્રેજી માસિક પણ ચાલે છે. તે ઉપરાંત એમણે રામકૃષ્ણ અને વિવેકાનંદ સંબંધી પુષ્કળ સાહિત્ય અંગ્રેજી અને બંગાળીમાં પ્રગટ કર્યું છે.

□

[ ૫ ]

# આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય

આપણે ત્યાં વિદ્વાનો અને શાસ્ત્રીઓ મોટે ભાગે પોતાના અભ્યાસમાં અને શોધખોળમાં જ ડૂબી રહે છે, અને પોતાના અભ્યાસખંડની બહાર પણ એક વિશાળ જગત વસે છે, એની તેમને બહુ ઓછી ખબર હોય છે. આચાર્ય પ્રફુલ્લચંદ્ર પણ પ્રખર વિજ્ઞાનશાસ્ત્રી છે. ચોખંડમાં એમની કિર્તિ વિસ્તરેલી છે. પણ એઓ આવી જાતના શાસ્ત્રી નથી. પોતાની આસપાસના જગત સાથે એમનો ગાઢ સંબંધ એમણે જાળવી રાખ્યો છે, અને પોતે જે રસાયણશાસ્ત્રનું અધ્યયન કર્યું તેનો તેમણે વ્યાવહારિક ઉપયોગ પણ કરી બતાવ્યો છે. આ ઉપરાંત પોતાના દેશનાં દીનદુઃખીઓનાં સંકટ ટાળવા માટે એમણે જે અથાગ પ્રયત્નો કર્યા છે, સ્વદેશી અને રેંટિયાના પ્રચાર માટે જે જહેમત ઉઠાવી છે, અને દેશની ઉન્નતિ અર્થે બીજા જે અનેકવિધ પ્રયત્નો કર્યા છે, એ બધાંને લીધે તેઓ એક આદર્શ નાગરિક અને આદર્શ વિદ્વાન બન્યા છે, અને એ રીતે એમનું જીવન આપણા દેશના વિદ્યાર્થીઓને અનેક રીતે આદર્શરૂપ અને પ્રેરણારૂપ થઈ પડે એવું છે.

આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાયનો જન્મ ઈ. સ. ૧૮૫૯માં ખુલના શહેરની નૈઋત્યે ૪૭ માઈલ દૂર આવેલા રાડુલિ ગામમાં ગયો હતો.

એમના પિતા હરિશ્ચંદ્ર રાય ચૌધરી ફારસીના ભારે વિદ્વાન હતા અને અંગ્રેજી ભાષાનો પણ તેમણે સારો અભ્યાસ કર્યો હતો. ખુલનામાં અંગ્રેજી શિક્ષણનો પ્રચાર કરવામાં એમનો ફાળો ખૂબ મોટો હતો. એમણે પોતાના મકાનમાં માધ્યમિક અંગ્રેજી નિશાળ ખોલી હતી, તેમ જ કન્યાવિદ્યાલય પણ પોતાના મકાનમાં જ શરૂ કર્યું હતું, અને બીજાઓને ઉત્સાહ આપવા માટે સૌ પહેલાં પોતાની પત્ની અને બહેનને તેમાં દાખલ કરાવ્યાં હતાં. એઓ ખૂબ માયાળુ અને સત્યનિષ્ઠ હતા. પોતાના ખેડૂતો મુશ્કેલીમાં હોય ત્યારે પોતે મહેસૂલ માફ કરી દેતા, પણ સરકાર કાંઈ એમનું મહેસૂલ માફ કરતી નહિ, એટલે એમને તો ઉછીનાં નાણાં લાવીને નહેસૂલ ભરવું પડતું. આમ ને આમ એમણે પોતાની ઘણીખરી સંપત્તિ જતી કરી. એમની સત્યનિષ્ઠાનો એક પ્રસંગ જાણવા જેવો છે. રામતારણ ચટ્ટોપાધ્યાય નામે એમના એક નિકટના મિત્ર હતા. તેમણે કેવળ એમના મોઢાના વચન ઉપર એમને પુષ્કળ નાણાં ધીર્યાં હતાં. લખાણ કશું જ કર્યું નહોતું. પોતાની સ્થિતિ રામતારણનું લેણું ચૂકવી શકાય એવી નથી એવું જયારે એમને લાગ્યું ત્યારે એમણે પોતાની જમીન-દારીના એક ભાગનો વેચાણ દસ્તાવેજ રામતારણને નામે

કરી મૂક્યો અને જ્યારે તેઓ મળવા આવ્યા ત્યારે તે દસ્તાવેજ તેમના હાથમાં સોંપી દીધો.

એમનાં માતા ભુવનમોહિની રૂપરૂપનો ભંડાર હતાં, તેમ તેમનામાં અસામાન્ય ગુણો પણ હતા. તેમના મીઠાં સ્વભાવે બધાંનાં મન હરી લીધાં હતાં. આમ પોતાના ઘરમાં બબ્બે નિશાળ બેસાડનાર અને પોતાના ખેડૂતોનાં કષ્ટ દૂર કરવા ખુવાર થનાર સત્યનિષ્ઠ અને માયાળુ પિતા તથા પ્રેમાળ માતાનો પુત્ર પોતાનું આખું જીવન વિદ્યા અને લોકહિતની સાધનામાં જ અર્પણ કરે એ સ્વાભાવિક છે.

જ્યારે પ્રફુલ્લચંદ્ર ચાર વરસના થયા ત્યારે એમને નિશાળે બેસાડવામાં આવ્યા. જેમ જેમ તેમની ઉંમર વધતી ગઈ તેમ તેમ એમના પિતાને પોતાના બાળકોની કેળવણીનો ચિંતા થવા લાગી. કલકત્તામાં બીજી કોઈ સારી ગોઠવણ થઈ શકી નહિ એટલે તેઓ જાતે કુટુંબ સાથે કલકત્તા આવીને રહ્યા અને ત્યાં પોતાના પુત્રોને ભણાવવા માંડ્યા. પ્રફુલ્લચંદ્ર તે વખતે ખૂબ ખ્યાતિ પામેલી હેર સ્કૂલમાં દાખલ થયા અને ચાર વરસ સુધી એમણે ત્યાં અભ્યાસ કર્યો. એ વખતે પ્રફુલ્લચંદ્ર વાંચવામાં અને ખાવામાં જોઈએ એવા સંયમીત કે નિયમિત નહોતા. વાંચવાનો ખૂબ શોખ હતો એટલે રાત દહાડો પુસ્તક લઈને જ મંડી રહેતા. રાતે નવ વાગ્યાંથી વધારે વાંચતા નહિ. પણ મળસ્કે ત્રણ વાગ્યાથી ઊઠીને વાંચવા મંડી

જતા. વાચનમાં કોઈ પણ જાતની અડચણ આવતી તો એમને ખૂબ લાગી આવતું. એક દિવસે એઓ આ પ્રમાણે વાંચવા માટે વહેલા ઊઠયા પણ જુએ તો દીવામાં તેલ ન મળે. તરત જ બીજે ક્યાંયથી મળે એમ પણ હતું નહિ. એટલે એમણે માથામાં નાખવાનું ફૂલેલ તેલ દીવામાં પૂરી વાંચવાનું શરૂ કર્યું! ખાવાની બાબતમાં પણ એઓ કશો સંયમ પાળતા નહોતા. મનમાં આવ્યું તે ખાતા, જેટલી વાર મન થાય તેટલી વાર ખાતા. પણ આવો અનિયમિત અત્યાચાર શરીર ક્યાં લગી સહી શકે? થોડા જ વખતમાં એઓ માંદા પડયા, એવા માંદા પડયા કે એક આખું વર્ષ માંદગીભર્યું ગયું બીજું આખું વર્ષ આરામમાં ગયું. આમ પોતાની અનિયમિત અને ખોટી ટેવોને લીધે એમને બે વર્ષો ખોવાં પડયાં.

આ પ્રસંગે એમને એવો પાઠ શીખવ્યો કે ત્યાર પછી આખા જીવન દરમ્યાન તેમણે વાચન અને ભોજનમાં એવો કડક સંયમ અને નિયમિતતા પાળ્યાં કે આજે પણ તે વસ્તુ એમના જીવનની એક મહત્ત્વની સિદ્ધિ ગણાય છે.

બાર, વર્ષની વયે પ્રફુલ્લચંદ્ર માંદા પડયા અને એમને નિશાળ સાથેનો સંબંધ છોડવો પડયો. એ બે વરસો એમને ઘેર બેસીને જ ગાળવાં પડયાં. એ વખત એમણે પોતાના પિતાના પુસ્તકાલયમાં ગાળ્યો, અને

ત્યારથી એમને અંગ્રેજી સાહિત્ય અને ઇતિહાસનો રસ લાગ્યો. સાથે સાથે એમણે લૅટિન અને ફ્રેંચ ભાષા પણ શીખી લીધી. એ એમને પાછળથી વિજ્ઞાનના અભ્યાસમાં ખૂબ કામ લાગી.

સાજા થયા પછી પ્રફુલ્લચંદ્ર કલકત્તાની આલ્બર્ટ સ્કૂલમાં દાખલ થયા. ત્યાં એમને કેશવચંદ્ર સેનના ભાઈ કૃષ્ણવિહારી સેન જેવા અસાધારણ પ્રતિભાશાળી શિક્ષક મળ્યા અને તેમણે એમનો અંગ્રેજી સાહિત્યનો શોખ વધારી આપ્યો. આ જ નિશાળમાં એઓ બ્રાહ્મ શિક્ષકોના સંસર્ગમાં આવ્યા અને વખત જતાં કેશવચંદ્ર સેનનાં વ્યાખ્યાનોએ એમને ૧૮૮૨માં બ્રાહ્મ સમાજના સભ્ય બનાવ્યા.

એમણે જ્યારે હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું ત્યારે બંગાળમાં નવું જ ચેતન પ્રસરતું હતું. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે તે વખતે વિધવાવિવાહની જબરી ચળવળ શરૂ કરી હતી અને તેનાં આંદોલનો સમાજના એકેએક થરમાં પહોંચી ગયાં હતાં. સૌ કોઈ સારાસારવિવેક કરવા મંડી ગયું હતું. કેશવચંદ્રનાં વ્યાખ્યાનોની ઝડીએ અનેકને ધર્મ સંબંધી ઉદારતા અર્પી હતી. સુરેન્દ્રનાથ બૅનરજી અને આનંદમોહન બસુએ રાજકીય વિચારોના તરંગો જગાડવા માંડ્યા હતા. પ્રફુલ્લચંદ્ર ઉપર આ બધાની અસર થઈ. કેશવચંદ્રની અસરથી એઓ બ્રાહ્મ થયા. વિદ્યાસાગરની અસરથી એમને સંસારસુધારાની આવશ્યકતા સમજાઈ અને આનંદમોહનની દૃઢતા, ચારિત્ર્ય અને દેશ-

પ્રેમે તેમને તેમના પૂજારી બનાવ્યા. સુરેન્દ્રનાથની વાણીએ એમનામાં દેશપ્રેમ અને રાજકીય સ્વાતંત્ર્યની ઝંખના જગાડ્યાં.

સુરેન્દ્રની વાણીની તો એમને એટલી બધી મોહિની લાગી હતી કે જ્યારે એમને કૉલેજમાં દાખલ થવાનો વખત આવ્યો ત્યારે એમણે મેટ્રોપૉલિટન કૉલેજ જ પસંદ કરી, કારણ કે ત્યાં સુરેન્દ્રનાથ અધ્યાપક હતા. વળી અહીં જ એમને સુવિખ્યાત અધ્યાપક સર જૉન ઇલિયટ અને સર ઍલેક્ઝાંડર પેડલર જેવા વિદ્વાનો પાસે પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર શીખવા મળ્યાં. ઈ. સ. ૧૮૮૦માં પ્રફુલ્લચંદ્ર એફ. એ.ની પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ થયા.

એમના પિતાની ઇચ્છા એવી હતી કે બધા પુત્રોને વિલાયત મોકલવા અને ત્યાં તેમને ઉચ્ચ કેળવણી આપવી. પણ દિવસે દિવસે તેમની આર્થિક સ્થિતિ બગડતી જતી હતી. એટલે એ બને એમ હતું નહિ, અને એથી તેમને અંતરમાં ખૂબ દુઃખ થતું હતું. પ્રફુલ્લચંદ્ર આ બધું સમજતા હતા અને એટલે જ એમણે ધીમે ધીમે ગિલ-ક્રાઈસ્ટ શિષ્યવૃત્તિની પરીક્ષા માટે તયારી કરવા માંડી હતી. ઈ. સ. ૧૮૮૨માં એમણે એ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એ શિષ્યવૃત્તિ મેળવી. બી. એ. થવાની રાહ જોયા વિના એ વિલાયત ઊપડી ગયા.

બાળપણથી જ એમને અંગ્રેજી સાહિત્ય અને ઇતિહાસનો ભારે શોખ હતો, પણ હવે એમને સમજાયું

કે ભાષા અને ઇતિહાસના અભ્યાસ દ્વારા દેશનું દળદર ફીટે એમ નથી. એ માટે તો વિજ્ઞાનનો જ આશ્રય લેવો પડશે. એટલે એડિનબરો વિદ્યાપીઠમાં દાખલ થયા પછી કયો વિષય લેવો એનો નિર્ણય કરતાં એમણે લગારે વિલંબ ન કર્યો. પોતાના પ્રિય વિષયો સાહિત્ય અને ઇતિહાસને પડચા મેલી એમણે રસાયણશાસ્ત્રની જ પસંદગી કરી અને તેમાં જ એક ચિત્તે તલ્લીન થઈ ગયા.

અહીં પણ એમને યુરોપના તે વખતના બે પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો પી. જી. ટેઈડ અને એલેકઝાંડર ક્રમબ્રાઉનને હાથે શીખવાનું મળ્યું એ એમનું સદ્‌ભાગ્ય જ ગણવું જોઈએ. એમને પ્રતાપે જ પ્રફુલ્લચંદ્રને રસાયણશાસ્ત્રમાં ખૂબ રસ પડવા માંડચો અને થોડા જ વખતમાં પોતે બુદ્ધિશાળી વિજ્ઞાનપ્રિય વિદ્યાર્થી તરીકે સૌના પ્રેમપાત્ર થઈ પડચા.

કૉલેજના સમય બહાર તેઓ ખૂબ ઓછો વખત વાંચતા, પણ જેટલો વખત વાંચતા તેટલો વખત ખૂબ ધ્યાનપૂર્વક એકચિત્તે વાંચતા. નિયમિત અભ્યાસને લીધે ઈ. સ. ૧૮૮૫માં એઓ બી. એસસી.માં પાસ થયા અને ત્યાર પછી બે વર્ષે 'કૉંજ્યુગેટેડ સલ્ફેટ ઑવ ધ કૉપર મૅગ્નેશિયમ ગ્રુપ' નામના નવા જ મિશ્રપદાર્થની શોધ કરી એમણે ડી. એસસી.ની પદવી મેળવી. એમનો નિબંધ સર્વશ્રેષ્ઠ ગણાયો એટલે એમને 'હોમ પ્રાઈઝ' નામનું ઇનામ પણ મળ્યું. એ ઇનામ ૫૦ પાઉંડનું એટલે

તે વખતના હિસાબે છસો રૂપિયાનું હતું. આ ઇનામના પૈસામાંથી તેઓ બીજા છ મહિના સુધી એડિનબરોમાં રહીને પોતાનું શોધખોળનું કામ કરવા પામ્યા હતા.

આમ એમણે દેશની જરૂરિયાતનો વિચાર કરી પોતાના પ્રિય વિષયનો અભ્યાસ જતો કર્યો, પણ છતાં તે એકદમ છૂટે એમ નહોતો. ઇંગ્લંડમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન જ એમણે 'ઇંડિયા બિફોર ઍન્ડ આફ્ટર મ્યુટિની' નામે એક મોટો નિબંધ લખીને પ્રગટ કર્યો. એ નિબંધમાં એમનો અંગ્રેજી ભાષા ઉપરનો કાબૂ, ઇતિહાસ અને રાજનીતિનું સૂક્ષ્મ જ્ઞાન અને ઊંડી દેશપ્રીતિ આપણને જોવા મળે છે. આ પુસ્તક ખૂબ નાનું હોવા છતાં ત્યાંના અનેક વિદ્વાનો અને વર્તમાનપત્રોએ એનાં વખાણ કર્યાં હતાં.

ડી. એસસી.ની પદવી મળ્યા પછી એમણે પોતાની શોધખોળનું બાકી રહેલું કામ પતાવી લીધું અને પછી હિંદી કેળવણી ખાતા (ઇંડિયન એજ્યુકેશન સર્વિસ)માં દાખલ થવા માટે તે વખતના હિંદી પ્રધાનને અરજી કરી. એમના વિલાયતના મિત્રોએ પણ આમાં એમને ખૂબ મદદ કરી; છતાં કોણ જાણે કેમ, સરકારને એમના જેવા ઉચ્ચ કેળવણી પામેલા અને રસાયણશાસ્ત્રના વિદ્વાનને કેળવણી ખાતામાં દાખલ કરવાનું યોગ્ય ન લાગ્યું.

સને ૧૮૮૮માં એઓ પાછા સ્વદેશ આવ્યા અને પ્રાંતિક કેળવણી ખાતા (પ્રોવિન્સિયલ એજ્યુકેશનસર્વિસ)માં

દાખલ થવાની એમની અરજી મંજૂર થઈ, અને માસિક રૂપિયા ૨૫૦ના પગારથી આવતા જૂન માસથી પ્રેસિડન્સી કૉલેજમાં રસાયણના સહાધ્યાપક તરીકે એમની નિમણૂક થઈ.

આ નોકરી મેળવવાને પ્રસંગે બનેલો એક બનાવ નોંધવા જેવો છે. જ્યારે એમને ખબર પડી કે મારી નિમણૂક માત્ર અઢીસો રૂપિયાના પગારથી જ થઈ છે, ત્યારે એમને દુઃખ થયું અને એઓ કેળવણી ખાતાના ડિરેક્ટરને મળવા દાર્જિલિંગ ગયા. એમની વાત સમભાવપૂર્વક સાંભળવાને બદલે તેમણે કડકાઈભર્યો જવાબ આપ્યો: There are other walks in life, open to you. Nobody compels you to accept this appointment. – જિંદગીમાં બીજાં ઘણાં કામો પડ્યાં છે. કોણ તમને આ નોકરી લેવાની ફરજ પાડે છે? આ શબ્દો એમના અંતરમાં તીર જેવા વાગ્યા અને નોકરી કરવાનો એમનો બધો ઉત્સાહ ક્ષણમાં મરી ગયો. છતાં નિરુપાયે એમને એ નોકરી સ્વીકારવી પડી. પોતે રસાયણનું ઉચ્ચ શિક્ષણ લઈને આવ્યા હતા અને એ વિષયમાં નવી નવી શોધો કરવાની અભિલાષા એમના મનમાં જાગી હતી. પ્રેસિડન્સી કૉલેજ સિવાય બીજે ક્યાંય સ્વતંત્ર પ્રયોગો કરવાની સગવડ હતી નહિ એટલે માંદો માણસ ક્વિનાઈન પી જાય તેમ એઓ આ ઘૂંટડો ગળી ગયા. છતાં આ ડંખ એમના મનમાંથી કદી ગયો નહિ. અને પોતાને પડેલી મુશ્કેલીઓ પાછળના માણસોને ન પડે એ માટે

એમણે પોતાનું આખું જીવન સ્વાતંત્ર્યની સાધનામાં જ ગાળ્યું.

આ સમયે એમના ઘવાયેલા અંતરને શાંત પાડવામાં શ્રી જગદીશચંદ્ર બસુના કુટુંબનો પ્રેમ, આદર અને મમતા ખૂબ ઉપયોગી થઈ પડ્યાં હતાં. એ બંને વિજ્ઞાનરસિકોને વિલાયતમાં જ ઓળખાણ અને મૈત્રી થઈ હતી. જગદીશચંદ્ર ૧૮૮૬માં હિંદી કેળવણી ખાતામાં દાખલ થયા હતા. પ્રફુલ્લચંદ્ર વિલાયતથી આવ્યા પછી લગભગ એક વરસ સુધી પોતાના આ મિત્રને ત્યાં જ રહ્યા હતા.

૧૮૮૯ના જૂન માસમાં પ્રેસિડન્સી કૉલેજના વિજ્ઞાનખંડમાં એમણે જે ટેસ્ટ ટ્યૂબ પકડી તે આજે પચાસ પચાસ વરસ થયાં છતાં હજી છૂટી નથી. એક વખત તેમણે કહ્યું હતું કે પ્રયોગશાળા એ જ મારી શાંતિકુંજ અને કર્મક્ષેત્ર છે, ત્યાં ટેસ્ટ ટ્યૂબ સાથે કામ કરવામાં હું મારું ઘડપણ સુદ્ધાં ભૂલી જાઉં છું. ૩૩ વર્ષ–એક સૈકાનો ત્રીજો ભાગ – મેં પ્રયોગશાળાની ચાર દીવાલોમાં પુરાઈને, જગત સાથેના બધા સંબંધો ભૂલી જઈને કાઢ્યાં છે.

મર્ક્યુરસ નાઈટ્રાઈટની શોધ, બંગાલ કેમિકલ અને ફાર્માસ્યૂટિકલ વર્ક્સની સ્થાપના અને હિંદુ રસાયણશાસ્ત્રના ઇતિહાસની રચના, એ ત્રણ એમના જીવનના કીર્તિકળશો છે. એ પ્રેસિડન્સી કૉલેજમાં એમને કામ કરવાની તક ન મળી હોત તો કદાચ આમાંનું એકે કાર્ય સિદ્ધ ન થાત.

જ્યારે પ્રફુલ્લચંદ્રે પ્રેસિડન્સી કૉલેજમાં અધ્યાપક તરીકે પ્રવેશ કર્યો ત્યારે પરીક્ષા પસાર કરવા માટે જ સૌ વિજ્ઞાનનો અભ્યાસ કરતા હતા. એ વખતે પ્રથમ વર્ગમાં એમ. એ. થઈને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ સ્વતંત્ર અભ્યાસ કરવાનો તો ખ્યાલ સુધ્ધાં આવતો નહિ. એટલે વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનના અભ્યાસનો સાચો રસ જગાડવા માટે એમણે નીચલા વર્ગો પોતાના હાથમાં લીધા અને એ રીતે એમણે પોતાનું કામ પાકે પાયે શરૂ કર્યું. પોતે વિલાયતમાં અભ્યાસ કરતા હતા ત્યારે એમણે જોયું હતું કે જાપાની વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં નવા નવા પ્રયોગો અને શોધ કરી વિલાયતનાં અને યુરોપના બીજા દેશોનાં વૈજ્ઞાનિક પત્રોમાં લેખો લખીને જાપાનની પ્રતિષ્ઠા વધારતા હતા. એવું જ કામ કરી ભારતના વિદ્યાર્થીઓ પણ પોતાના દેશનું મુખ ઉજ્જવળ કરે એવી એમની આંતરિક અભિલાષા હતી. પણ તે ઘણાં વરસ સુધી પૂરી ન પડી. એવો કોઈ સાચો જિજ્ઞાસુ વિદ્યાર્થી જ તેમને મળ્યો નહિ. કોઈ દૈવયોગે આવતો તો એકાદ બે માસ રહી પાછો ડેપ્યુટી કે વકીલ બનીને ચાલ્યો જતો.

આમ છતાં એમણે પોતાનું શોધખોળનું કામ અવિશ્રાંત, અવિરત ચાલુ રાખ્યું. આમ કરતાં કરતાં ઠેઠ ઈ. સ. ૧૯૧૦માં દેશના નસીબનું પાંદડું ફર્યું અને જિતેન્દ્રનાથ રક્ષિત વગેરે વિદ્યાર્થીઓએ આવીને પ્રેસિડન્સીની કૉલેજની પ્રયોગશાળાને ગજાવવા માંડી. ત્યાર

પછી તો જિતેન્દ્રનાથ રક્ષિત, યતીન્દ્રનાથ સેન, હેમેન્દ્રકુમાર સેન, નીલરતન ધર, રસિકલાલ દત્ત, મેઘનાદ સાહા વગેરેના મૌલિક પ્રબંધોથી યુરોપ અને અમેરિકાનાં વૈજ્ઞાનિકપત્રોમાં પાનાં ભરાવા લાગ્યાં અને ભારતની વિજ્ઞાનચર્ચા પણ જગતનું ધ્યાન ખેંચવા લાગી.

પ્રેસિડન્સી કૉલેજમાં કામ શરૂ કર્યા પછી પ્રફુલ્લ-ચંદ્રને પોતાના પિતાના દેવાની ખૂબ ચિંતા થવા લાગી. પોતે ખૂબ સાદાઈથી રહીને ત્રણ વરસમાં એમણે ચાર હજાર રૂપિયાનું દેવું ભરપાઈ કરી નાખ્યું અને કલકત્તાનો પોતાનો ખર્ચ કાઢવા ઉપરાંત બીજા આઠસો રૂપિયા બચાવી તેમાંથી જ તેમણે ૧૮૯૨માં બેંગાલ કેમિકલ વર્કસની શરૂઆત કરી. આ વખતે એમણે જગદીશચંદ્રના ઘરમાંથી પોતાનો મુકામ ઉઠાવી ૯૧, અપર સર્ક્યુલર રોડમાં મુકામ કર્યો અને અહીં જ એ જ ઘરમાં બેંગાલ કેમિકલનો જન્મ થયો, અને કેટલાંય વરસો સુધી એની ઑફિસ એ મકાનમાં જ રહી.

ઈ સ. ૧૮૯૫નું વર્ષ પ્રફુલ્લચંદ્રના જીવનમાં ખૂબ મહત્ત્વનું છે. એ જ વરસે તેમના પ્રયોગો અને શોધખોળને પરિણામે મર્ક્યુરસ નાઈટ્રાઈટની શોધ થઈ. એ જ એમની સૌથી પહેલી અને સૌથી મહત્ત્વની શોધ છે, કે જેને માટે એઓ જગતમાં ખ્યાતિ પામ્યા છે. વળી એ જ વરસે એમણે ગંધકનો તેજાબ બનાવવાનાં યંત્રો (Sulphuric acid plant) ગોઠવ્યાં અને એ રીતે કહીએ તો એ જ

વરસે બેંગાલ કેમિકલ વર્કસની સાચી શરૂઆત થઈ. એ જ વરસે તેમના પૂજ્ય પ્રેમી પિતાનું પણ અવસાન થયું.

એઓ કૉલેજમાં વર્ગો ચલાવતા હતા, બેંગાલ કેમિકલના કારખાનામાં પણ દરરોજ કામ કરતા હતા, તેને અંગે પણ અનેક પ્રયોગો કરતા હતા, છતાં આ બધાં કામોમાંથી વખત બચાવી હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ લખવા માટે પ્રાચીન પોથીઓ વાંચીને સામગ્રી ભેગી કરવાનું કામ પણ એઓ કર્યા જ કરતા હતા. લાંબી મહેનત અને અભ્યાસને પરિણામે ઈ. સ. ૧૯૦૨માં હિંદુ રસાયશાસ્ત્રનો ઇતિહાસ ભા. ૧ લો પ્રગટ થયો, અને ૧૯૦૫ માં એ જ પુસ્તકની બીજી આવૃત્તિ સુધ્ધાં થઈ. ૧૯૦૭ માં એ ગ્રંથનો બીજો ભાગ પ્રગટ થયો. યુરોપના વિદ્વાનોએ અને વૈજ્ઞાનિકોએ સુધ્ધાં આ ગ્રંથનાં ખૂબ વખાણ કર્યાં અને એને લીધે પ્રફુલ્લચંદ્રની ખ્યાતિ આખી દુનિયામાં ફેલાઈ. આમ, પ્રફુલ્લચંદ્ર પોતાની મૌલિક શોધને લીધે યુરોપના વિદ્વાનોમાં પણ માન પામવા લાગ્યા. હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ લખવાને લીધે તેમની કીર્તિ સર્વત્ર ફેલાઈ, તેમના આદર્શ ચારિત્રથી તેઓ સમાજમાં પ્રતિષ્ઠિત થયા, પોતાની સચોટ શિક્ષણપદ્ધતિથી તેમણે દેશમાં અનેક વૈજ્ઞાનિકો પેદા કર્યા અને શોધખોળનો પ્રવાહ ચાલુ કર્યો, છતાં હિંદી સરકારે તેમના ગુણની કદર ન કરી, તેમને પ્રાંતિક શિક્ષણ વિભાગમાં જ રૂંધી રાખ્યા. તેમને નોકરીની શરૂઆતમાં ૨૫૦ નો પગાર હતો તે સાત વરસની નોકરી કર્યા પછી ૪૦૦ થયો અને બીજાં સત્તર

અઢાર વર્ષ ગયાં ત્યારે તે ૭૦૦ એ પહોંચ્યો. પણ આખર સુધી તેમને હિંદી શિક્ષણ ખાતામાં ન લીધા તે ન જ લીધા.

ઈ. સ. ૧૯૧૦ માં પ્રેસિડન્સી કૉલેજના રસાયણ-શાસ્ત્રના મુખ્ય અધ્યાપક મિ. કનિંગહામનું અવસાન થયું ત્યારથી રસાયણ વિભાગનો ભાર તેમને માથે પડયો અને તે તેમણે નિવૃત્તિ લેતાં સુધી કુશળતાપૂર્વક ઉપાડયો.

૧૯૧૨ માં લંડનમાં બ્રિટિશ સામ્રાજ્યની બધી વિદ્યાપીઠોનું મહાસંમેલન (Congress of the Uuiversities of the Empire) ભરાયું તેમાં કલકત્તા વિદ્યાપીઠ તરફથી ડૉ. પ્રફુલ્લચંદ્ર પણ પ્રતિનિધિ તરીકે ગયા હતા. એ જ વખતે એમની યોગ્યતા જોઈને ડર્હામ વિશ્વવિદ્યાલયે એમને ડી. એસસી.ની પદવી આપી હતી. વળી એ જ વરસે સરકારે પણ એમને સી. આઈ. ઈ. નો ખિતાબ આપ્યો. આ જ અરસામાં સર તારકનાથ પાલિતે વિજ્ઞાનના પ્રચાર માટે કલકત્તા વિદ્યાપીઠને પંદર લાખ રૂપિયાનું દાન કર્યું. બીજે વરસે સર રાસબિહારી ઘોષે પણ દસ લાખ ઉપરાંત રૂપિયા એ જ હેતુથી કલકત્તા વિદ્યાપીઠને દાનમાં આપ્યા. આ દાનમાંથી કલકત્તા વિદ્યાપીઠે વૈજ્ઞાનિક મહા-વિદ્યાલય (Science College)ની સ્થાપના કરી. પ્રફુલ્લચંદ્ર વિલાયત હતા તે દરમ્યાન જ સર આશુતોષ મુખોપાધ્યાયે તેમને પાલિતે સ્થાપેલ રસાયણશાસ્ત્રના અધ્યાપકનું પદ લેવાને નિમંત્રણ આપ્યું, અને દેશ પાછા આવ્યા પછી તેમણે તે પદ સ્વીકાર્યું. ૧૯૧૫ માં આ મહાવિદ્યાલયનું

કામ શરૂ થયું. ૧૯૧૭ માં એમણે સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લીધી.

ઈ. સ. ૧૯૨૪ માં જ્યારે યુરોપમાં મહા યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે અંગ્રેજ સરકારને પણ દારૂગોળા માટે પુષ્કળ રાસાયણિક પદાર્થોની જરૂર પડી. બેંગાલ કેમિકલ વર્કસેં આ સામગ્રી પૂરી પાડવામાં ખૂબ મહત્ત્વનો ભાગ લીધો. આથી યુદ્ધમાં ખૂબ મદદ કરવા બદલ અને મૌલિક શોધખોળ કર્યા બદલ શહેનશાહે બેંગાલ કેમિકલ વર્કસના પ્રણેતા શ્રી. પ્રફુલ્લચંદ્ર રાયને 'સર'નો ઇલ્કાબ આપ્યો. ત્યારથી એઓ 'સર' બન્યા, પણ આખા દેશે તો એમને 'આચાર્ય રાય'નું ગૌરવભર્યું બિરદ જ આપ્યું અને એ જ નામે એઓ દેશભરમાં જાણીતા થયા.

૧૯૨૧ માં ફરી વાર સરકારે એમને યુરોપ મોકલ્યા હતા. એઓ યુરોપથી પાછા આવ્યા એ જ અરસામાં ખુલના જિલ્લામાં દુકાળ પડ્યો અને ઉત્તર બંગાળમાં ભયંકર રેલ આવી અને તેથી જાનમાલની ભારે ખુવારી થઈ. દેશજનો ઉપર આવી પડેલી આફતમાં તેમને મદદ કરવા પ્રફુલ્લચંદ્રે રાહત સમિતિની સ્થાપના કરી અને સ્વયંસેવકોનું સંગઠન કરી પીડાગ્રસ્ત પ્રદેશમાં ઠામઠામ થાણાં નાખી પુષ્કળ અનાજ, કપડાં વગેરે વહેંચ્યું. આને માટે એમને જોઈતાં નાણાં પણ મળી રહ્યાં, અને એ બધાની વ્યવસ્થા એમણે એટલી કુશળતાથી કરી કે એમનાં વખાણ ઠેઠ વિલાયતનાં છાપાંઓએ પણ કર્યાં. આ પ્રસંગે

સરકારે આવું કર્યું નહિ તેથી લોકોમાં સરકારની પ્રતિષ્ઠા તૂટી અને મહાસભાની પ્રતિષ્ઠા જામી.

વળી આ જ અરસામાં ગાંધીજીએ પોતાની દેશ-વ્યાપી અસહકારની પ્રવૃત્તિ ઉપાડી હતી. દેશમાં ચારેકોર રેંટિયાનો નાદ ગુંજતો થયો હતો. શરૂઆતમાં તો આચાર્ય રાય રેંટિયાની વિરુદ્ધ હતા પણ ખુલનાના દુકાળપીડિતોને અને ઉત્તર બંગના રેલપીડિતોને રેંટિયાએ કરેલું જીવતદાન જોઈ એમની રેંટિયા ઉપર શ્રદ્ધા ચોંટી અને એઓ જાતે રેંટિયાના જબ્બર પક્ષપાતી અને પ્રચારક બન્યા. આમ એક વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિકે રેંટિયાની પ્રવૃત્તિને અપનાવી અને તેના પ્રચારનું કામ જોરશોરથી કરવા માંડયું એની અસર ભણેલા હિંદીઓના મન ઉપર પણ પડી અને પછી અનેક વિદ્યાપીઠો એમને વ્યાખ્યાનો માટે નિમંત્રણ આપવા લાગી. એ રીતે એમણે અલીગઢ અને નાગપુર વિદ્યાપીઠમાં વ્યાખ્યાનો આપ્યાં. વળી ૧૯૨૩માં આપણી ગૂજરાત વિદ્યાપીઠના મકાનનો પાયો નાખવા માટે પણ આપણે એમને જ નિમંત્ર્યા હતા અને તે વખતે એમણે આવીને પોતાના બાલોચિત સ્વભાવનો અને દેશપ્રેમનો જે પરિચય કરાવ્યો હતો તે એ પ્રસંગમાં હાજર રહેનાર કોઈ વીસર્યું નહિ હોય.

એમની દાનશીલતા ખૂબ જાણીતી છે. ૧૯૨૨માં એમણે કલકત્તા વિદ્યાપીઠને વિજ્ઞાનના અભ્યાસ માટે દસ હજાર રૂપિયા આપ્યા હતા. ૧૯૫૧ માં નાગપુર વિદ્યાપીઠમાં વ્યાખ્યાન કરવા ગયા ત્યારે જે પુરસ્કાર મળ્યો તે બધો

જ તેમણે તે સંસ્થાને દાન કરી દીધો. પાલિત ફંડમાંથી સ્થાપેલ વિજ્ઞાનમંદિરના અધ્યાપક પહેલેથી જ એઓ નિમાયા હતા. નિયમ પ્રમાણે ૬૦ વર્ષ પૂરાં થયાં એટલે એમણે રાજીનામું આપી દીધું. પણ ટ્રસ્ટના સંચાલકોએ એમને વધુ પાંચ વરસ કામ ચલાવવાની વિનંતિ કરી. આ વખતે એમણે આપેલો જવાબ એમના હૃદયની ઉદારતા બતાવે છે: "મારા જીવનના બાકીના દિવસો વિજ્ઞાન મંદિરમાં ગાળવાની મને ખૂબ ઇચ્છા છે. પણ એ કામ માટે મારે હવે વિદ્યાપીઠ પાસે કંઈ મહેનતાણું લેવું નથી. એટલે મારી વિદ્યાપીઠને એવી વિનંતિ છે કે મારા પગારના માસિક હજાર રૂપિયા વિજ્ઞાન વિભાગના ખર્ચમાં લઈ લેવા." આ પછી થોડા જ વખતમાં એમણે પોતાના જીવનના બીજા પ્રિય કાર્ય — ખાદીપ્રચાર માટે ૬૫,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું. અને હમણાં થોડા માસ પહેલાં જ એમણે પોતાની સર્વ બચત — લગભગ અગિયાર લાખ રૂપિયા — કલકત્તા વિદ્યાપીઠને વિજ્ઞાનના પ્રચાર માટે આપી. આ રકમ એમને ખાતે બંગાળ કેમિકલ વર્ક્સમાં એમના ભાગના નફા તરીકે જમા થયેલી હતી. તે બધી જ એમણે દાન કરી દીધી.

આવા આ દેશપ્રેમી, દીનદુઃખીના સહાયક, દાનવીર, આદર્શ ગુરુ, જ્ઞાનોપાસક વૈજ્ઞાનિકનું જીવન આપણને શ્રદ્ધાભક્તિથી ભરી દે છે અને આપણું મસ્તક એમને ચરણે નમે છે.

□

[ ૬ ]

# સાહસવીર અમુંડસેન

યુરોપ ખંડમાં નોર્વે નામનો એક દેશ છે. ત્યાં જૂના જમાનામાં 'વાઇકિંગ' નામના લોકો રહેતા હતા. સમુદ્રના તરંગો એ જ તેમનાં ઘર, અને વેતાળ સમા ઝંઝાનિલ એ જ તેમના સાથી. જ્યારે તેઓ ઘરડા થતા ત્યારે તેઓ ઘરને ખૂણે પથારીમાં પડ્યા પડ્યા મૃત્યુની વાટ નહોતા જોયા કરતા. તેમને એ રુચતું જ નહિ જ્યારે તેમને લાગતું કે આ દુનિયા છોડી જવાનો સમય પાસે આવી લાગ્યો છે ત્યારે તેઓ એક દિવસ પ્રચંડ વાવાઝોડામાં સમુદ્રના મોજાં પાગલ બનીને તાંડવ મચાવતાં હોય તેમાં પોતાની નાની શી નાવડી લઈ ને ઝુકાવતા— હાથમાં જીવનસાથી સમી નાગી તલવાર, છાતીએ લોખંડી બખ્તર, પગ નીચે મહાસાગરનું નૃત્ય અને માથા ઉપર વજ્રની ગર્જના. આવી નિર્જનતા અને ભયંકરતાની ઉપેક્ષા કરી, બલકે એને જ વરી લઈ એમાં જ પોતાની જાતને તેઓ હોમી દેતા.

પણ આ તો બહુ પ્રાચીન કાળની વાત થઈ. આજે વાઈકિંગ લોકો નોર્વેના કિનારા પરથી અદૃશ્ય થઈ ગયા છે. પણ છતાં તેમનો આત્મા હજી પણ કોઈ કોઈ વાર નોર્વે-વાસીના દેહમાં જાગી ઊઠે છે, અને આપણા પરવશ

જીવનમાં સંદેશ પહોંચાડતો જાય છે કે તે આદિકાળનું માનવમન હજીયે જાગે છે—હજીયે તે નિર્ભય માનવમન એકલું જાગે છે, જેણે એક વાર વિના હથિયારે, વિના વિજ્ઞાન કે બીજા કશાની સહાયે, નગ્ન દેહે, વિના કશા સાજસરંજામે સમસ્ત પ્રાણીજગતના સિંહાસન ઉપર વિજયી માનવવીરને બેસાડયો હતો.

રોયાલ્ડ અમુંડસેન નોર્વેનો છેલ્લો વાઇકિંગ હતો. જૂના જમાનામાં વાઇકિંગને ભીષણ લોઢથી ખળભળતો સાગર પુકારતો હતો, અમુંડસેનને પુકાર્યો મૃત્યુસમા શીત ધ્રુવપ્રદેશના બરફે. ધ્રુવપ્રદેશની એ અફાટ વિસ્તરેલી નિષ્કલંક હિમભૂમિની શુભ્રતામાં અમુંડસેનનો આત્મા ધબકતો રહ્યો છે. દક્ષિણ ધ્રુવમાં તેનાં પ્રથમ પગલાં પડયાં છે, ઉત્તર ધ્રુવમાં તેનો છેલ્લો શ્વાસ પડયો છે.

દૂર દૂરની દુર્ગમ ભૂમિનો સાદ પોતાના લોહીના ધબકારામાં લઈને જ એ (૧૮૭૨માં) જન્મ્યો હતો. તેનો બાપ હોડી બાંધવાનો ધંધો કરતો અને તેમાંથી જ પોતાના કુટુંબનો ગુજારો ચલાવતો.

નાનો હતો ત્યારથી જ અમુંડસેન ધ્રુવ પ્રદેશની શોધમાં જનાર ટોળીઓની સાહસકથા તલ્લીન થઈને વાંચતો. બાળક અમુંડસેને પોતાના મનમાં સર જૉન ફ્રાંકલિનને જગતના સર્વશ્રેષ્ઠ વીર તરીકે સ્થાપ્યો હતો. ત્યારે કોને ખબર હતી કે આ બાળક જ એક દિવસ ફ્રાંકલિનનું અધૂરું રહેલું કામ પૂરું કરવાનો છે! ધ્રુવસમુદ્રમાં ફ્રાંકલિન

અંતર્ધાન થઈ ગયો હતો તે પ્રસંગે બાળકના મન ઉપર ઊંડી અસર કરી હતી. તેમણે ચૌદ દિવસ સુધી લાખ્ખો પેંગ્વિન પંખીઓની સતત અવિરામ અતૂટ હાર ચાલતી જોઈ હતી. એ પેંગ્વિન પંખીઓની જનહીન હિમભૂમી ક્યાં હશે? હજી સુધી કોઈ માનવીનો પગ તે ભૂમિ ઉપર પડ્યો નથી. હિમપ્રપાતો વટાવીને કોઈ માનવી શું ત્યાં પહોંચવાનો માર્ગ નહિ શોધી કાઢી શકે? ત્યાં કયા દેશની પતાકા પહેલી ફરકશે? કયા વીરનાં પગલાં એ હિમને હૈયે પહેલાં અંકાશે? આવા આવા વિચારો આ બાળકના અંતરને ખળભળાવી મૂકતા.

પણ કમનસીબે બાળક ચૌદ વરસનો થયો ત્યાં જ તેના પિતાનું મરણ થયું. મહામહેનતે અને અનેક કષ્ટે વિધવા માતાએ બાળકને ડૉકટરી વિદ્યા ભણાવવાની ગોઠવણ કરી. પણ ડૉકટર થવાની કશી તમન્ના આ બાળકના મનમાં હોય એવું લાગ્યું નહિ. એને તો એક જ શોખ હતો—સ્કી પહેરીને બરફ ઉપર દોડવાનો અને ટાઢમાં અને બરફમાં ઘરમાંથી ભાગી જઈ આઠે પહોર ભટકવાનો. આમ જુવાનીની શરૂઆતથી જ અમુંડસેને પોતાની જાતને ઠંડીમાં અને બરફમાં પલોટી ખડતલ બનાવવા માંડી. ત્યારથી જ તેના અંતરમાં ઊંડે ઊંડે અજ્ઞાત રીતે ફ્રાંકલિન જે રસ્તો શોધી શક્યો નહોતો તે શોધી કાઢવાની મહત્ત્વાકાંક્ષા બંધાતી જતી હતી.

પોતાના સાહસભર્યા પ્રવાસની તૈયારી તરીકે તેણે પહેલો અનુભવ લેવા માટે ભરશિયાળામાં પગે ચાલીને

ઓસાથી બર્ગન સુધી જવાનું ઠરાવ્યું એટલે કે પૂર્વથી તે પશ્ચિમ સમુદ્રના કાંઠા સુધીનો આખો પ્રદેશ પગ નીચેથી કાઢવાનો કરાવ કર્યો. એક સાથીદાર પણ મળી ગયો. આ પહેલા અનુભવમાં જ એને ઠીક ઠીક દુઃસાહસનો પરિચય થઈ ગયો. એ ભયંકર શિયાળામાં બરફ ઉપર ચાર ચાર દિવસ સુધી ઉપવાસી રહીને ચાલ્યા પછી તેઓ બર્ગન પહોંચ્યા. આ ચાર દિવસ ખાધા વિના શી રીતે વીત્યા એની તેમને પોતાને જ નવાઈ લાગી.

એ ચાર દિવસના કડાકા તો ધ્રુવપ્રદેશના પ્રવાસની પહેલી દીક્ષા હતી.

આમ કરતાં જ્યારે એ વીસ વરસનો થયો ત્યારે આ દુનિયાનું એનું એક પૂરું બંધન પણ તૂટી ગયું. તેની સ્નેહમયી માતા પણ અવસાન પામી. એ માની ઇચ્છા અને આગ્રહને લીધે જ તે ડૉક્ટરી વિદ્યા શીખતો હતો. માતા જતાં જ તેણે એ વિદ્યાને પણ જતી કરી. એને પહેલું આકર્ષણ નાવિકનું કામ શીખવા તરફ થયું. ખૂબ શોધ કરી કરીને આખરે એ કોઈ દક્ષિણધ્રુવ સાગર તરફ જતા એક વહાણમાં ઉમેદવાર તરીકે દાખલ થયો, અને ખૂબ થોડા વખતમાં જ તેણે નાવિકનું પ્રમાણપત્ર મેળવ્યું. સાથે સાથે એને ધ્રુવસાગરનો પણ પરિચય થયો. તે વખતે વહાણમાં કોઈને કલ્પના સરખીયે નહિ આવી હોય કે ઉમેદવારી કરનાર આ સામાન્ય છોકરાની નજર ધ્રુવસાગરને સામે પાર આવેલી પેંગ્વિનનાં પગલાંથી અંકાયેલી હિમભૂમિ ઉપર ચોંટી છે.

અમુંડસેન જ્યારે પચીસ વરસનો થયો ત્યારે એને એક સુંદર તક હાથ લાગી. તે વખતે નોર્વેથી 'બૅલજિકા' વહાણમાં ડિ ગાર્લાચીની સરદારી હેઠળ દક્ષિણ ધ્રુવની શોધમાં એક ટુકડી જતી હતી. અમુંડસેન 'બૅલજિકા'નો ટંડેલ બન્યો. તે વહાણમાં આર્કટઉસ્કી વગેરે તે જમાનાના મોટા મોટા ધ્રુવપ્રદેશના શોધકો શામેલ થયા હતા. આમ આ વખતે અમુંડસેનને એમના પરિચયનો પણ લાભ મળ્યો.

પણ એ યાત્રાને ઝાઝી સફળતા ન મળી. દક્ષિણ ધ્રુવપ્રદેશમાં ગેહૅમલૅંડ સુધી ગયા પછી તેઓ બરફમાં ઘેરાઈ ગયા. ત્યાં તેની તે જ સ્થિતિમાં તે લોકોને એક વરસ કાઢવું પડ્યું. ત્યાર પછી તેઓ પાછા આવી રહ્યા. આમ આ યાત્રા નિષ્ફળ ગઈ, છતાં તે વહાણના એક ટંડેલને મન તો આ યાત્રા ખૂબ જ મહત્ત્વની અને સફળ હતી. આ જ વખતે અમુંડસેનને બરફથી છવાયેલા અફાટ ધ્રુવપ્રદેશની લાંબી લાંબી રાતોનો અનુભવ થયો.

તેના ઉદ્ગ્રીવ મનમાં વારેવારે એક જ વિચાર ઘોળાયા કરતો હતો કે ક્યારે મારું મુહૂર્ત આવે છે ? એની જ ઇંતેજારીમાં તે પોતાની જાતને રોજ ને રોજ તૈયાર કરતો જતો હતો.

આ જ અરસામાં એકાએક તેની નજર દક્ષિણધ્રુવ ઉપરથી એકદમ ઉત્તર ધ્રુવસાગર ઉપર જઈ પડી. અહીં જરા વિસ્તાર કરવો પડશે.

ધ્રુવની શોધના ઇતિહાસમાં નૉર્થવેસ્ટ પૅસેજ (વાયવ્ય માર્ગ) નામના સમુદ્રમાર્ગનો વારંવાર ઉલ્લેખ આવે છે.

લગભગ ચારસો વરસ થયાં યુરોપના નાવિકો ઉત્તર યુરોપથી સીધા પશ્ચિમમાં વહાણ ખેડી ઉત્તર અમેરિકાની ઉત્તર દિશામાં થઈને બારોબાર પ્રશાંત મહાસાગરમાં જવાનો માર્ગ શોધ્યા કરતા હતા. આ માર્ગને જ નોર્થ-વેસ્ટ પૅસેજ કહે છે. એના જેવો વિકટ બીજો એકે સમુદ્ર-માર્ગ નથી, એમ કહીએ તો ચાલે. તોપણ એ માર્ગ શોધી કાઢવા માટે ઉત્તર ધ્રુવસમુદ્રને માર્ગે યુરોપના જુદા જુદા દેશોના શ્રેષ્ઠ નાવિકવીરોએ પોતાના પ્રાણનાં બલિદાન આપ્યાં છે. એ માર્ગ શોધવા જતાં જ સર ફ્રાંકલિન પોતાના માણસો સાથે ધ્રુવસાગરમાં અદૃશ્ય થઈ ગયા હતા. શોધોના ઇતિહાસમાં આ એક ભારે કરુણ પ્રકરણ છે.

અમુંડસેને નક્કી કર્યું કે ધ્રુવસાગરની મધ્યમાં થઈને મારે વાયવ્ય માર્ગ શોધી કાઢવો. પરંતુ ચારસો ચાર્સો વરસો સુધી દેશવિદેશના નાવિકો અનેક માણસો અને સહાય સામગ્રી સુધ્ધાં અને લગાતાર પ્રયત્ન કર્યા છતાં જે કરી શકયા નહોતા, તે અમુંડસેન એકલો, અસહાય કશાં જ સાધન વિના શી રીતે કરી શકે, ભલા? ઉપરાંત વળી વધારાની મુશ્કેલી એ હતી કે તેને ચુમ્બકતત્ત્વનું પૂરું જ્ઞાન નહોતું. એ વિના ધ્રુવપ્રદેશમાં જવું અને અંધારા કૂવામાં જવું બરાબર. પણ એને એ શીખવે કોણ?

મહામહેનતે તેણે નાનસેનને પકડયો. પણ કયુ વેધશાળા તેને શીખવવા તૈયાર નહોતી! એટલે ત્યાંથી તે વિફળમનોરથ થઈને પોસ્ટડામ પહોંચ્યો, અને ત્યાં તેણે પોતાને જોઈતું જ્ઞાન મેળવી લીધું.

એ તો જાણે થયું, પણ ધ્રુવસાગરમાં જવા લાયક વહાણ ક્યાં? બહુ સારું વહાણ ન હોય તોયે વાઇકિંગને તો ચાલે. માત્ર પચાસ ટનનું એક માછલાં પકડવાનું નાનું વહાણ જૂની પુરાણી સ્થિતિમાં પડી રહેલું હતું. તે જ એણે સસ્તામાં ખરીદી લીધું—જોકે એટલાં નાણાં પણ એને તો કોઈ પાસે ઉછીનાં જ લાવવાં પડયાં. ત્યાર પછી તેણે જાતે તેની મરામત કરી, કારણ એ તો એનો બાપીકો ધંધો હતો.

એના સાથીદારો પણ એના જેવા જ મસ્ત અને બહાદુર હતા. આમ બધા જ વાઈકિંગના સાચા વંશજો ભેગા થયા!

આટલી સાધારણ તૈયારી કરી ઈ. સ. ૧૯૦૩માં અમુંડસેન ઉત્તર ધ્રુવસાગર જવા ઊપડ્યો. વાયવ્ય માર્ગની શોધમાં—જે માર્ગ ચારસો વર્ષ થયાં શોધકોને હાથતાલી દેતો રહ્યો હતો અને હિમપ્રપાતોના દુર્ગમ દુર્ગમાં છુપાઈ રહેલો હતો.

પહેલાં તો તેણે ફ્રાંકલિનને રસ્તે રસ્તે ચાલવા માંડ્યું પછી ધીમે ધીમે ફ્રાંકલિનની હદ વટાવી 'બૅફિનબે'માં થઈને લૅંકેસ્ટર સાઉંડ અને બૅરો સ્ટ્રેટમાંથી પસાર થઈ ઉત્તર ધ્રુવની પાસે થઈને તે સિમ્પ્સન સ્ટ્રેટમાં આવી પહોંચ્યો. અહીં એણે લંગર કર્યું. હવે આગળ જવું શક્ય ન હતું. ઠંડી વધતી જતી હતી અને સાગર ઠરીને બરફ બંધાતો જતો હતો. તેને ત્યાં જ આ બરફકેદમાં

શિયાળો કાઢવા રોકાવું પડયું. કમનસીબે બે વરસ સુધી તેને ત્યાં પડી રહેવું પડયું. ત્યાર પછી ઈ. સ ૧૯૦૫ના ઑગસ્ટ મહિનામાં તે ફરી ઊપડયો. મૅકેન્ઝી બેને કાંઠે કિંગપોઈન્ટ સુધી તે ગયો ન ગયો ત્યાં તો ફરી પાછી ઠંડી બેઠી. ફરી તેને ત્યાં જ રોકાઈ જવું પડયું.

પણ આ વખતે તે ચુપચુપ બેસી ન રહ્યો. તેણે પોતાના સાથીદારોમાંથી જ એક સ્લેજ ટુકડી ઊભી કરી. સ્લેજમાં બેસીને તેઓ ૧૫૦૦ માઈલ દૂર આવેલા આલાસ્કાના ઈગનસિટી નામે શહેરમાં પહોંચ્યા અને ત્યાંથી પાછા ફર્યા.

ઈ. સ. ૧૯૦૬ના ઉનાળમાં ફરી ચડાઈ શરૂ થઈ. અનેક વિપત્તિ અને અકલ્પ્ય દૈવી આફતોનો સામનો કરી ૧૧૦૦ માઈલનો પંથ કાપીને એ લોકો ૧૯૦૬ના સપ્ટેમ્બરની ૧ લી તારીખે બૅરિંગસ્ટ્રેટ પાર કરી પ્રશાંત મહાસાગરમાં દાખલ થયા. ચારસો વરસ થયાં જે માર્ગની શોધ ચાલ્યા કરતી હતી, તે માર્ગ તે દિવસે હાથ લાગ્યો !

ત્યાંથી પછી અમુંડસેન અમેરિકા ગયો. વાયવ્ય માર્ગના શોધક તરીકે અમુંડસેનનું નામ આખી દુનિયામાં પ્રસિદ્ધ થયું. અમેરિકામાં પોતાના અનુભવો વિષે ભાષણો આપીને તે પૈસા કમાવા લાગ્યો. એમાંથી જ તેણે પોતાનું દેવું ચૂકવ્યું. અમેરિકાથી પાછા આવતી વખતે તે પોતે જે વહાણમાં બેસીને આ માર્ગની શોધ કરી હતી તે વહાણ ત્યાં જ મૂકી આવ્યો હતો. આજે પણ તે વહાણ

સાનફ્રાન્સિસ્કોના ગોલ્ડન ગેટ પાર્કમાં ઐતિહાસિક કીર્તિના સ્મરણરૂપે સચવાઈ રહેલું છે.

૨

અમુંડસેન જ્યારે અમેરિકાથી નોર્વે પાછો આવ્યો ત્યારે ત્યાંની સરકારે તેનું ભારે સ્વાગત કર્યું. દુનિયાના વિજયી વીરોમાં તેનું નામ ગણાઈ ગયું.

અમુંડસેને નક્કી કર્યું કે હવે તો મારે ઉત્તર ધ્રુવની શોધમાં નીકળી જ પડવું. બધી યોજના નક્કી કરીને તેણે નોર્વેની સરકારની મદદ માગી. સરકાર પણ તેને મદદ કરવા તૈયાર થઈ.

જે જહાજ – ફ્રામ – માં નાનસેન ઉત્તર ધ્રુવની સફરે ગયો હતો તે જ જહાજ સરકારે અમુંડસેનને પણ પોતાની ધ્રુવસફર માટે વાપરવા આપ્યું. સફર માટે જોઈતાં નાણાં પણ મળી રહ્યાં. બધી તૈયારી પૂરી થઈ ગઈ. બરાબર એ જ વખતે સમાચાર મળ્યા કે અમેરિકાનાં સંયુક્ત રાજ્યના કમાંડર પૅરી ઉત્તર ધ્રુવમાં પહોંચી ગયા છે (૧૯૦૯, ૬ ઠી એપ્રિલ). તેમની સાથે એક કાળો હબસી પણ હતો. તેનું નામ મૅથુ હેનસન હતું. આમ એક ગોરા અને એક કાળા આદમીએ એકી સાથે ઉત્તરધ્રુવમાં પગલાં માંડ્યાં હતાં. છતાં આજે એ મૅથુ હેનસનને આપણામાંથી કેટલા પિછાને છે!

અમુંડસેનની બધી તૈયારી વ્યર્થ ગઈ. પણ એને એ નહિ લાગ્યું. એને તો ઉત્તર ધ્રુવમાં પહેલાં પગલાં માંડવાની અને પોતે રોપેલો વાવટો ફરકાવવાની નાનપણથી સેવેલી મહત્ત્વાકાંક્ષા ઉપર પાણી ફરી વળ્યું, એ જ વધારે લાગ્યું.

પણ આમ નિરાશ થાય તે વાઇકિંગ શાનો? ઉત્તર ધ્રુવને સર કરવાનું ગૌરવ તો હાથમાંથી છટકી ગયું. પણ હજી ધરતીપટ ઉપર બીજો એક પ્રદેશ પડ્યો છે, જ્યાં હજી માનવીનાં પગલાં પડ્યાં નથી તો તે દક્ષિણધ્રુવને જ સર કરવા કેમ ન જવું? તેણે મનમાં ને મનમાં દક્ષિણ ધ્રુવ જવાનો સંકલ્પ કર્યો, અને કોઈને પણ કશું કહ્યા વગર બીજે વરસે એટલે ૧૯૧૦ના ઑગસ્ટ માસમાં ફ્રામમાં બેસીને તે દક્ષિણ ધ્રુવ તરફ ઊપડી ગયો. કોઈને તે વખતે કલ્પના પણ નહોતી કે અમુંડસેન દક્ષિણ ધ્રુવ જીતવા જાય છે.

પણ અહીં મારે દક્ષિણ ધ્રુવ પર હુમલો કરનાર અમુંડસેન પહેલાંના વીરોનો થોડો પરિચય આપી દેવો જોઈએ.

દક્ષિણ ધ્રુવ પણ બિલકુલ બરફથી ઢંકાયેલો જ રહે છે. ચૌદ હજાર માઈલના વિસ્તારમાં ફક્ત ચાર હજાર માઈલ જ એવા છે, જ્યાં બરફ નથી હોતો. એ હિમભૂમિમાં કેટલીક વાર બરફથી ઢંકાયેલા મોટા મોટા પર્વતો પણ દેખા દે છે — સાદા પર્વતો નહિ પણ જ્વાલામુખી પર્વતો.

તમને થશે કે આવા વેરાન અને પ્રભંજન (ભયંકર વાવંટોળ)ના પ્રદેશમાં માણસો શું શોધવા ગયા હશે! આજે પણ એ હિમભૂમિના માત્ર ચોથા ભાગ જેટલી જ જમીન ઉપર માનવીનાં પગલાં પડ્યાં છે. એનો જેટલો ભાગ માણસો તપાસી વળ્યા છે તેમાં ક્યાંક ક્યાંક કોલસાનાં પડનો પત્તો લાગ્યો છે. માણસોને એવી આશા છે કે આ ચિરહિમાચ્છાદિત ભૂમિના ગર્ભમાં કંઈ કેટલોય ખજાનો ભર્યો હશે.

કોલસાની નહિ તોયે બળતણની આશાએ જ મરજીવા માણસોએ દક્ષિણધ્રુવ સમુદ્રમાં ઝંપલાવ્યું હતું. દીવા બાળવા તેલ તો જોઈએ, એટલે ધ્રુવપ્રદેશમાં વસતાં સીલ અને તિમિંગળની ઉપર એમની નજર ગઈ, કારણ કે એ પ્રાણીઓની ચરબીમાં પુષ્કળ તેલ હોય છે. આ જ કારણે યુરોપના વહાણવટીઓએ 'ચલો દક્ષિણ ધ્રુવ'ની ધૂન મચાવી.

આ બધા સીલ અને તિમિંગળ શિકારીઓની ટોળીઓએ દક્ષિણ જ્યોર્જિયા, દક્ષિણ સેટલૅંડ વગેરે પ્રદેશો શોધી કાઢ્યા, જોકે એ લોકો એમ જ માનતા હતા કે આ પ્રદેશો એ જ ધ્રુવપ્રદેશ છે. આ શિકારીઓમાં જૉન બિસ્કૉ અને જેમ્સ વેડડેલનાં નામ દક્ષિણ ધ્રુવપ્રદેશની ભૂગોળમાં ગૂંથાઈ ગયાં છે. કારણ કે એકને નામે બિસ્કૉ ટાપુ અને બીજાને નામે વેડડેલ સમુદ્ર ચડી ગયો છે.

દક્ષિણધ્રુવની શોધના ઇતિહાસમાં પહેલવહેલી સ્મરણીય તારીખ ૧૭૭૩ના જાન્યુઆરીની ૧૭મી તારીખ

છે. કારણ એ દિવસે સૌથી પહેલો કેપ્ટન કૂક ધ્રુવપ્રદેશમાં દાખલ થયો હતો.

ત્યાર પછી કેપ્ટન ફૉન બેલિંગશાઉસેન (૧૮૧૯-૨૧) ૭૦° સુધી પહોંચ્યા. પિટર ધ ફર્સ્ટ અને ઍલેક્ઝાંડર ધ ફર્સ્ટ નામના ટાપુઓ એમણે જ શોધેલા.

જેમ્સ વેડડેલ ૭૫° અંશ સુધી પહોંચ્યા અને એમણે વેડડેલ ઉપસાગરની શોધ કરી.

જૉન બિસ્કોએ ગ્રેહૅલૅંડ ઓકલૅંડ ટાપુ અને બિસ્કો ટાપુની શોધ કરી.

દુરવિલે દુરવિલ સાગરની શોધ કરી. (પણ એ માણસ સંસ્કૃતિના ઇતિહાસમાં 'વિનસ દ મિલો'ની વિશ્વવિખ્યાત મૂર્તિના રક્ષક તરીકે પ્રખ્યાત થયો છે. એ મૂર્તિ પ્રાચીન મૂર્તિવિધાનનો એક શ્રેષ્ઠ નમૂનો છે. એ મૂર્તિ ખોવાઈ ગઈ હતી. દુરવિલને મેલોસ ટાપુમાંથી એ મળી આવી હતી.)

ચાર્લ્સ વિલકિસ વિલ્કિસલૅંડ સુધી ગયો હતો.

સર જેમ્સ કલાર્ક રોસે માઉંટ સાબાઈનનું નામ પાડ્યું. એઓ ૭૫° વટાવીને પાર ગયા હતા. પોસેસન અને કૉઉલમૅન નામના ટાપુઓ અને બે જ્વાલામુખી પર્વતો પણ એમણે શોધી કાઢ્યા હતા. એ બે પર્વતોનાં નામ 'ટેરર' અને 'એરેબસ' છે.

કૅપ્ટન નૉરેસે (૧૮૭૪) સૌ પહેલાં વરાળથી ચાલતાં જહાજ 'ચૅલેંજ'ને લઈને દક્ષિણ ધ્રુવસમુદ્રમાં પ્રવેશ કર્યો.

આદ્રિયાન ડિ ગેદલાશ (૧૮૯૭)ને શિયાળાની સખત ઠંડીને લીધે પાછા ફરવું પડયું હતું. એમની ટોળીમાં ટંડેલ તરીકે અમુંડસેન ગયો હતો.

બૅાર્સેગ્રેવિંગ (૧૮૯૮) 'સધર્ન ક્રોસ પાર્ટી'નો આગેવાન હતો. ૭૮° સુધી એ પહોંચ્યો હતો. ઓગણી-સમી સદીમાં એથી આગળ કોઈ જઈ શકયું નહોતું.

સ્કૉટ, શૅકલટન અને વિલસન (૧૯૦૧) : દક્ષિણ ધ્રુવપ્રદેશમાં ૩૦૦ માઈલ સુધી સ્લેજમાં જનાર આ લોકો જ પહેલા હતા.

શૅકલટન (૧૯૦૯) દક્ષિણ ધ્રુવથી માત્ર ૭૦ માઈલ દૂર રહ્યો હતો ને એને પાછા ફરવું પડયું હતું.

સર ડગલાસ મોશને દક્ષિણ ચુંબકબિંદુની શોધ કરી.

હવે આપણે ફરી અમુંડસેન તરફ વળીએ.

જ્યારે અમુંડસેન મૅડીરા આવી પહોંચ્યો ત્યારે તેણે પોતાના મનની વાત દુનિયાને કહી. પણ એ જ વખતે કૅપ્ટન સ્કૉટ પણ દક્ષિણ ધ્રુવ પહોંચવા માટે નીકળી પડ્યો હતો. રખેને સ્કૉટને મન ઓછું આવે ધારી અમુંડસેને સ્કૉટને પણ એક તાર કર્યો, પણ સ્કૉટને તે મળ્યો નહિ.

૧૯૧૧ના જાન્યુઆરીમાં અમુંડસેન વ્હેલ્સ ઉપસાગરને કિનારે ગ્રેટ આઇસ બૅરિયર આગળ આવી પહોંચ્યો. એ વખતે ઉનાળો પૂરો થવા આવ્યો હતો એટલે એને છ સાત મહિના અહીં જ કાઢી નાખવા પડ્યા. પણ એ દરમ્યાન એણે પોતાના પ્રવાસની ઘણી વિગતો નક્કી કરી નાખી. કેટલે અંતરે અને એકંદરે કેટલા પડાવ નાખવા તે નક્કી કરી અવારનવાર પોતાના સાથીઓને મોકલી આ પડાવો ઉપર ખાવાપીવાની સામગ્રીનો સંગ્રહ પણ એણે કરાવી રાખ્યો. આખરે ૧૯૧૧ના ઑક્ટોબરની ૨૦મી તારીખે ફરી પ્રવાસ શરૂ કર્યો.

મુહૂર્ત સારું હશે, અને ઈશ્વર પ્રસન્ન હશે એટલે સ્કૉટને જે મુશ્કેલીઓ વેઠવી પડી તેમાંની એકે અમુંડ-સેનને નડી નહિ. પણ એનો અર્થ કોઈ એવો તો ન જ કરે કે અમુંડસેનને ડામરની સડક મળી ગઈ હતી!

અમુંડસેને પોતાની ટોળીમાં ભાર ઊંચકવા કૂતરાં સાથે લીધાં હતાં. સ્કૉટે ખચ્ચર લીધાં હતાં. બાવન કૂતરાં લઈને અમુંડસેન ઊપડ્યો હતો પણ જ્યારે એ ધ્રુવબિંદુએ પહોંચ્યો ત્યારે એમાંનાં માત્ર અઢાર જ બાકી રહ્યાં હતાં. રસ્તામાં ખાવાનું ખૂટી જતાં ચોવીસ કૂતરાંને મારી ખાવાં પડ્યાં હતાં. બાકી રહેલાં અઢારમાંથી પાછાં તો માત્ર બાર જ આવ્યાં હતાં. આ કૂતરાંએ એને ખૂબ મદદ કરી હતી, એ ઉપરથી એ કહેતી થઈ ગઈ છે કે The dogs won the Pole. The ponies lost it for England.

શરૂઆતમાં ઠંડા પવનના સુસવાટાને લીધે અમુંડસેનને થોડી મુસીબત વેઠવી પડી, પણ એકંદરે તેને પવન અનુકૂળ જ રહ્યો. તેની સાથે પાંચ સાથીદાર હતા. તેમને પણ કોઈ જાતનો ખાસ ત્રાસ થયો નહિ, ઊલટું જેમ જેમ એ લોકો ધ્રુવબિંદુની નજીક જવા લાગ્યા તેમ તેમ ત્યાંની હવા તેમને વધારે ને વધારે ખુશનુમા લાગવા માંડી. આ પ્રમાણે લગભગ દોઢ મહિના સુધી ચાલચાલ કર્યા પછી અમુંડસેનના આયુષ્યનો તે યશસ્વી દિવસ ઊગ્યો જેને માટે એ છેક નાનપણથી ઝંખ્યા કરતો હતો. ૧૯૧૧ના ડિસેંબરની ૧૪મી તારીખનો દિવસ ઊગ્યો, (દિવસ ઊગ્યો એટલે એ તારીખ આવી. બાકી જે ધ્રુવબિંદુ ઉપર અમુંડસેન ઊભો હતો ત્યાં તો છ મહિનાનો સળંગ દિવસ હોય છે અને છ મહિનાની સળંગ રાત હોય છે.) "સર્વત્ર સૂર્યનો સૌમ્ય પ્રકાશ પસરેલો હતો અને વાતાવરણ ખૂબ શાંત હતું. અવારનવાર મંદમંદ લહરીઓ વાતી હતી"—એમ તેણે પોતે એ દિવસનું વર્ણન કર્યું છે.

ધ્રુવબિંદુ બે ત્રણ માઈલ દૂર હતું. આ દિવસ ઊગતાં જ ઝટપટ થોડો નાસ્તો કરી અમુંડસેન અને તેના સોબતીઓ ભારે ઉત્સાહ અને ઉત્કંઠા સહિત ઉતાવળે ઉતાવળે પગ ઉપાડવા લાગ્યા. કોઈ કોઈની સાથે બોલતું સુદ્ધાં નહોતું. સૌ પોતપોતાના મનમાં જ મસ્ત બનીને હવે વિજય ચોક્કસ મળવાનો એ વિચારમાં લીન થઈ ગયેલા હતા. આખરે એ છેવટની પળ આવી. એ પ્રવાસીઓએ ચારે કોર નજર નાખી. ધ્રુવબિંદુ પર બીજા કોઈ

રાષ્ટ્રનો ઝંડો રોપેલો નથી એની તેમણે ખાતરી કરી લીધી. ખાતરી થતાં જ કૅપ્ટન અમુંડસેને પોતાના સાથીઓ સાથે મળીને પોતાના દેશનો ઝંડો ધ્રુવબિંદુ ઉપર ભારે આનંદ, આદર અને અભિમાનપૂર્વક રોપ્યો અને પોતાના રાજાના નામના ત્રણ જયઘોષ કર્યા. જે મેદાનમાં ધ્રુવબિંદુ આવેલું છે તે આખા ભાગને રાજા સપ્તમ હાકાનનો પ્રદેશ એવું નામ આપવામાં આવ્યું. જેમ ઉત્તર ધ્રુવબિંદુથી ગમે તે દિશામાં જઈએ તો દક્ષિણ દિશામાં જ જવાય તે જ પ્રમાણે દક્ષિણ ધ્રુવબિંદુથી કોઈ પણ દિશામાં જઈએ તો ઉત્તર દિશામાં જ જવાય.

છેક ધ્રુવબિંદુ ઉપર એ લોકોએ એક રાવટી ઊભી કરી અને તેને 'પોલહોમ' એવું નામ આપ્યું. એ ધ્રુવ-ભવનમાં કેટલાક દિવસો વિજયના આનંદમાં વ્યતીત કર્યા પછી સંતોષ અને આનંદથી હસતે મોઢે એ વીરો પાછા ફર્યા.

આ પછી બરાબર ચોત્રીસ દિવસે, ૧૯૧૧ના જાન્યુ-આરીની ૧૮મી તારીખે, અનેકાનેક મુશ્કેલીઓનો સામનો કરી કૅપ્ટન સ્કૉટ પોતાની ટોળી સાથે ધ્રુવબિંદુએ આવી પહોંચ્યો. દસ દસ વરસ થયાં ધ્રુવબિંદુએ પગલાં માંડવા એ પ્રયત્ન કરતો આવ્યો હતો. પણ ત્યાં આવીને જુએ છે તો તેના આવવા પહેલાં બીજા કોઈએ પહેલા આવવાનું માન લઈ લીધું હતું! ત્યાં હજી અમુંડસેનનો તંબૂ ઊભો હતો. તેના ઉપર હજી નોર્વેનો ઝંડો ફરફરતો હતો. તંબૂની અંદરના ભાગમાં તંબુની દીવાલ ઉપર અમુંડસેને

પોતાના હસ્તાક્ષરે લખ્યું હતું. ' Welcome to 1° degree ! ધ્રુવબિંદુ પર ભલે પધારો !'

વિજયગૌરવ સહિત અમુંડસેન દક્ષિણ ધ્રુવથી પાછો સ્વદેશ આવ્યો. પણ ધ્રુવપ્રદેશે સ્કૉટને અને તેના માણસોને પોતાનો પૂરો પ્રભાવ બતાવ્યો. સ્કૉટ અને તેના સાથીઓ ધ્રુવપ્રદેશની નિષ્ઠુરતા સામે વીરોચિત સામનો કરી ત્યાં જ વીરગતિને પામ્યા. એ વાત દુનિયાના વીરત્વના ઇતિહાસમાં અજોડ રહી ગઈ છે. પણ એ વાત વળી કોઈ બીજી વખતે.

૩

આ પછી મહાયુદ્ધ આવ્યું. તોપના ગોળાના ધુમાડામાં અને ઝેરી વાયુમાં માનવીના બીજા બધા પ્રયાસો ઢંકાઈ ગયા. અમુંડસેન જ્યારે દક્ષિણ ધ્રુવથી પાછો આવ્યો ત્યારે જર્મન સરકારે તેને અનેક ચાંદો આપી તેનું ભારે સન્માન કર્યું હતું. પણ યુદ્ધ વખતે જર્મનીનાં ક્રૂર કૃત્યોથી અકળાઈને અમુંડસેને એ બધા ચાંદો પાછા મોકલી આપ્યા.

મહાયુદ્ધ પછી અમુંડસેનને એવી ઇચ્છા થઈ કે હવે પગે જવા કરતાં વિમાનમાં બેસી ધ્રુવપ્રદેશનું નિરીક્ષણ કરવું અને આ વખતે તો દક્ષિણ ધ્રુવ નહિ પણ ઉત્તર ધ્રુવ પ્રદેશમાં જ જવું. એ એની નાનપણની કલ્પના હજી એને છોડતી નહોતી.

પણ આ કામ કંઈ નાણાં વિના થાય એમ નહોતું એટલે અમુંડસેન નાણાં ભેગાં કરવા અમેરિકા ગયો. ભાષણો

કરીને પૈસા મેળવવા લાગ્યો. પણ એ મૂઠી પૈસાથી કંઈ ધ્રુવ પ્રદેશનો પ્રવાસ ખેડાય નહિ. આમ એની નાણાંની ચિંતા મટતી નહોતી.

એક દિવસ તે પોતાની હોટેલમાં બેઠો હતો એવામાં ફોન આવ્યો.

"હલ્લો ! હલ્લો !"

"હા. હું અમુંડસેન !"

"મારું નામ લિંકન એલ્સવર્થ ! અમેરિકાના કરોડપતિઓને ઉદ્દેશીને તમે વર્તમાનપત્રોમાં જે લેખ લખ્યા છે — તમારી ધ્રુવપ્રદેશની યાત્રા સંબંધે — તે બધા મારા પિતાજીએ વાંચ્યા છે, અને તેઓ તમને મળવા માગે છે. તમને ક્યારે કઈ વખતે ફાવશે એ જો જણાવો........"

લિંકન એલ્સવર્થના પિતા સાથે અમુંડસેનની મુલાકાત થઈ, અને પછી તો ધીમે ધીમે બંને વચ્ચે મિત્રતા પણ બંધાઈ. એક દિવસ એલ્સવર્થ ડોસા એકાએક બોલી ઊઠ્યા : "વારુ કૅપ્ટન, હું જો તમને આ કામમાં મદદ ન કરું...."

જરા પણ ગભરાયા વિના અમુંડસેન બોલ્યો : "તો પણ તમે ચોક્કસ માનજો કે હું ઉત્તર ધ્રુવ જવાનો જ !"

ડોસાએ પૈસા આપ્યા. પણ એ પૈસા કરતાં પણ અનેકગણી મૂલ્યવાન બીજી એક વસ્તુ પણ અમુંડસેન એ ડોસા પાસેથી લઈ ગયો, તે એ ડોસાનો પુત્ર કરોડપતિનો દીકરો લિંકન એલ્સવર્થ. લિંકને ઉત્તર ધ્રુવના

પ્રવાસમાં અમુંડસેનનો સાથ કર્યો. તેને સાથે લઈને અમુંડસેન પ્રવાસની તૈયારી કરવા નોર્વે પાછો આવ્યો. સ્પિટ્સબર્ગનથી વિમાનમાં ઊપડવું એવું નક્કી કર્યું.

ઈ. સ. ૧૯૨૫ના એપ્રિલની ૯મી તારીખે ટ્રોમ્સો બંદરેથી વહાણમાં બેસી તેઓએ નોર્વેનો કિનારો છોડ્યો. મોટરબોટમાં બે જળવિમાન ( Sea Plane ) લીધાં હતાં. આ પ્રમાણે સ્પિટ્સબર્ગન સુધી તેને આણ્યાં. સ્પિટ્સ-બર્ગનથી આકાશે માર્ગે પ્રવાસ શરૂ થયો.

૨૧મી મેને દિવસે એમણે ગગનયાત્રા શરૂ કરી. બે વિમાનમાં બધા મળીને છ માણસો હતા. એકમાં એટલે નં. ૨૪ માં લિંકન (ચાલક), ડેટ્રિસેન અને ઓમડલ; બીજામાં એટલે નં. ૨૫ માં અમુંડસેન, રસાર લાર્સન, અને ફ્યૂસ. તીવ્રવેગે બંને વિમાનો આકાશમાં ઊડવા લાગ્યાં. વિદાય આપનારાઓ ઉચ્ચ કંઠે બોલી ઊઠ્યા : “Welcome back tomorrow” (‘કાલે પાછા પધારજો !’).

ઊપડ્યા પછી થોડી જ વારમાં તેઓ ભારે ધુમ્મસમાં સપડાયા. ધુમ્મસમાંથી છૂટવા તેઓને ૩૦૦૦ ફૂટ સુધી ઊંચે ચડી જવું પડ્યું. ઊંચે ચડીને જુએ છે તો નીચે ઇન્દ્રધનુષ્ય જણાતું હતું અને તેની વચાળમાં થઈ સમુદ્ર દેખાતો હતો. થોડી વારમાં એકાએક બધું ધુમ્મસ ચાલ્યું ગયું અને નીચે દૂર દૂર ક્ષિતિજ સુધી બરફની સફેદ ચાદર પથરાયેલી નજરે પડી. પહેલી જ વાર માનવનેત્રે આકાશમાંથી ઉત્તર ધ્રુવનું આ શુભ્ર સૌંદર્ય નિહાળ્યું. નજર

પહોંચે ત્યાં સુધી ક્યાંય એ શુભ્રતામાં લગારે ભંગ પડતો નહોતો—માત્ર વચમાં વચમાં મોટી મોટી ફાટો હતી તે સફેદ કાગળ ઉપર કાળી રેખા સમી દેખાતી હતી. યુગ-યુગની સંચિત શાંતિમાં ભંગ કરતાં આ બે વિમાનો કલાકના ૭૫ માઈલને વેગે દોડતાં હતાં.

આમ ને આમ આઠ કલાક સુધી તેઓએ આકાશ માર્ગે પ્રયાણ કર્યું. એટલા વખતમાં તો એ લોકો ઉત્તર ધ્રુવબિંદુએ પહોંચી જવા જોઈતા હતા. પણ ઈશાનના પવનને લીધે તેમની દિશા બદલાઈ ગઈ હતી. આ તરફ તેમના અંજિનમાં બળતણ પણ અરધું થઈ ગયું હતું. પોતે ક્યાં સુધી આવ્યા છે, તે જોવા માટે તેમણે નીચે ઊતરવું જોઈએ. પણ ઊતરવા જેવું પાણી હોય તો ને! એકાએક એ ઘાડા બરફમાં થોડા ભાગમાં પાણીએ દેખા દીધી.

૨૨મી મેને દિવસે તેમણે ઊતરવાની શરૂઆત કરી. ઉપરથી જે જગ્યા સલામત લાગતી હતી તે પૃથ્વી પાસે આવ્યા પછી ઊતરવા લાયક ન લાગી. ત્યાં ઊતરવું ખૂબ જોખમકારક હતું, કારણ પાણીમાં નાની મોટી બરફની શિલાઓ રમવા નીકળી હતી. આમ છતાં લિંકને તો ત્યાં પોતાનું વિમાન ઉતાર્યું જ. બરફના એક મોટા ડુંગર સાથે પોતાના પ્લેનનું લંગર બાંધ્યું, પણ પછી તેને ખબર પડી કે પોતાનું પ્લેન કાણું થઈ ગયું છે. બરાબર એ જ વખતે એક સીલે બરફમાંથી માથું ઊંચું કર્યું અને ફરી પાછી

ડૂબકી મારી દીધી. પ્રાણહીન પ્રદેશમાં આ પહેલવહેલો પ્રાણનો પરિચય થયો.

પણ અમુંડસેનનું પ્લેન ક્યાં ? શું તે ઊતરવું જોખમકારક સમજી સીધો ઉત્તર ધ્રુવ જ ચાલ્યો ગયો હશે ? ઘણી વાર સુધી પ્રયત્ન કર્યા પછી લિંકને દૂરબીન વડે જોયું તો લગભગ ત્રણેક માઈલ દૂર અમુંડસેનનું પ્લેન બરફમાં જરા જરા દેખાતું હતું.

અમુંડસેન પણ ઊતરીને આફતમાં પડ્યો. મશીન તો કાણું થઈ જ ગયું હતું, અને મોટર પણ બગડી ગઈ હતી. આવી દશામાં એ બંને જણને પાંચ દિવસ સુધી વિખૂટા પડી રહેવું પડ્યું. લિંકન અને તેના સાથીઓ અમુંડસેનની પાસે જવા માટે જીવસટોસટના પ્રયત્ન કરવા લાગ્યા, પણ બધા વ્યર્થ ગયા. ડેટ્રિસેનની આંખો બરફને લીધે આંધળી જેવી થઈ ગઈ, અને પ્લેન પણ ધીમે ધીમે પાણીમાં ડૂબવા લાગ્યું. એવામાં એકાએક કુદરતી કૃપાથી એ નિશ્ચલ જળમાં સંચાર માલૂમ પડ્યો. પાણી વેગથી વહેવા માંડ્યું. પાણીના વેગમાં તેઓ તણાતા તણાતા અરધા માઈલની અંદર આવી પહોંચ્યા. એટલે અમુંડસેને સિગ્નલ કરીને જણાવ્યું કે પ્લેનની આશા છોડી દેવી, અને પ્લેન છોડીને ચાલ્યા આવવું. લાચારીથી એમને એ પ્રમાણે જ કરવું પડ્યું.

લિંકન આવીને જુએ છે, તો એ પાંચ દિવસોમાં અમુંડસેનની ઉંમરમાં દસ વરસનો વધારો થઈ ગયો હતો.

પણ આ ભયંકર આફતમાં પણ તેના મનમાં લગારે ભય નહોતો. પ્લેનની કૅબિનમાં તેણે નવો કાર્યક્રમ ઘડી લીધો હતો અને તે પ્રમાણે બધું કામ નિયમિત ચાલતું હતું. ક્યાંય ઉતાવળ કે ધાંધલ નહોતી. ગભરાટ કે ધાસ્તી પણ નહોતી. જો આ બરફમાં જ સમાધિ લેવી પડે તો તે પણ સાચા વાઇકિંગને છાજે એવી ધીરતા અને વીરતાથી સામી છાતીએ વધાવી લેવાની તેની તૈયારી હતી!

આ બાજુ આખી દુનિયા અમુંડસેનના પાછા ફરવાની કાગને ડોળે રાહ જોતી હતી. તેને પાછા ફરવાની ઘડી ક્યારની વહી ગઈ હતી—પણ કેમ અમુંડસેન ન આવ્યો? જરૂર કાંઈ આફત આડી આવી હશે—પણ એ આવશે તો ખરો જ એવો દુનિયાને વિશ્વાસ હતો.

પણે ધ્રુવપ્રદેશના નિષ્કરુણ બરફમાં વિમાન ભાંગીને પડેલો અમુંડસેન અને તેના સાથીઓ તો મનથી ગાંઠ વાળીને પડ્યા હતા કે હવે અહીં જ દફનાવાનું છે. પણ આમ છતાં તેમણે મરણ સાથે ઝૂઝવાનું છોડ્યું નહોતું.

આવી અવસ્થામાં પણ તેમણે પ્લેનને સમારવાનું શરૂ કર્યું. ધીમે ધીમે ખોરાક ખૂટવા આવ્યો. રોજ માથાદીઠ અરધો રતલ જ ખોરાક આપવાનું શરૂ કર્યું. આમ કરતાં કરતાં જૂન મહિનો આવી પહોંચ્યો. આખરે તેમણે નક્કી જ કર્યું કે વિમાનને પડતું મૂકી પગે ચાલીને ગ્રીનલૅંડ તરફ જવું. બરફ ક્યારે ગળીને પાણી થશે એનું કંઈ કહેવાય નહિ, અને ત્યાં સુધી જીવતા રહેવાશે જ એની

પણ શી ખાતરી ? ગમે તેમ કરીને ભાંગેલું વિમાન સમાર્યું તો ખરું, પણ કોઈ પણ ઉપાયે તે ચાલ્યું નહિ, અડી બેઠું.

૨ જી જૂનની મધરાત ગાજતી હતી. સૌ ઘોર ઊંઘમાં પડયા હતા. માત્ર અમુંડસેનની આંખમાં ઊંઘ નહોતી. પ્રાણીશૂન્ય અનંત મૌનમાં તે એકલો જાગતો હતો. એકાએક કંઈક વિકટ અવાજ થયો. તે સમજી ગયો કે બંને બાજુથી બરફના ખડકો આવીને પ્લેન સાથે ભટકાયા. તેણે બધાને તૂતક ઉપર લઈ લીધા. સવારે જુએ છે તો વિમાન બંને બાજુથી તૂટી ગયું હતું.

ફરીથી તે ભાંગેલું પ્લેન સમું કરવા મંડી ગયા. એ અઠવાડિયાં તો બે યુગ જેવાં લાગ્યાં ! ૧૪મી જૂને દક્ષિણમાંથી સુસવાટા કરતો પવન ફૂંકાવા લાગ્યો. હવે કદાચ વિમાન ઉપાડી શકાશે એવી આશા બંધાઈ. પણ એ દક્ષિણનો પવન ફોગટ ગયો. ૧૫મી જૂનને દિવસે ઉત્તર દિશામાંથી પવન ફૂંકાવા લાગ્યો અને ધીમે ધીમે વધવા માંડયો. આશાથી અને ઉત્કંઠાથી એ બધા વિમાનમાં પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. પ્લેન ધમધમવા લાગ્યું અને ધુમ્મસને ભેદીને ઊંચે ચડયું—વધારે ઊંચે ચડયું —ચાલવા લાગ્યું—ઘર તરફ વળ્યું—પૃથ્વીને ભેટવા દોડયું —માનવવસ્તી તરફ ચાલ્યું—ધીમે ધીમે નીચે બરફને બદલે જમીન દેખાવા લાગી—એલ્સવર્થ પોતાના સાથીઓ તરફ ફરીને જુએ છે તો સૌ હાથમાં બિસ્કિટ લઈને ચાવતા હતા. અમુંડસેન પાછો આવ્યો !

પણ ધરતી પર પગ મૂકતાં જ તેણે નિશ્ચય કર્યો કે ફરી પાછા જવું. આ વખતે ઉત્તર ધ્રુવે પહોંચાયું નથી, એટલે ફરી વાર જઈને આકાશમાંથી ધ્રુવનાં દર્શન કરવાં. પણ હવે વિમાનમાં નહિ પણ બલૂનમાં જવું. ખૂબ તપાસ કર્યા પછી તેણે નક્કી કર્યું કે ઈટલીનું N. I. નામનું હવાઈ જહાજ મળે તો સારું. N. I. ખરીદી લેવા માટે અમુંડસેન રોમ ગયો અને મુસોલિનીને મળ્યો.

મુસોલિનીએ ખાસ મહેનત લઈ એ વ્યવસ્થા કરી આપી અને એવું નક્કી કર્યું કે કર્નલ નોબાઈલ એ જહાજના ચાલક તરીકે અમુંડસેનની સાથે જાય. આ વખતે એની સાથે અગિયાર જણા હતા.

પણ મુસાફરીની શરૂઆતમાં જ તેને સમાચાર મળ્યા કે અમેરિકાના કૅપ્ટન રિચર્ડ આકાશ માર્ગે ઉત્તરધ્રુવ ફરીને ગૌરવપૂર્વક પાછા ફર્યા છે!

એની યુવાનીની શરૂઆતમાં પણ એ ઉત્તર ધ્રુવે એને આ જ પ્રમાણે નિરાશ કરી પાછો કાઢ્યો હતો. આ વખતે ઊતરતી વયમાં પણ તેણે એને જાકારો દીધો. પણ એણે તો જવાનો નિશ્ચય કર્યો હતો. ઈટાલીના N. I. જહાજનું નવું નામ 'નૉર્જ' પાડવામાં આવ્યું. 'નૉર્જ' એટલે 'નોર્વે'. ૧૯૨૬ના મેની ૧૧મી તારીખે તેઓ સ્પિટ્ઝબર્ગનથી ઊપડ્યા.

આ વખતે માર્ગમાં કોઈ પણ જાતની મુશ્કેલી નડી નહિ. સોળ કલાકના પ્રવાસને અંતે તેઓ ઉત્તર ધ્રુવની

પેલી પાર જઈ પહોંચ્યા. જહાજમાંથી ત્રણ ઝંડા નીચે નાંખવામાં આવ્યા ત્યાર પછી તેઓ ઉત્તર ધ્રુવ વટાવીને આગળ વધ્યા. ૭૨ કલાક પછી આખો ઉત્તર ધ્રુવ પ્રદેશ વટાવી તેઓ પાછા માનવ જગતમાં દાખલ થયા.

ઉત્તરમાં ઉત્તરધ્રુવ અને દક્ષિણમાં દક્ષિણધ્રુવ એમ બંને ધ્રુવમાં અમુંડસેનનો વિજયધ્વજ ફરફરવા લાગ્યો, જાણે માનવની અદમ્ય પ્રાણશક્તિનું પ્રતીક !

ઉત્તર ધ્રુવથી પાછા આવ્યા પછી એક અતિશય શોચનીય બનાવ બન્યો. 'નોર્જ'ના ચાલક મેજર નોબાઈલની સાથે અમુંડસેનને સખત ઝઘડો થયો અને તેને પરિણામે બે વચ્ચે દુશ્મનાવટ બંધાઈ. ધીમે ધીમે લોકો અમુંડસેનનું નામ પણ વીસરી ગયા. યૌવનની શરૂઆતથી જ દુર્દૈવ અને વાવંટોળ સામે ઝૂઝી ઝૂઝીને તે થાકી ગયો હતો. અકાળ વાર્ધક્યે તેને ઝડપ્યો અને એકલો અટૂલો કરી નાખ્યો. આમ ને આમ તે એક ખૂણામાં પડચો પડચો મૃત્યુની ઝંખના કરવા લાગ્યો.

પણ વાઇકિંગ કદી ઘરને ખૂણે મરે ખરો ?

આ બાજુ મેજર નોબાઈલ ધીમે ધીમે વધતો વધતો જનરલ નોબાઈલ થયો. ૧૯૨૮ના જૂનમાં જનરલ નોબાઈલ ઈટલીના હવાઈ જહાજમાં ઉત્તર ધ્રુવ જવા ઊપડ્યો. પણ તે પાછો ન આવ્યો.

એને શોધવા એ અનંત નિર્જનતામાં, માર્ગહીન હિમપ્રદેશમાં મૃત્યુના સામ્રાજ્યમાં કોણ જાય ?

જરાજીર્ણ વૃદ્ધ અમુંડસેન બહાર પડયો! તે પોતાના હરીફની શોધમાં મૃત્યુમુખમાં જવા તૈયાર થયો. વાઇકિંગ વિના બીજો કોણ આ કરી શકે? વાઇકિંગ સિવાય કોણ આવી હામ ભીડે?

છેલ્લી વિદાયની ઘડી આવી પહોંચે ત્યારે વાઇકિંગથી ઘરને ખૂણે પડી રહેવાય જ કેમ?

ઘરડેઘડપણ અમુંડસેન નોબાઈલને શોધવા ઉત્તરધ્રુવ ઉપડયો! આખું જગત આ અપૂર્વ વીરત્વની વાત સાંભળી આશ્ચર્યથી થંભી ગયું.

માનવ વસ્તીથી ગાજતી પૃથ્વી છોડી અમુંડસેન નિર્જન ધ્રુવ પ્રદેશને પંથે પડયો. તે પાછો ન ફર્યો. ઉત્તર ધ્રુવની તુષારરાજિમાં તેનાં દેહાસ્થિ કયાં ભંડારાઈ ગયાં હશે. એ કોણ કહી શકે?

દક્ષિણ ધ્રુવમાં તેની વિજયપતાકા તેના યૌવનની સ્મૃતિ છે, અને ઉત્તર ધ્રુવમાં તેના વીરત્વની ફોરમ તેની અંતિમ સમાધિ છે.

યુરોપના આ છેલ્લા વાઇકિંગે ઈ. સ. ૧૯૨૮માં પોતાની જીવનકલા સંકેલી લીધી.

□

[ ૭ ]

# સોરાબજી પોંચખાનાવાળા

જે માણસણે જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જેને પરિસ્થિતિ સામે ઝૂઝવું પડે છે, તેની શક્તિઓનો વિકાસ વધારે થાય છે. તેને જીવનનો અનુભવ અને એટલે જ રસ વધારે મળે છે. આમ મુશ્કેલીઓનો જીવનઘડતરમાં ખૂબ મહત્ત્વનો ભાગ હોય છે, અને એથી જ જેને જીવનમાં બધી જ જાતની સગવડો અને સરળતાઓ મળતી રહે છે, તેની શક્તિનો પૂરો વિકાસ થતો નથી અને તેનામાં દૃઢતા ઝૂંઝારવૃત્તિ ખીલતાં નથી. તે સદા નવી પરિસ્થિતિથી ડરતો રહે છે.

માત્ર ત્રીસ વર્ષની વયે એક નવી બૅંક સ્થાપવાનું સાહસ કરી તેની વ્યવસ્થાની બધી જોખમદારી ઉપાડી લઈ તે પૂરેપૂરી સફળ રીતે પાર ઉતારનાર શ્રી. સોરાબજી પોંચખાનાવાળાનું જીવન અનેક મુશ્કેલીઓ અને પ્રતિકૂળ પરિસ્થિતિ સામે ઝૂઝીઝઘડીને કસાયેલું અને ઘડાયેલું હતું. અને એમના વિજયની ચાવી એમની અભ્યાસી વૃત્તિ, ચીવટ અને ધ્યેયનિષ્ઠામાં સમાયેલી હતી.

સોરાબજીનો જન્મ ઈ. સ. ૧૮૮૧ના ઑગસ્ટની ૯મી તારીખે મુંબઈમાં થયો હતો. એમને ત્રણ મોટા

ભાઈઓ અને ત્રણ મોટી બહેનો હતી. એ સૌમાં નાના હતા. એમના પિતા શ્રી નસરવાનજી મઝગાંવમાં હોટેલ ચલાવતા હતા. પાછળથી એમણે કોટમાં વેલિંગ્ટન હોટેલ ખોલી હતી. મઝગાંવ હોટેલની તે વખતે મુંબઈમાં સારામાં સારી હોટેલમાં ગણના થતી હતી, અને વિદેશી પ્રવાસીઓની ત્યાં બધી સગવડ સચવાતી હતી.

આવી સાધારણ સ્થિતિમાં જન્મેલા બાળકને નાનપણમાં પિતાની ખોટ પડે, ત્યારે તેને માથે ભારે આફત ઊતરી પડ્યા જેવું થાય છે, અને સોરાબજીને એવું જ થયું. એમની ઉંમર માત્ર છ જ વર્ષની થઈ હતી, ત્યાં એમના પિતાનું અવસાન થયું, અને આખા વિશાળ કુટુંબનો બધો બોજો એમના મોટા ભાઈ હીરજીભાઈને માથે આવી પડ્યો. હીરજીભાઈ ચાર્ટર્ડ બૅંક ઑવ ઇન્ડિયા ઑસ્ટ્રેલિયા ઍન્ડ ચાયનામાં કામ કરતા હતા, અને તેમને માત્ર સો રૂપિયા પગાર મળતો હતો. મુંબઈમાં સો રૂપિયાના પગાર ઉપર આઠ દસ માણસનું કુટુંબ નભાવવું અને પોતાનાં નાનાં ભાઈબહેનોને ભણાવવાં એ ભારે કપરું કામ છે. પણ હીરજીભાઈએ ખૂબ કરકસરથી અને મોજશોખને જતાં કરી આખા કુટુંબને સારી રીતે સંભાળ્યું, છેવટ સુધી લગ્ન ન કર્યું અને ઈ. સ. ૧૯૩૬માં તેમનું અવસાન થયું ત્યાં સુધી પોતાનાં નાનાં ભાંડુઓની પિતાની ખોટ પૂરી.

આ મોટાભાઈની દેખરેખ નીચે સોરાબજીની કેળવણી ચાલવા માંડી અને સોળ વરસની વયે તેમણે મૅટ્રિકની

પરીક્ષા પાસ કરી. ત્યાર પછી બી. એ. થવાના મનસૂબાથી તેઓ મુંબઈની સેંટ ઝેવિયર કૉલેજમાં દાખલ થયા, પણ પહેલે જ વરસે 'પ્રીવિયસ'ની પરીક્ષામાં નાપાસ થયા. એમને થયું કે બી. એ. થવાનું મારે માટે નથી, મેં એમાં પડવામાં ભૂલ કરી છે. પોતે નાપાસ થયા એથી એમને ખૂબ જ લાગી આવ્યું. એમને એટલે જ અભ્યાસ છોડી દેવો પડ્યો અને નોકરીની શોધમાં નીકળવું પડ્યું. સારી સારી ભલામણો હોવા છતાં ક્યાંય પત્તો ખાધો નહિ, એટલે આખરે એમના મોટાભાઈએ પોતે જે બૅંકમાં હતા તે જ બૅંકમાં એમને મહિને ૨૦ રૂપિયાના પગારે કારકુન તરીકે દાખલ કરાવી દીધા.

એમના કાકા એ બૅંકમાં હેડ ક્લાર્ક હતા. તેમની અને હીરજીભાઈની મદદથી સોરાબજીએ બૅંકના કામમાં ઝપાટાભેર પ્રગતિ કરવા માંડી. આવી વિદેશી બૅંકોને યુવાન હિંદીઓને બધાં ખાતાંનો અનુભવ આપી તૈયાર કરવાની કશી પડી નથી હોતી, એટલે સોરાબજી પોતાના ઉત્સાહથી જ જુદાંજુદાં ખાતાંની માહિતી અને તાલીમ લેવા લાગ્યા. આમ એમણે પોતાની મેળે જ શીખી શીખી એટલી કુશળતા મેળવી લીધી કે બે વરસ પછી જ્યારે એમના ભાઈ માંદા પડ્યા ત્યારે તેમનું કામ એઓ સારી રીતે સંભાળી લઈ શક્યા.

પોતાનું જ્ઞાન અને આવડત વધારવા એઓ હંમેશાં પ્રયત્ન કર્યા કરતા હતા. દર રવિવારે એમણે નામાના વર્ગોમાં જવાનું શરૂ કર્યું, અને એમ કરીને એમણે લંડન

ચેમ્બર ઑવ કૉમર્સની અને એવી બીજી સંસ્થાઓની પરીક્ષા પસાર કરી.

આ અરસામાં ચાર્ટર્ડ બૅંકના કોઈ અમલદારે લંડનના ઇન્સ્ટિટ્યૂટ ઑવ બૅંકર્સનું માસિક એમને આપ્યું. એ ઉથામતાં ઉથામતાં એ સંસ્થા તરફથી લેવાતી પરીક્ષાનો અભ્યાસક્રમ અને માહિતી સોરાબજીની નજરે ચડયાં. તરત જ એમને ખ્યાલ આવ્યો કે હું જો આ પરીક્ષા આપું તો મારી ચડતી થાય ખરી. પણ તે જમાનામાં એ પરીક્ષાને માટે તૈયાર કરે એવી એકે શાળા નહોતી, અને એ પોતે એટલું ભણેલા નહોતા કે આવા શાસ્ત્રીય વિષયોનો અભ્યાસ આપમેળે કરી શકે. પણ સદ્ભાગ્યે એ જ માસિકમાં પાછળના ભાગમાં એક સંસ્થાની જાહેર ખબર એમના જોવામાં આવી. તેમાં એ સંસ્થા આ પરીક્ષાનો અભ્યાસક્રમ ટપાલ મારફતે તૈયાર કરાવે છે, એવું જણાવ્યું હતું. આ વાંચતાં જ સોરાબજી રાજી રાજી થઈ ગયા, અને એમણે તો તરત જ તે સંસ્થા જોડે પત્ર-વ્યવહાર શરૂ કરી દીધો. એમના મોટાભાઈએ અને બીજા મિત્રોએ એમને બહુ કહ્યું કે તું શું કરવા આ માથાકૂટમાં પડે છે? આ પરીક્ષા કશા કામમાં આવવાની નથી. તું ખાસો અહીં બૅંકમાં કામ કરે છે. એનો અનુભવ જ તને ઉપયોગી થવાનો છે. થોથાં ગમે એટલાં ઉથામશે પણ તે બધાં નકામાં જશે. પણ આવાં વચનોથી કંઈ સોરાબજીની જ્ઞાનતૃષા મરી ન ગઈ. તેમણે પોતાનો અભ્યાસ ચાલુ જ રાખ્યો.

આ વખતે એઓ કેટલું બધું કામ કરતા હતા તેનો કંઈક ખ્યાલ આવી શકે માટે એમની એક દિવસની દિનચર્યા ટૂંકમાં આપવી જોઈએ. એઓ સવારમાં વહેલા ઊઠતા અને સાડા સાત થાય તે પહેલાં જ પરવારીને વેપારી પરીક્ષા માટે તૈયારી કરતા છોકરાઓના નામાના વર્ગો લેવા ઊપડી જતા. વર્ગોમાંથી દસ વાગે પરવારી ઘેર આવી જરાતરા જમી લઈ સાડા દસ વાગે પાછા બેંકમાં કામે ચડી જતા. ત્યાં સાંજે મોડે સુધી કામ કરતા. આઠ વાગ્યા પહેલાં તો કોઈક જ વાર બેંક છોડી શકતા અને શનિવાર હોય ત્યારે તો એથી પણ ખૂબ મોડું થતું. અને છતાં જો કામ પૂરું ન થતુ તો વળી રવિવારે પણ જવું પડતું. બેંકમાંથી નીકળી સીધા ઘેર જ જતા. કોઈ જાતની સહેલસટાક કરવા કે ફરવા સુધ્ધાં જતા નહિ. આમ એમણે પોતાના ધ્યેયની સાધનાને અર્થે બધા મોજશોખોને તિલાંજલિ આપી હતી. ઘેર જઈને વાળુ કર્યા પછી થોડીવાર પોતાનાં ભાઈબહેન સાથે સંગીતમાં ભળતા અને આખા દિવસનો થાક ઉતારતા. પણ થોડી જ વારમાં સાડાનવ દસ વાગે કે તરત જ એઓ પાછા પરીક્ષાના અભ્યાસમાં મંડી પડતા અને મધરાત પછી સૂતા. આ ઉપરથી આપણને એમની કામ કરવાની શક્તિ, ચીવટ અને અડગ ધ્યેય-નિષ્ઠાનો ખ્યાલ આવે છે. એમના મિત્રો અને ઓળખીતાઓ જ્યારે ચોપાટી કે મેદાન પર વાતોના તડાકા મારતા, ત્યારે એઓ પોતાના વિષયનું જ્ઞાન સંપાદન કરતા. વળી કુટુંબનો બોજો ઉઠાવવામાં પોતે પણ કંઈક મદદ કરી

શકે એટલા માટે સવારે અને બીજા ફાજલ વખતમાં નામાના વર્ગો લેતા અથવા છોકરાને ભણાવવા જતા.

પોતાના મોટાભાઈને અને કાકાને તેમના કામમાં બને એટલી મદદ કરવાનો એમનો નિયમ હતો. એટલે તેમની પાસેથી એમને ફોરીન એક્ષ્ચેંજનું પણ જ્ઞાન મળ્યું. સામાન્ય રીતે આ વસ્તુ ખૂબ છૂપી રાખવામાં આવે છે. અને તે વખતે તો આની આંટીઘૂંટી સમજનાર માણસો આખા મુંબઈમાં બે કે ત્રણ જ હતા એમ કહેવાય છે. આ ખાતાનો હિસાબ હીરજીભાઈને સોંપેલો હતો એટલે તેમને મદદ કરતાં સોરાબજીને આ અગત્યના વિષયની માહિતી મળી ગઈ.

૧૯૦૫ માં એમના કાકાનું અવસાન થયું અને તેમની જગ્યાએ હીરજીભાઈ હેડક્લાર્ક થયા અને સોરાબજીને હિસાબનું કામ સોંપવામાં આવ્યું. એક્ષ્ચેંજ બેંકોમાં હેડક્લાર્કનું કામ ખૂબ જવાબદારીનું હોય છે, અને હીરજીભાઈએ એ કામ પંદર વરસ સુધી કર્યું, છતાં ગમે તેવા કાબેલ હિંદીને પણ આગળ વધવા ન દેવાની પરદેશી બેંકોની નીતિએ તેમની પ્રગતિને રૂંધી.

સોરાબજીએ લંડનના બેંકર્સ ઇન્સ્ટિટયૂશનની પરીક્ષાનો પહેલો ભાગ પસાર કર્યો. આ પરીક્ષા પસાર કરનારને લંડનની બેંકો પાંચ પાઉંડનો વધારો આપે છે એ સોરાબજી જાણતા હતા, પણ એમને એ વધારો મળ્યો

નહિ, એટલે એમણે ઠેઠ લંડન સુધી લખાણ કર્યું. ત્યાંથી જે જવાબ મળ્યો તે જોઈને એઓ આભા જ થઈ ગયા—'એ વધારો હિંદી શાખાઓ માટે નથી.' આથી એમને ભારે આઘાત થયો. પણ એથી હિંમત ન હારતાં એમણે એ પરીક્ષાનો બીજો ભાગ પણ આપવાનો નિશ્ચય કર્યો અને તેના અભ્યાસ પાછળ મંડયા. આ પરીક્ષામાં એઓ અર્થશાસ્ત્રમાં નાપાસ થયા હતા એટલે એની પાછળ એમણે ખૂબ મહેનત લીધી અને આખરે ૧૯૧૦ માં જ્યારે એઓ ઇન્ડિયા બેંકમાં કામ કરતા હતા, ત્યારે એમણે આ પરીક્ષા પસાર કરી. આ પરીક્ષા આપનાર એઓ પહેલા જ હિંદી હતા.

૧૯૦૫ માં સર સાસૂન ડેવિડ, કાવસજી જહાંગીર, રતનજી તાતા, ચૂનીલાલ સરૈયા વગેરેએ મળીને ઇન્ડિયા બેંકની સ્થાપના કરી. આજે એ બેંક ઑવ ઇન્ડિયાને નામે ઓળખાય છે. પોતાને બેંકના કામનો સાત સાત વર્ષનો અનુભવ હતો એટલે આપણા ચરિત્રનાયકને લાગ્યું કે આ દેશી બેંકમાં મને સારી તક મળશે, અને એ આશાએ એઓ સર સાસૂનને મળ્યા. તેમના ઉપર આ યુવાનની ખૂબ સારી છાપ પડી અને તેમણે એમને પૂછ્યું કે તમો શું પગાર લેશો ? એમણે બસો રૂપિયાની માગણી કરી, પણ છેવટે એમને માસિક દોઢસોના પગારથી મદદનીશ હિસાબ-નીસની જગ્યાએ નીમવામાં આવ્યા. સારી જગ્યા મળી એટલે એમણે પગારની પરવા ન કરી અને જગ્યા સ્વીકારી લીધી.

ઘેર જઈને એમણે પોતાના ઘરનાં માણસોને વાત કરી કે મેં નોકરી બદલવાનો વિચાર કર્યો છે. આ સાંભળીને એમનાં મા અને ભાઈઓને ખૂબ નવાઈ લાગી અને તેમણે એમને ખૂબ સમજાવ્યા કે આ ચાલુ સધ્ધર બૅંકની નોકરી છોડીને તું નવી નીકળતી બૅંકમાં જાય છે, એ બરાબર નથી કરતો. પણ એમણે માન્યું નહિ આખરે છેલ્લા ઉપાય તરીકે એમનાં ઘરનાં માણસોએ થોડા દિવસ સુધી એમની સાથે બોલવાનું છોડી દીધું. આથી સોરાબજીને દુઃખ તો થયું, તેઓ જરા નાહિંમત પણ થઈ ગયા, છતાં પોતાના વિચારમાં મક્કમ રહી તેમણે રાજીનામું આપી દીધું.

આમ એઓ નવી જ નીકળેલી ઇન્ડિયા બૅંકમાં મદદનીશ હિસાબનીસ તરીકે કામ કરવા લાગ્યા. પણ એ બૅંકમાં જે માણસની મૅનેજર તરીકે નિમણૂક થઈ હતી તે આવ્યો જ નહિ. તેના પછી જેની નિમણૂક કરી તે પણ ન આવ્યો અને આ મુશ્કેલીમાં બૅંકની વ્યવસ્થાનું બધું કામ અનુભવી સોરાબજીને જ કરવું પડ્યું. એમણે એ કામ ખૂબ કાબેલિયત અને બાહોશીથી કર્યું. આને અંગે એમને મોટા મોટા વેપારીઓનો અંગત પરિચય થયો, અને પોતાની શક્તિ વિષેનો વિશ્વાસ દૃઢ થયો.

આખરે ૫૦૦૦ના પગારે યુરોપિયન મૅનેજર સ્ટ્રિંગફેલો આવ્યા અને તેમણે પણ આ બાહોશ યુવાનની મદદથી જ બધું કામ ચલાવવા માંડ્યું. આખો વખત એમને આ મૅનેજર પાસે જ રહેવું પડતું, અને મૅનેજર એમની કુશળતા

ઉપર ખુશ હતા, એ જોઈને મુખ્ય હિસાબનીસની આંખમાં ઝેર વસ્યું, અને એમને ઠેકાણે લાવવા માટે તેણે એક દિવસ સોરાબજીને કહ્યું કે ચેક વગેરે ઉપર તો સહી મુખ્ય હિસાબનીસે કરવાની હોય છે; એટલે તમે હવે એમાં ન પડશો. આમ કહીને એ એવું કહેવા માગતો હતો કે તમને મદદનીશ હિસાબનીસ તરીકે રાખ્યા છે, પણ તમે એક કલાર્ક જેવા જ છો. તમારે તો મુખ્ય હિસાબનીસની સૂચના પ્રમાણે જ કામ કરવાનું છે. વાત આટલેથી અટકી નહિ. થોડા જ દિવસમાં એક ગોરો મદદનીશ હિસાબનીસ થઈને આવ્યો અને તેને આવાં કશાં બંધન રહ્યાં નહિ, અને વધારામાં સોરાબજીએ સહી કરેલાં કાગળિયાં પણ એને બતાવવાં એવું ફરમાન થયું. દેશી બૅંકમાં પણ હિંદીઓનું આવું અપમાન થાય છે એ જોઈને સોરાબજીને ભારે આઘાત લાગ્યો અને આ અપમાન પણ એમને ખૂબ લાગ્યું. એમણે મૅનેજરને ફરિયાદ કરી, પણ તેમણે ઊલટું વાગેલામાં મીઠું છાંટ્યું. તેમણે કહ્યું કે તમે ભગવાનનો પાડ માનો કે તમારા ઉપર અમે આટલો પણ વિશ્વાસ મૂકીએ છીએ. બીજી બૅંકમાં તો હિંદીઓને આવું કામ પણ કોઈ સોંપતું નથી. આમાં ફરિયાદ કરવા જેવું કંઈ છે જ નહિ.

આ શબ્દો સાંભળીને સોરાબજીને હાડોહાડ લાગી ગઈ. તેમને સમજાઈ ગયું કે દેશી બૅંકમાં પણ જ્યાં સુધી બધી વ્યવસ્થા હિંદીઓના હાથમાં ન હોય ત્યાં સુધી હિંદીઓનું સ્વમાન સચવાય એમ નથી.

ત્યારથી એમને સ્વતંત્ર અને જેનું એકેએક ખાતું હિંદીઓના હાથમાં હોય એવી બૅંક ખોલવાનાં સ્વપ્નાં આવવા માંડયાં. જો હિંદીઓ બીજા ધંધામાં આટલી બધી સફળતાથી કામ કરી શકે છે, તો બૅંક કેમ ન ચલાવી શકે? આખરે પોતાની લાયકાત વધારવા એમણે લંડનની પરીક્ષાનો બીજો ભાગ પણ આપ્યો અને તેમાં પાસ થયા. એમનાં મનમાં મોટી મહત્ત્વાકાંક્ષાઓ અને હિંદનું નામ ઊજ્જવળ કરવાની કલ્પનાઓ ઊભરાવા લાગી.

આ બનાવ બન્યો એની સહેજ પહેલાં જ એમનાં લગ્ન એમની પિત્રાઈ બહેન સાકેરબાઈ સાથે થયાં હતાં. સાકેરબાઈએ એમને અનેક મુશ્કેલીના અને કટોકટીના પ્રસંગે ખૂબ ધીરજ અને હિંમત આપ્યાં છે અને એમના જીવનકાર્યમાં પૂરો સાથ દઈ એમનું જીવન સુખી બનાવવા પ્રયત્ન કર્યા છે. પણ એમના ગૃહજીવનની વિગતોમાં અહીં ન ઊતરીએ.

હિંદુસ્તાનમાં આ વખતે સ્વદેશીનો યુગ ચાલતો હતો. દેશભરમાં સ્વદેશી ચળવળનો જુવાળ ચડતો હતો. એને પરિણામે બીજી કેટલીક નવી સ્વદેશી બૅંકો પણ ઊઘડી. ચૂનીલાલ સરૈયાએ સ્વદેશી બૅંકની અને શ્રી. દાણીએ મર્ચન્ટસ બૅંકની સ્થાપના કરી. તે વખતે બધા એવું માનતા હતા, કે હિંદીઓને પશ્ચિમના લોકોની રીતે બૅંક ચલાવતાં આવડે એવું જ નથી, એટલે આ બધી બૅંકો તૂટી પડવાની છે. આ જ વખતે અમદાવાદના કેટલાક વેપારીઓએ મિ. સ્ટ્રિંગફેલોને કહ્યું કે તમે તમારી બૅંકની

એક શાખા અમદાવાદમાં ખોલો અને તેની વ્યવસ્થા કોઈ હિંદીને સોંપો. પણ સ્ટ્રિંગફેલોને કોઈ હિંદી લાયક લાગતો જ નહોતો. સોરાબજીને પોતાની શક્તિનો ખ્યાલ હતો અને તેઓ તક મળે તો પોતાની કાબેલિયત પુરવાર કરવા તત્પર હતા, પણ એ બને શી રીતે?

એવામાં નવી સ્થપાયલી મર્ચન્ટસ બૅંકના મૅનેજરે રાજીનામું આપ્યું અને તે જગ્યા ખાલી પડી. આ ખબર મળતાં જ સોરાબજીને થયું કે મારું સ્વમાન અને હિંદીઓનું ગૌરવ સાચવવાનો સુંદર પ્રસંગ હાથ આવ્યો છે. તરત જ સારા કામનાં પ્રમાણપત્રો અને ભલામણપત્રો લઈ એ તો બૅંકના ચૅરમૅન શ્રી. ગામડિયાને મળવા પહોંચ્યા. પણ એમને શી ખબર કે અહીં પણ એમને પાછા પડવાનું જ થવાનું છે. તદ્દન તરુણ એવા એમને જોઈને અને એમની ઉંમર માત્ર છવ્વીસ જ વર્ષની છે, એ જાણીને શ્રી. ગામડિયાએ એમને કહી દીધું કે તમો હજી નાદાન છો. છોકરાને બૅંકના મૅનેજર ન બનાવાય! પણ એમને ખબર નહોતી કે એ છોકરા જેવા દેખાતા છવ્વીસ વર્ષના તરુણે ઇંગ્લંડની બૅંકની ભારેમાં ભારે પરીક્ષા પસાર કરેલી હતી અને એને બૅંકના કામનો બાર બાર વર્ષોનો અનુભવ હતો. અતિશય હતાશ અને ગમગીન બનીને સોરાબજી પાછા ઘેર આવ્યા.

તે રાતથી એમની ઊંઘ ઊડી ગઈ. પોતાની લાચાર દશા અને ઉપરાઉપરી બનેલા પાછા પડવાના પ્રસંગોએ

એમને ખૂબ વિચાર કરતા કરી મૂક્યા. આખરે એમને પોતાના મિત્ર કલ્યાણજી વર્ધમાન જેતસીને મળવાનો વિચાર આવ્યો. તેમને મળીને બેંકના ખાતામાં હિંદીઓની કેવી અવગણના થાય છે, હિંદીઓની કાર્યકુશળતા વિશે કેટલી બધી અણપતીજ સેવાય છે, વગેરે બધું કહ્યું, અને છેવટે સૂચના કરી કે આપણે જો તદ્દન સ્વદેશી બેંક કાઢીએ તો આ કલંક ટળે. આટલા માટે જે મોટી મૂડી જોઈએ તે ક્યાંથી લાવવી એ જ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે.

એમની બધી વાત સાંભળી લીધા પછી જેતસી એમના વિચારો સાથે સંમત થયા, એટલું જ ન પણ એમને પોતાથી બનતી બધી મદદ આપવાને પણ તૈયાર થયા, ત્યારે એમના આનંદનો પાર રહ્યો નહિ.

આ વાતચીત પછી થોડા જ દિવસમાં શ્રી. જેતસીને બેંક ઓવ ઇન્ડિયા સાથે કંઈક અટરાગ પેદા થયો અને પરિણામે તેઓ નવી બેંકની યોજનામાં વધારે રસ લેવા લાગ્યા. એમણે બંનેએ મળીને શ્રી. લલ્લુભાઈ શામળદાસ, પુરુષોત્તમદાસ ઠાકોરદાસ, ફીરોઝ શેઠના વગેરે મોટા મોટા વેપારીઓ સાથે વાત કરી, પણ એમાંથી કોઈ આ નવી સ્થપાવાની બેંકના સંચાલક ( ડિરેક્ટર ) થવા તયાર ન થયા, ઊલટું તેમની વાત ઉપર તેમણે ઠંડું પાણી રેડ્યું. આમ ફરી વાર સોરાબજીનાં સ્વપ્નો ઉપર જબરો ફટકો પડ્યો.

એવામાં બન્યું એવું કે, એઓ જે લોકોને બૅંક સંબંધી વાત કરવા મળ્યા હતા, તેમાંના કોઈકે મિ. સ્ટ્રિંગફેલોને કહ્યું કે તમારો હિસાબનીસ તો નવી બૅંક કાઢવાના મનસૂબા સેવે છે. પહેલાં તો તેમને આખી વાત હસી કાઢવાનું મન થયું, પણ જ્યારે તેમણે સોરાબજીને બોલાવીને પૂછી જોયું અને જાણ્યું કે સાચે જ સોરાબજી નવી બૅંક કાઢવા માગે છે, ત્યારે તેમણે તેમને એ વિચાર પડતો મેલવા સમજાવ્યા, અને ખૂબ માયાથી કહ્યું કે તમે માની બેઠા છો કે હિંદીઓ યુરોપિયન પદ્ધતિએ બૅંક ચલાવી શકશે, એ બહુ વધારો પડતું છે. પણ જ્યારે એમણે જોયું કે આવી વાતોથી સોરાબજી ડગે એવા નથી, ત્યારે તેમણે તેમને કહ્યું કે તમારે કાં તો આ બૅંકની નોકરી છોડી દેવી, કાં તો આ નવી બૅંક ખોલવાનો વિચાર છોડી દેવો. હું તમને આનો નિર્ણય કરવા માટે ચોવીસ કલાક આપું છું.

અહીં મહિને અઢીસો રૂપિયાનો પગાર મળતો હતો, પેલી બૅંકનાં તો હજી સ્વપ્નાં જ હતાં. કોઈ ડિરેકટર થવા પણ તૈયાર થતું નહોતું. આ સ્થિતિમાં આવો નિર્ણય કરવાનો આવ્યો. એટલે સોરાબજીને વિચાર તો થઈ પડ્યો હશે, પણ એ કાચાપોચા કે નબળા મનના નહોતા. એમણે તો ચોવીસ કલાક તો શું પણ ચોવીસ મિનિટે એનો નિર્ણય કરવામાં ન લીધી. ત્યાં ઊભાં ઊભાં જ થોડી મિનિટમાં એમણે બધી પરિસ્થિતિનો વિચાર કરી લીધો

અને જવાબ આપ્યો: "સાહેબ, મેં નિર્ણય કરી લીધેલ છે. હું બેંકમાંથી રાજીનામું આપું છું."

આ સાંભળીને મિ. સ્ટ્રિંગફેલો તો સજડ જ થઈ ગયા. તેમણે આવા અને આટલી જલદી જવાબની આશા રાખી નહોતી. કદાચ લાગણીવશ થઈને આ જવાબ આપ્યો હશે એમ ધારી તેમણે સોરાબજીને ઉતાવળો નિર્ણય ન કરવા કહ્યું, પણ વ્યર્થ.

આમ પોતાની નોકરીનું રાજીનામું આપી સોરાબજી ઘેર આવ્યા. ઘરનાં માણસોએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે ભારે વિરોધ મચાવ્યો. 'બેંક કાઢવી એ કાંઈ ખાવાના ખેલ છે? આમ તે કાંઈ ચાલુ નોકરી છોડી દેવાતી હશે? હવે ખાશો શું!'

આખા કુટુંબના વિરોધમાં પણ એમને એમનાં પત્નીનો સાથ હતો અને એઓ પોતાના નિશ્ચયને વળગી રહ્યા. નવી બેંક કાઢવાની યોજના વિચારવા માંડી.

બીજે જ દિવસે તેઓ જઈને કલ્યાણજીને મળ્યા અને બંનેએ મળીને બધું નક્કી કરી બેંક માટે મકાન શોધવા માંડ્યું. આ જ અરસામાં ઈસ્ટર્ન બેંક પોતાની ઑફિસની જગ્યા બદલીને બીજા મકાનમાં ગઈ હતી અને જૂનું મકાન હજી તેના કબજામાં જ રહેવાનું હતું, એટલે એ મકાન જ મહિને છસો રૂપિયાનું ભાડું ઠરાવી રાખી લીધું. તરત જ બે ખુરશી અને બે ટેબલો ખરીદી આણ્યાં

અને નોકરી છોડી તેને બીજે જ દિવસે એમણે ઑફિસ જમાવી દીધી!

ઈસ્ટર્ન બૅંકના કૅશિયર વિકાજી પણ આ બે જણ સાથે જોડાવા તૈયાર થયા, અને આટલું નક્કી થતાં એમણે ઓછા જાણીતા વેપારીઓમાંથી ડિરેક્ટરો મેળવી લીધા અને બૅંકનું બંધારણ પણ ઘડી કાઢ્યું. હવે ચૅરમૅન તરીકે કોઈ પ્રતિષ્ઠિત માણસ મળે તો ગાડું બરાબર ચાલે. એટલે એ લોકો કોઈ સારા પ્રમુખની શોધમાં પડ્યા. આ પ્રમુખનો પ્રશ્ન તો મૂંઝવતો હતો જ ત્યાં વળી બર્મા બૅંક તૂટી. આને લીધે લોકો નવી બૅંકો વિશે વધારે વહેમાવા લાગ્યા અને એમનું કામ વધારે મુશ્કેલ થઈ પડ્યું.

આ અરસામાં સર ફીરોજશાહ મહેતા વિલાયતથી આવ્યા અને આ ત્રણ જણને એમને પ્રમુખ બનાવવાનો વિચાર આવ્યો. પણ આવા મોટા માણસને મળતાં પણ બીક લાગે. જેમ તેમ કરી મુલાકાત તો ગોઠવી અને મળવા ગયા. ફીરોઝશાહે ખૂબ શાંત ચિત્તે વાત કરી અને બંધારણમાં થોડો ફેરફાર કરવામાં આવે તો પોતે પ્રમુખ થવાનું સ્વીકાર્યું. આમ આ બૅંક ૨૧ મી ડિસેમ્બર ૧૯૧૧ના રોજ સરકારમાં નોંધાઈ અને ૨૪મી જાન્યુ-આરીના રોજ સર ફીરોજશાહે એના ડિરેક્ટરોની સભામાં પહેલવહેલું પ્રમુખસ્થાન લીધું. જૂન મહિનામાં બંધારણમાં

ઘટતા ફેરફારો કરવામાં આવ્યા. માર્ચની પંદરમી સુધીમાં એટલે કે બૅંક ખૂલ્યાને પૂરા ત્રણ મહિનાયે થયા નહોતા ત્યાં તો એને જોઈતી વીસ લાખની મૂડી પૂરેપૂરી મળી ગઈ હતી.

સોરાબજી મહિને ૮૦૦ના પગારે આ નવી બૅંકના મૅનેજર નિમાયા અને બૅંકનું કામ શરૂ થયું.

આ બૅંક સ્થપાયાને હજી બે જ વરસ થયાં હતાં ત્યાં સ્પેસી બૅંક અને પીપલ્સ બૅંક તૂટી. લોકોમાં અવિશ્વાસ અને ગભરાટ ફેલાયો અને આ નવી જ બૅંક ઉપર નાણાં ઉઠાવવા માટે લોકોનો ભારે દરોડો પડ્યો. આ આફતમાંથી બૅંકને બચાવવા ભગીરથ પ્રયત્નો થયા. એક અસામીએ અમુક અવેજ ઉપર પાંચ લાખ રૂપિયા આપવા કહેલા તેણે રાતે એક વાગ્યે ના પાડી. નિરાશ થયેલા વિકાજીએ મધરાતે આ સમાચાર સોરાબજીને આપ્યા. તેમણે તરત જ માથેરાનમાં વસતા સર ફીરોજશાહને અને સર કાવસજી જહાંગીરને મદદ માટે વાત કરી અને સર કાવસજીએ મદદ કરવાનું કબૂલ કર્યું અને પોતે તાબડ-તોબ મુંબઈ આવ્યા. તેમણે બૅંક ઑવ બૉમ્બેમાંથી પોતાની જવાબદારી ઉપર નાણાં ઉપાડવા માંડ્યાં પણ જ્યારે બૅંકને ખબર પડી કે આ તો પેલી નવી બૅંકને ટકાવવા માટે નાણાં માગે છે, ત્યારે કાયદાની ઝીણવટનો કોઈ વાંધો કાઢી તેણે નાણાં આપવાની ના પાડી અને ઠેઠ કિનારે આવેલું વહાણ બૂડ્યા જેવું થયું.

આ વખતે એ બૅંકના મૅનેજર સોરાબજીને કેટલી નિરાશા થઈ હશે એ કલ્પી શકાય એમ છે, પણ આ અણીને વખતે સર ફીરોજશાહે એ બૅંકને બચાવવાનો નિરધાર કર્યો હતો, અને તેમણે પોતાના ઇલ્કાબના દસ્તાવેજો ગીરવી મૂકવા માટે કાઢી આપ્યા. જ્યાં લાખો રૂપિયાની જરૂર હોય ત્યાં આવા દસ્તાવેજના અવેજમાં મળે એટલા રૂપિયાનો શો હિસાબ? પણ સર ફીરોજશાહના આ કાર્યની અસર જબ્બર થઈ. એને લીધે બૅંકના બધા ડિરેક્ટરો જાગ્રત થઈ ગયા અને પોતપોતાનાં ખાનગી નાણાં લાવી લાવીને બૅંકમાં જમા કરાવવા લાગ્યા. આથી લોકોમાં ફરી બૅંકને વિશે વિશ્વાસ પેદા થયો અને એ બૅંક તૂટતી તૂટતી બચી ગઈ. અને ત્યાર પછી દિવસે દિવસે એની પ્રતિષ્ઠા વધતી જ ચાલી. ઈ. સ. ૧૯૨૧માં સરકારે એ બૅંકને મંજૂરી આપી એટલે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થાઓ પણ પોતાનાં નાણાં એમાં મૂકવા લાગી, અને એ પ્રમાણે મુંબઈની મ્યુનિસિપાલીટીએ પોતાના થોડાક લાખ રૂપિયા એ બૅંકમાં જમા કરાવ્યા હતા. થોડા વખતમાં મ્યુનિસિપાલીટીના કોઈ સભ્યે મ્યુનિસિપાલિટીની સ્ટૅંડિંગ કમિટિને એવી વાત કરી કે એ બૅંકે તો મોતીના અવેજમાં ખૂબ નાણાં ધીરેલાં છે, અને ભારે ખોટ જવાની વકી છે. આવી જાણ થતાં જ સોરાબજીએ એ સભ્યનો પીછો પકડયો અને આખરે તેને માફી માગવી પડી અને પોતાનો સૅન્ટ્રલ બૅંકમાં વિશ્વાસ છે એવું સૂચવવા મોટી રકમ બૅંકમાં જમા કરાવવી પડી.

આ બૅંકની ઝડપી પ્રગતિ જોઈને કેટલાક દાઝે બળવા લાગ્યા અને એના માર્ગમાં મુશ્કેલીઓ નાખવા લાગ્યા. મુંબઈના ક્લિયરન્સ હાઉસમાં એને દાખલ કરવામાં આવી હતી. છતાં કલકત્તાના ક્લિયરન્સ હાઉસમાં એ બૅંકને દાખલ કરવાની ના પાડવામાં આવી પણ સોરાબજીએ એ સામે સખત વાંધો ઉઠાવ્યો અને આખરે એ પરવાનગી મેળવી. ત્યાર પછી કલકત્તામાં પણ એ બૅંકનું કામ ખૂબ વધી ગયું અને એની એકંદર પ્રતિષ્ઠામાં પણ ખૂબ વધારો થયો.

આવી મોટી બૅંકોનો એક હેતુ એ હોય છે કે, રાષ્ટ્રીય ઉદ્યોગોને જોઈતાં નાણાં ધીરવાં. આ કામ સોરાબજીએ ખૂબ સારી રીતે બજાવ્યું અને કેટલીય મોટી મોટી પેઢીઓને અણીને વખતે મદદ કરી, ડૂબતી બચાવી. તાતા ઑઈલ મિલ્સ, માદન થિયેટર્સ, તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની વગેરે અનેકને એમણે આફતમાંથી ઉગાર્યાં હતાં. તે ઉપરાંત કેટલીક બૅંકોને પણ એમણે ઊડી જતી બચાવી હતી—યુનિયન બૅંક ઑવ ઇન્ડિયા અને તાતા ઇન્ડસ્ટ્રિયલ બૅંકનાં નામ આમાં ગણાવી શકાય.

આમ, એમણે જે કુશળતા, બાહોશી અને દીર્ઘદૃષ્ટિથી બૅંકનું કામ કરી બતાવ્યું એને લીધે એમની પ્રતિષ્ઠા પણ ખૂબ જામી અને એટલે જ જ્યારે કાશ્મીર રાજ્યે પોતાનાં રાજ્યની બૅંક ખોલવાનો વિચાર કર્યો ત્યારે બૅંકનું કામ શરૂ કરી આપવા એમને બોલાવ્યા હતા.

સિલોન સરકારે જ્યારે બેંકિંગ ઇન્કવાયરી કમિટી નીમી ત્યારે પ્રમુખ તરીકે એમને જ બોલાવ્યા હતા. અને યુક્ત પ્રાંતની સરકારે પણ પોતાના પ્રાંતના ઉદ્યોગોની આર્થિક વ્યવસ્થાને અંગે નીમેલી સમિતિમાં પણ એમને જ પ્રમુખ થવા નોતર્યા હતા. આ પ્રસંગે પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ એમણે સમાજને આપ્યો અને ભારે લોકસેવાનું કાર્ય કર્યું.

ગયે વરસે એટલે ૧૯૩૬ માં જ્યારે સેન્ટ્રલ બેંકની રૌપ્ય જયંતી ઉજવાઈ ત્યારે એ બેંકની સ્થાપનામાં અને એના વિકાસમાં ઉઠાવેલી જહેમતની કદર તરીકે એ બેંકની મુંબઈની કચેરીમાં સોરાબજીનું પૂતળું મૂકવામાં આવ્યું હતું.

જયંતી ઉજવાયા પછી તરત જ તેઓ લંડન ગયા અને ત્યાં સ્વતંત્ર એક્ષ્ચેંજ વિભાગ ખુલ્લો મૂક્યો.

આમ, પોતાની જિંદગીને ૩૦મે વરસે જે બેંકની સ્થાપના કરી તેની વ્યવસ્થા પોતે સંભાળી લીધી, તેની જ સેવામાં એમણે પોતાની આખી જિંદગી ખરચી નાખી અને તેને હિંદી વ્યવસ્થાથી ચાલતી બધી બેંકોમાં અગ્રગણ્ય સ્થાન અપાવ્યું. એ બેંકની શાખ એમણે કેટલી વધારી છે, તેનો ખ્યાલ આવે એટલા માટે એક બે વિગતો જાણવા જેવી છે. ગયે વરસે રૌપ્ય જયંતી વખતે રજૂ થયેલા આંકડા ઉપરથી એવું માલૂમ પડયું હતું કે એ બેંકમાં લોકોના જમા થયેલાં નાણાંનો સરવાળો ૨૫

કરોડનો થાય છે. એનો અર્થ એ થયો કે હિંદમાં જે ૮૪ હિંદી બૅંકો છે, તે બધીમાં એકંદરે જેટલાં નાણાં જમા થયેલાં છે, તેનો ત્રીજો ભાગ એકલી સેન્ટ્રલ બૅંકમાં જ છે. વળી બીજો એક હિસાબ એવો પણ કાઢવામાં આવ્યો છે કે, મુંબઈ શહેરની વસ્તીનો વિચાર કરીએ તો એ શહેરના દર ૧૦ માણસે એક જણનું ખાતું એ બૅંકમાં ચાલે છે. વળી એ બૅંકની બધી મળીને આખા દેશમાં પચાસ તો શાખાઓ છે.

આવા કાબેલ માણસની ખોટ તો કોઈ પણ દેશને સાલે તો આપણે ત્યાં જ્યાં આવાં સાહસો કુશળતાથી પાર ઉતારનાર માણસો ગણ્યાંગાંઠયાં છે, ત્યાં એમની ખોટ ભારે લાગે તેમાં નવાઈ શી?

□

## કુંગ ફુ-ત્ઝેનાં સુભાષિતો

ત્સાંગે કહ્યુ છે :— હું દરરોજ આત્મનિરીક્ષણમાં ત્રણ વસ્તુ તપાસું છું :

૧. બીજાઓ સાથેના વ્યવહારમાં મેં દ્રોહ તો કર્યો નથી ને?

૨. મિત્રો સાથેના વ્યવહારમાં હું સત્ય અને પ્રામાણિકતા તો ચૂક્યો નથી ને?

૩. ગુરુની શિક્ષા પાકી કરવામાં અને આચરણમાં ઉતારવામાં તો હું ચૂક્યો નથીને?

*

ભગવાને કહ્યું :—યુવાન જ્યારે ઘેર હોય ત્યારે તેણે પિતૃભક્ત રહેવું; અને બહાર હોય ત્યારે તેણે વડીલો પ્રત્યે માનથી વર્તવું. તેણે નિષ્ઠાવાન સત્યશીલ થવું. તેણે સહુ પ્રત્યે પ્રેમ રાખવો; અને સારા માણસોની મૈત્રી કરવી. આટલું કર્યા પછી જો તેને સમય અને પ્રસંગ મળે તો તેણે વિનયપૂર્વક અભ્યાસ કરવામાં તેનો ઉપયોગ કરવો.

*

ત્ઝે શિયાએ કહ્યું છે :— જો કોઈ માણસ કામિની-પ્રેમમાંથી ચિત્તને ખેંચી લઈ સદ્‌ગુણ-પ્રેમમાં લગાડે, પોતાનાં માતાપિતાની સેવામાં બધી શક્તિ ખર્ચે, રાજાની સેવામાં

પોતાનું જીવન આપે, પોતાના મિત્રો સાથેના વ્યવહારમાં સત્યનિષ્ઠા જાળવે, તો લોકો તેને ભલે અભણ કહેતા, હું તો કહીશ કે તેણે વિદ્યા મેળવી છે.

*

ભગવાન કુંગ ફુ-ત્ઝેએ કહ્યું છે :— જો વિદ્વાન ગંભીર ન હોય, તો તેના પ્રત્યે કોઈને આદર નહિ થાય અને તેનું જ્ઞાન સંગીન નહિ બને.

વફાદારી અને પ્રામાણિકતાને પ્રથમ સિદ્ધાંત માનો.

તમારી સમાન ન હોય એવો કોઈ મિત્ર ન રાખો.

તમારામાં કોઈ દોષ હોય તો તે છોડી દેતાં ડરો નહિ.

*

ભગવાને કહ્યું છે :— જ્યારે કોઈ માણસનો બાપ જીવતો હોય ત્યારે તેની વૃત્તિ કેવી છે — તેના મનનું વલણ કઈ તરફ છે તે જોવું, જ્યારે તેનો બાપ મરી ગયો હોય ત્યારે તેનું વર્તન જોવું. જો ત્રણ વરસ સુધી તે પોતાના માર્ગથી ચલિત ન થાય તો માનવું કે તે પિતૃભક્ત છે.

*

ત્ઝે કુંગે પૂછયું :— જે ગરીબ માણસ ખુશામત કરતો નથી અને જે ધનિક ગર્વ કરતો નથી તેને વિશે આપ શો મત ધરાવો છો ?

ભગવાને કહ્યું :— એ લોકો ઠીક છે; પણ એમની સરખામણી જે માણસ ગરીબ હોવા છતાં આનંદી હોય છે, અને જે માણસ ધનિક હોવા છતાં વિનયી હોય છે, તેમની સાથે ન થઈ શકે.

*

ભગવાને કહ્યું છે :— જે માણસ ન્યાયવૃત્તિથી રાજવહીવટ કરે છે તે ધ્રુવતારક સમાન છે, જે પોતાને સ્થાને અચલ રહે છે, અને બીજા બધા તારાઓ તેના તરફ મોં ફેરવે છે.

*

ભગવાન બોલ્યા :— જો લોકોને કાયદાથી ચલાવવામાં આવે અને શિક્ષા દ્વારા તેમનામાં એકરૂપતા લાવવાનો પ્રયત્ન થાય, તો લોકો શિક્ષામાંથી છટકવાનો પ્રયત્ન કરશે, પણ શરમાશે નહિ.

પણ જો તે લોકોને ધર્મબુદ્ધિથી ચલાવવામાં આવે અને શિષ્ટાચાર દ્વારા તેમનામાં એકરૂપતા લાવવાનો પ્રયત્ન થાય તો તેઓમાં શરમની લાગણી જાગશે અને ઉપરાંત તેઓ સદાચારી પણ બનશે.

*

ભગવાન બોલ્યા :— પંદરમે વરસે મને વિદ્યા શીખવાનું મન થયું.

ત્રીસમે વરસે મારામાં દૃઢતા આવી.

ચાળીસમે વરસે મને કાંઈ શંકા ન રહી.

પચાસમે વર્ષે હું ઈશ્વરની આજ્ઞા સમજતો થયો.

સાઠમે વરસે મારા કાન સત્ય ઝીલવાને તત્પર બન્યા.

સિત્તેરમે વરસે હું સત્યનો ભંગ કર્યા વગર મારી ઇચ્છાનુસાર વર્તી શકતો થયો.

*

મંગ આઈએ પૂછ્યું :— પિતૃભક્તિ એટલે શું ?

ભગવાને કહ્યું :— આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું તે.

ત્યાર પછી ફાન ચીહ તેમને ગાડીમાં ફરવા લઈ જતો હતો ત્યારે ભગવાને તેને કહ્યું :— મંગ સુને મને પૂછ્યું કે પિતૃભક્તિ એટલે શું, ત્યારે મેં કહ્યું કે આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું તે.

ફાન ચીહે પૂછ્યું :— તમારા કહેવાનો અર્થ શો ?

ભગવાને કહ્યું :— જ્યારે માબાપ જીવતાં હોય ત્યારે તેમની યોગ્ય રીતે સેવા કરવી જોઈએ, જ્યારે તેઓ અવસાન પામ્યાં હોય ત્યારે તેમને યોગ્ય રીતે દફન કરવાં જોઈએ, અને તેમનું યોગ્ય રીતે શ્રાદ્ધ કરવું જોઈએ.

મંગ-વુએ પૂછ્યું :— પિતૃભક્તિ એટલે શું ?

ભગવાને કહ્યું :— માબાપને માત્ર પોતાનાં બાળકો માંદાં પડે એની જ ચિંતા હોવી જોઈએ.

ત્ઝે યુએ પૂછ્યું :— પિતૃભક્તિ એટલે શું ?

ભગવાને કહ્યું :— આજકાલની પિતૃભક્તિનો અર્થ તો એટલો થાય છે કે પોતાનાં માબાપનું ભરણપોષણ કરવું; પણ ભરણપોષણ તો કૂતરાં અને ઘોડા પણ થોડે-ઘણે અંશે કરે છે, પૂજ્યભાવ વગર; આ બે ભરણપોષણ વચ્ચે ભેદ શો રહે?

ત્ઝે શિયાએ પૂછયું :— પિતૃભક્તિ એટલે શું?

ભગવાને જવાબ આપ્યો :— મુશ્કેલી તો ચહેરાની છે. જ્યારે વડીલોને કોઈ મુશ્કેલ કામ આપ્યું હોય ત્યારે જુવાનો તેનો શ્રમ ઊઠાવી લે, અને જ્યારે જુવાનો પાસે ખાનપાન હોય ત્યારે તે પોતાના વડીલો આગળ ધરે— આને આપણે પિતૃભક્તિ ગણવી? (પિતૃસેવા હસતે ચહેરે કરવી જોઈએ એવો અર્થ છે.)

*

ભગવાન બોલ્યા :— મેં આખો દિવસ હુઈને ઉપદેશ આપ્યો. અને મારી કોઈ પણ વાત સામે તેણે વાંધો ઉઠાવ્યો નહિ — જાણે બેવકૂફ જ ન હોય. તે ચાલ્યો ગયો ત્યાર પછી મેં તેની વર્તણૂક દૂર રહ્યાં રહ્યાં જોઈ તો માલૂમ પડયું કે તે મારા ઉપદેશને આચરવા સમર્થ છે. હુઈ કંઈ બેવકૂફ નથી.

*

ભગવાન બોલ્યા :— જો માણસ પોતાના જૂના જ્ઞાનમાં હમેશાં નવું નવું ઉમેર્યા કરતો હોય તો તે બીજાને શીખવી શકે.

*

ભગવાન બોલ્યા :— સાચો જ્ઞાની માણસ એ કંઈ (કોઈ એક જ ઉપયોગમાં આવે એવું) વાસણ નથી.

*

ત્ઝે કુંગે પૂછ્યું :— ઉત્તમ પુરુષનાં લક્ષણ શાં ?

ભગવાને કહ્યું :— તે બોલવા પહેલાં આચરે છે અને પછી પોતાના આચાર પ્રમાણે બોલે છે.

*

ભગવાને કહ્યું :— ઉત્તમ પુરુષ ઉદાર દિલનો હોય છે, પરમતસહિષ્ણુ હોય છે, પક્ષિલ હોતો નથી. નીચ પુરુષ પક્ષિલ હોય છે, ઉદાર નથી હોતો.

*

ભગવાને કહ્યું છે :— વિચાર વિનાની વિદ્યા એ કેવળ ગધ્ધાવૈતરું છે; અને વિદ્યા વિનાનો વિચાર એ ખતરનાક છે.

*

ભગવાને કહ્યું છે :— નવા નવા સિદ્ધાંતો—વાદોનો અભ્યાસ ખરેખર નુકસાનકર્તા છે !

*

ભગવાને કહ્યું છે :— યુ, જ્ઞાન એટલે શું એ હું તને શીખવું ? જ્યારે આપણે કોઈ વસ્તુ જાણતા હોઈએ ત્યારે તે જાણીએ છીએ એમ માનવું, અને જ્યારે આપણે કોઈ વસ્તુ ન જાણતા હોઈએ ત્યારે તે નથી જાણતા એમ કબૂલ કરવું, એનું નામ જ્ઞાન.

*

ત્ઝે ચુંગ બઢતી (ઊંચા અધિકાર)ની આશાએ ભણતો હતો.

ભગવાને કહ્યું :— સાંભળવું ઘણું, પણ જે જે વાતમાં શંકા પડે તે બાજુએ રાખવી, અને બાકીની પણ બોલવી તે ખૂબ સાવધાનીથી. આમ કરશો તો તને ઠપકો મળવાના પ્રસંગો ઓછા આવશે. જોવું ઘણું, પણ જે જે વસ્તુ જોખમકારક લાગે તે બાજુએ રાખવી, બાકીની પાર ઉતારવી, તે પણ ખૂબ સાવચેતીથી; આમ કરશો તો પસ્તાવાના પ્રસંગ તને ઓછા આવશે. જ્યારે માણસ પોતાની વાણીથી ઠપકાના પ્રસંગો ઓછા ઊભા કરે છે, અને પોતાના વર્તનથી પસ્તાવાના પ્રસંગો ઓછા આવે એમ કરે છે, ત્યારે તે બઢતીને માર્ગે છે એમ માનવું !

*

આઈ નામના ઠાકોરે પૂછ્યું :— પ્રજા તાબામાં રહે એ માટે શું કરવું ?

કુંગ ફુ - ત્ઝેએ કહ્યું :— સાચા માણસોને આગળ વધારો અને કુટિલ માણસોને ખસેડી નાખો, એટલે પ્રજા તાબામાં રહેશે. કુટિલ માણસને આગળ વધારો અને સાચાને ખસેડી મૂકો એટલે પ્રજા તાબે નહિ રહે.

*

ચી કાંગે પૂછ્યું :— શું કરીએ તો લોકો રાજાને માન આપે, તેના પ્રત્યે વફાદાર બને અને સદાચરણી થાય ?

ભગવાને કહ્યું :—તેણે તેમના ઉપર ગંભીરતાપૂર્વક શાસન કરવું—એટલે તેઓ તેને માન આપશે. તેણે બધા પ્રત્યે વત્સલતા અને ભલાઈથી વર્તવું—એટલે તેઓ તેને વફાદાર બનશે. તેણે લાયક માણસોને આગળ વધારવા અને અણઘડને કેળવવા — એટલે લોકો લાયક બનવા પ્રયત્ન કરશે.

*

ભગવાને કહ્યું:—સત્ય વગરનો માણસ શી રીતે આગળ જઈ શકે એ મને સમજાતું નથી. મોટું ગાડું ધૂંસરી વિના શી રીતે ચાલે?

*

ભગવાને કહ્યું છે:—જે દેવ આપણા નથી તેને પૂજવું એનું નામ ખુશામત.

સત્ય સમજ્યા છતાં આચરવું નહિ, એનું નામ ભીરુતા.

*

ભગવાને કહ્યું છે:—માણસો ધન અને કીર્તિ મેળવવા ઇચ્છે છે. એ જો સાચે માર્ગે ન મળતાં હોય તો જતાં કરવાં જોઈએ. માણસો ગરીબાઈ અને અધોદશા ટાળવા ઇચ્છે છે, પણ જો સાચે માર્ગે એ ટાળી ન શકાય તો ટાળવાં ન જોઈએ.

*

જો શ્રેષ્ઠ માણુસ ધર્માચરણુનો ત્યાગ કરે તો પછી તે શ્રેષ્ઠ માણુસ શાનો?

*

શ્રેષ્ઠ પુરુષ એક ઘડી પણ ધર્માચરણ વિરુદ્ધ વર્તતો નથી. ઉતાવળની ક્ષણોમાં પણ તે તેને વળગી રહે છે. આપત્તિકાળમાં પણ તે તેને વળગી રહે છે.

*

ભગવાને કહ્યું છે :— મેં એવો માણસ જોયો નથી જેને ધર્માચરણ વહાલું હોય અથવા જેને અધર્માચરણ પ્રત્યે ઘૃણા હોય. જેને ધર્માચરણ વહાલું હોય તે બીજી કોઈ પણ વસ્તુને તેના કરતાં ઉચ્ચ ગણે જ નહિ. અને જેને અધર્માચરણ પ્રત્યે ઘૃણા હોય તે એવી રીતે ધર્માચરણ કરશે કે અધર્માચરણને પોતાની પાસે ઢૂકવા પણ ન દે.

ભગવાને કહ્યું છે :— જો કોઈ માણુસને સવારે સત્યમાર્ગ જાણવા મળે તો પછી સાંજે તેને મરતાં શોક નહિ થાય.

*

ભગવાને કહ્યું છે :— જે વિદ્વાનનું મન સત્યમાં રત હોય, અને છતાં જે ખરાબ કપડાં અને ખરાબ ખોરાકથી શરમાતો હોય, તે વાત કરવાને પણ લાયક નથી.

*

ભગવાને કહ્યું છે કે :— શ્રેષ્ઠ પુરુષ આ દુનિયામાં

કોઈ વસ્તુની તરફેણમાં કે વિરુદ્ધ પૂર્વગ્રહ બાંધી લેતો નથી; જે સત્ય હશે તેને તે અનુસરશે.

*

ભગવાને કહ્યું છે:— શ્રેષ્ઠ પુરુષો ધર્મનો વિચાર કરે છે, ક્ષુદ્ર જનો સુખસગવડનો. શ્રેષ્ઠ પુરુષો કાયદાથી મળતા હકનો વિચાર કરે છે, ક્ષુદ્ર જનો છૂટછાટ અને મહેરબાનીનો.

*

ભગવાને કહ્યું છે:— જે માણસ હંમેશાં પોતાના લાભને નજરમાં રાખીને વર્તે છે, તેની સામે બબડાટ ખૂબ થશે.

*

ભગવાને કહ્યું છે:— માણસે આમ કહેવું જોઈએ: મને અમુક સ્થાન મળ્યું નથી એની મને પડી નથી; પણ એ સ્થાનને લાયક શી રીતે થવું એની જ મને તો પડી છે. મને ખ્યાતિ મળી નથી એની મને ચિંતા નથી, પણ હું તો ખ્યાતિને લાયક બનવાનો પ્રયત્ન કરું છું.

*

ભગવાને કહ્યું છે:— શ્રેષ્ઠ પુરુષનું મન ધર્મને ઓળખે છે. નીચ પુરુષનું મન લાભને ઓળખે છે.

*

ભગવાને કહ્યું છે :— જ્યારે આપણે લાયક પુરુષોને જોઈએ ત્યારે તેમના જેવા થવાનો વિચાર કરવો, અને જ્યારે એથી ઊલટા માણસોને જોઈએ ત્યારે આપણે અંતર્મુખ બની આત્મપરીક્ષણ કરવું.

*

ભગવાને કહ્યું છે :— માતાપિતાની સેવા કરવા છતાં પુત્ર તેમનો વિરોધ ભલે કરે, પણ નમ્રતાપૂર્વક; જ્યારે તેને લાગે કે તેઓ તેની સલાહ પ્રમાણે વર્તવા રાજી નથી ત્યારે તેણે વધારે આદરભક્તિપૂર્વક વર્તવું, પણ પોતાનો મત છોડવો નહિ; અને જો તેઓ તેને શિક્ષા કરે તો ખબડવું નહિ.

*

ભગવાને કહ્યું છે :— પ્રાચીનો ઝટઝટ બોલી નાખતા નહોતા, કારણ, કદાચ વચન અનુસાર કાર્ય ન થયું તો? — એવી તેમને ભીતિ રહેતી.

*

ભગવાને કહ્યું છે :— સાવધ પુરુષ જવલ્લે જ ભૂલ કરે.

*

ભગવાને કહ્યું છે :— શ્રેષ્ઠ પુરુષ બોલવામાં મંદ અને વર્તનમાં પ્રામાણિક થવા ઇચ્છે છે.

*

ભગવાને કહ્યું છે :— ધર્મ કદી એકલો પડતો જ નથી. જે કોઈ ધર્મ આચરે છે, તેને સાથીઓ મળી જ રહે છે.

*

ત્ઝે લુએ કહ્યું છે :— રાજાની નોકરી કરવામાં વારેવારે વિરોધ કરવાથી રોષ વહોરી લેવો પડે છે. મિત્રોમાં વારેવારે ઠપકો આપવાથી અંતર વધે છે.

*

કોઈકે કહ્યું :— યુંગ ખરો ધર્માચરણી છે. પણ તે જીભ ચલાવવામાં શૂરો છે.

ભગવાન બોલ્યા :— જીભ ચલાવવામાં શૂરા થવાથી શો લાભ? જેઓ માણસો સાથે જીભ ચલાવવવામાં શૂર બતાવે છે, તેઓ પોતાને વિશે તિરસ્કાર જગાડે છે. તે ખરો ધર્માચરણી છે કે નહિ એ તો હું જાણતો નથી, પણ તેણે જીભ ચલાવવામાં શૂરા શા માટે થવું જોઈએ?

*

ભગવાને કહ્યું છે :— પહેલાં હું માણસોમાં વચન સાંભળી તેટલા ઉપરથી જ તેમને તે પ્રમાણે આચરતા માની લેતો. હવે હું તેમનાં વચન પણ સાંભળું છું અને આચાર પણ જોઉં છું. આ ફેરફાર કરવાનું હું યુ પાસેથી શીખ્યો.

*

ભગવાન બોલ્યા :— મેં દૃઢ અને અણનમ માણસ જોયો નથી.

કોઈકે જવાબ આપ્યો :— શાન ચાંગ છે ને.

ભગવાન બોલ્યા :— ચાંગ તો પોતાના વિષયોનો ગુલામ છે. એને દૃઢ અને અણનમ શી રીતે કહેવાય?

*

ત્઱ે કુંગે કહ્યું :— માણસો મારા પ્રત્યે જે રીતે વર્તે એમ હું ન ઇચ્છતો હોઉં, તે રીતે હું પણ તેમની સાથે વર્તવા ઇચ્છતો નથી.

ભગવાને કહ્યું :— ત્઱ે, તું હજી એટલે પહોંચ્યો નથી. [ સરખાવો : आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् । ]

*

ત્઱ે લુ કંઈક સાંભળે અને તે જો એણે આચારમાં મૂકેલું ન હોય, તો તેને એટલી જ બીક લાગતી કે આ આચર્યા પહેલાં જ કંઈક બીજું એને કાને પડશે તો?

*

ત્઱ે કુંગે પૂછ્યું :— કુંગ વાનને 'વાન'ની પદવી શા ઉપરથી મળી?

ભગવાને કહ્યું :— તે ખૂબ પ્રવૃત્તિશીલ સ્વભાવનો હતો છતાં વિદ્યાનો શોખીન હતો, અને તે પોતાથી ઊતરતા માણસોને પણ પૂછતાં કે તેમની પાસે શીખતાં

શરમાતો નહોતો. આથી એને 'વાન' કહે છે. [વાન = જ્ઞાની]

*

ભગવાને કહ્યું છેઃ— ત્ઝે લુ માં શ્રેષ્ઠ પુરુષનાં ચારે લક્ષણો હતાં: તેની વર્તણૂક નમ્ર હતી; પોતાના ઉપરીઓની સેવા તે માનપૂર્વક બજાવતો હતો; પ્રજાનું પાલન કરવામાં તે માયાળુ હતો; અને પ્રજા ઉપર શાસન કરવામાં તે ન્યાયી હતો.

*

ભગવાને કહ્યું છેઃ— યેન વિંગને મિત્રતા ટકાવતાં સારું આવડતું હતું. સંબંધ ગમે એટલો લાંબો હોય તોયે તે પહેલાંના જેટલા જ આદરથી વર્તતો.

*

ભગવાને કહ્યું છેઃ— મીઠી વાણી, હસતો ચહેરો અને વધારે પડતું માન— આ ત્રણ વસ્તુથી ત્સો ચિયુ-મિંગ શરમાતો. હું પણ શરમાઉં છું. કોઈ માણસ પ્રત્યેની આપણી ચીઢ છુપાવવી અને તેના પ્રત્યે મૈત્રીનો દેખાવ કરવો—એવી વર્તણૂકથી ત્સો ચિયુ-મિંગ શરમાતો. હું પણ શરમાઉં છું.

*

યેન યુવાન અને ત્ઝે લુ પાસે બેઠા હતા એટલે ભગવાને તેમને કહ્યુંઃ— ચાલો, તમે બંને પોતપોતાની ઇચ્છા જણાવો.

ત્ઝે લુએ કહ્યું :— મને તો રથ અને ઘોડા અને બારીક પશમનાં વસ્ત્રો મળે તો ગમે. એ બધું મારા મિત્રો સાથે ભોગવું. અને તેઓ બગાડ કરે તોયે તેમને ખોટું ન લગાડું.

યેન યુવાને કહ્યું :— હું મારા પોતાના સદ્ગુણની બડાશ ન હાંકું અને મારાં સારાં કામોનો દેખાડો ન કરું, એ મને તો ગમે.

ત્યારે ત્ઝે લુએ કહ્યું :— હવે આપની ઇચ્છા શી છે તે સાંભળવાનું મને મન છે.

ભગવાન બોલ્યા :— મારી ઇચ્છા તો વયોવૃદ્ધ માણસોને આરામ આપવાની, મિત્રો પ્રત્યે સાચદિલી રાખવાની અને બાળકો સાથે મૃદુતાથી વર્તવાની છે.

*

ભગવાને કહ્યું છે :— થયું. મેં તો હજી કોઈ એવો માણસ જોયો નથી જે પોતાની ભૂલ જોઈ શકતો હોય અને અંતરમાં પોતાને દોષ દેતો હોય.

*

ભગવાને કહ્યું છે :— દસ કુટુંબના ગામમાં કદાચ મારા જેવો સાચો અને સન્માન યોગ્ય માણસ મળી રહેશે, પણ મારા જેવો વિદ્યાનો રસિયો નહિ મળે.

*

ભગવાને કહ્યું છે :— મેં સાંભળ્યું છે કે શ્રેષ્ઠ પુરુષો દીનદુઃખીને મદદ કરે છે, પણ ધનવાનની સંપત્તિમાં ઉમેરો કરતા નથી.

[ સરખાવો : दरिद्रान् भर कौंतेय, मा प्रयच्छेश्वरे धनम् । ]

*

ભગવાને કહ્યું છે :— જેઓ સત્ય જાણે છે તેઓ સત્યને ચાહનારની તોલે ન આવી શકે; અને જેઓ સત્યને ચાહે છે તેઓ સત્યમાં આનંદ લેનારની તોલે ન આવી શકે.

*

ખરો સદાચારી પુરુષ કોને કહેવો, એવો પ્રશ્ન પુછાતાં ભગવાન બોલ્યા :— ખરો સદાચારી માર્ગમાં આવતાં વિઘ્નોને જીતવાનો જ વિચાર પહેલો કરશે અને સફળતાને ગૌણ ગણશે. આને પૂર્ણ સદાચાર કહી શકાય.

*

ભગવાને કહ્યું છે :— ડાહ્યા પુરુષોને પાણીમાં આનંદ પડે છે; સદાચારીને પર્વતોમાં આનંદ પડે છે. ડાહ્યા પુરુષો પ્રવૃત્તિ–પરાયણ હોય છે, સદાચારી પુરુષો નિવૃત્તિ-શાંતિ–પરાયણ હોય છે. ડાહ્યો પુરુષ આનંદી હોય છે, સદાચારી દીર્ઘજીવી હોય છે.

*

ભગવાને કહ્યું છે :— જો પૈસા મળવાની ખાતરી જ હોય તો તે હું ગાડીવાન બની હાથમાં ચાબૂક લેવા

પણ તૈયાર છું. પણ એવી ખાતરી હોતી નથી એટલે હું મને રુચે તે ધંધામાં જ રત રહું છું.

*

ભગવાને કહ્યું છે:— ખાવાને જાડા ચોખા, પીવાને પાણી અને વાળેલા હાથનું ઓશીકું — આમાં મને ભારે આનંદ પડે છે. ખોટે રસ્તે મેળવેલાં ધન અને માન મને ચંચળ વાદળાં જેવાં લાગે છે.

*

શેહના ઠાકોરે ત્ઝે લુને કુંગ-ફુ-ત્ઝે વિશે પૂછ્યું પણ તેણે કશો જવાબ ન આપ્યો. ભગવાને કહ્યું:— તેં એને કેમ ન કહ્યું કે એ તો એક એવો માણસ છે જે જ્ઞાન મેળવવાની તાલાવેલીમાં ખાવાનુંયે ભૂલી જાય જ્ઞાન મળ્યાના આનંદમાં પોતાનો શોક પણ વીસરી જાય છે અને ઘડપણ આવ્યું છે તેની પણ તેને ખબર પડતી નથી?

*

ભગવાને કહ્યું છે:— હું જ્યારે બે માણસો સાથે ફરતો હોઉં છું, ત્યારે મને બે ગુરુ મળી ગયા હોય એમ લાગે છે. હું તેઓના સારા ગુણો શોધી કાઢું અને તેને અનુસરું. તેમના ખરાબ ગુણો શોધી કાઢું અને તેને ટાળું.

*

ભગવાને કહ્યું છે:— સાધુને શોધવાનું મારું કામ નથી. મને તો સાચો બુદ્ધિશાળી અને સદાચારી માણુસ મળે તોયે સંતોષ થાય.

*

ભગવાને કહ્યું છે:— સારા માણુસને શોધવાનું મારું કામ નથી. મને તો એકનિષ્ઠ અને મક્કમ વિચારનો માણુસ મળે તોયે સંતોષ થાય.

*

હોય નહિ અને છતાં હોય એવું બતાવે, ખાલી હોવા છતાં પૂર્ણ હોવાનો દેખાવ કરે, સંકડામણુમાં હોવા છતાં આરામમાં હોવાનો દેખાવ કરે—આવાં લક્ષણોવાળામાં એકનિષ્ઠા મળવી મુશ્કેલ છે.

*

ભગવાને કહ્યું છે:— એવા માણુસો હશે જેઓ કારણુ જાણ્યા વિના જ કાર્ય કરતા હશે. હું એમ નથી કરતો. સાંભળવું ખૂબ પણુ તેમાંથી સારું સારું તારવી લઈ તેને આચરવું; જોવું ખૂબ અને તે સ્મરણુમાં રાખવું — આનું જ નામ જ્ઞાન.

*

ભગવાને કહ્યું છે:— ધર્માચાર કંઈ દૂરની વસ્તુ છે? હું ધર્માચરણી થવાની ઇચ્છા કરું છું અને જુઓ, આ ધર્માચાર મારા હાથમાં આવ્યો.

*

ત્ઝે કુંગે રાજ્ય સંબંધે પ્રશ્ન પૂછ્યો એટલે ભગવાન કુંગ ફુ-ત્ઝેએ કહ્યું :— રાજ્યને ત્રણ વસ્તુ જરૂરની છે : પૂરતું અન્ન, પૂરતું લશ્કર અને પ્રજાનો વિશ્વાસ.

ત્ઝે કુંગે કહ્યું :— જો આ ત્રણે ન જ મળે એમ હોય અને એક વસ્તુ જતી કરવી પડે એમ હોય તો પહેલી કઈ જતી કરવી ?

ભગવાને કહ્યું :— લશ્કર.

ત્ઝે કુંગે ફરી પૂછ્યું :— અને બાકી રહેલી બેમાંથી પણ એક જતી કરવી પડે એમ હોય તો કઈ જતી કરવી ?

ભગવાને કહ્યું :— અન્ન. પુરાતન કાળથી મરણ તો માનવીને ચોંટેલું જ છે. પણ જો પ્રજાને રાજામાં વિશ્વાસ ન હોય તો રાજ્ય ટકે જ નહિ.

*

માણસનું ચારિત્ર્ય કાવ્યથી ઘડાય છે, આચારથી વિકસે છે અને સંગીતથી પૂર્ણતાને પામે છે.

*

જે માણસ જૂના બંધોને નકામા ગણીને તોડી નાખે છે, તેને ઊભરાતા પૂરથી થતા નુકસાન વેઠવાં પડે છે.

*

રાજાનું વર્તન પવન જેવું છે; પ્રજાનું વર્તન ઘાસ જેવું છે. જેમનો પવન વાય તેમનું ઘાસ વળે.

[ સરખાવો : यथा राजा तथा प्रजा । ]

*

સાધુ પુરુષ આટલી બાબતોમાં ખૂબ સાવધ રહે છે :

૧. આંખ વાપરતી વખતે સ્પષ્ટ જોવાની કાળજી રાખે છે.

૨. પોતાનો ચહેરો પ્રસન્ન રાખે છે.

૩. પોતાનું વર્તન માનભર્યું રાખે છે.

૪. પોતાની વાણી સત્યમય રાખે છે.

૫. પોતાનું કામ તે ધર્મબુદ્ધિથી કાળજીપૂર્વક કરે છે.

૬. જે બાબતમાં તેને શંકા હોય તેને વિશે બીજાને પૂછે છે.

૭. જ્યારે ગુસ્સો ચડે ત્યારે ગુસ્સાને પરિણામે પોતે કેવી મુશ્કેલીમાં આવી પડશે તેનો વિચાર કરે છે.

૮. જ્યારે કંઈ લાભ થવાનો લાગે ત્યારે ન્યાય અને પ્રામાણિકતાનો વિચાર કરે છે.

*

પ્રાચીન પુરુષોએ સમગ્ર સામ્રાજ્યમાં સદાચાર પ્રવર્તી રહે એટલા માટે પોતાના રાજ્યને વ્યવસ્થિત બનાવ્યાં. પોતાનાં રાજ્યને વ્યવસ્થિત બનાવવા માટે કુટુંબોમાં નિયમન દાખલ કર્યું. કુટુંબોમાં નિયમન દાખલ કરવા માટે પોતાની જાતને કેળવી. પોતાની જાતને કેળવવા

માટે પોતાના વિચારોમાં પ્રામાણિકતા દાખલ કરી. પોતાના વિચારમાં પ્રામાણિકતા દાખલ કરવા માટે પોતાનું જ્ઞાન વિસ્તાર્યું. પોતાનું જ્ઞાન વિસ્તારવા માટે વસ્તુઓની પરીક્ષા કરવાની જરૂર લાગી.

તેમણે વસ્તુઓની પરીક્ષા કરી એટલે જ્ઞાન સંપૂર્ણ બન્યું. જ્ઞાન સંપૂર્ણ બન્યું એટલે વિચારો પ્રામાણિક બન્યા. વિચારો પ્રામાણિક બન્યા એટલે હૃદય શુદ્ધ થયાં. હૃદય શુદ્ધ થયાં એટલે તેમની જાત કેળવાઈ. તેમની જાત કેળવાઈ એટલે કુટુંબોમાં નિયમન આવ્યું. કુટુંબોમાં નિયમન આવ્યું એટલે રાજ્યો યોગ્ય રીતે ચાલવા લાગ્યાં, અને રાજ્યો યોગ્ય રીતે ચાલવા લાગ્યાં એટલે આખા સામ્રાજ્યમાં સુખશાંતિ વર્તી રહ્યાં.*

□

* છેલ્લાં પાંચ સુભાષિતોના અનુવાદક શ્રી ગોપાલદાસ પટેલ છે અને તેમની સંમતીથી તે અહીં લીધાં છે. ન૦

શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત

## • નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા •

| | | |
|---|---|---|
| કસ્તુરબા | સોમાભાઈ ભાવસાર | ૨-૦૦ |
| નવાં ગીતો ભાગ ૩ | ત્રિભુવન વ્યાસ | ૧-૨૫ |
| ફૂલવાડી | સ્વ. નિરંજન સરકાર | ૦-૭૫ |
| ધરતીની મહેક | વસંત નાયક | ૧-૦૦ |
| બીલીપત્ર | મહીપતરામ જોશી | ૨-૦૦ |
| તૈયાર હો | વસંત નાયક | ૨-૫૦ |
| દાદાજી, વારતા કહો ને ! | મુકુલભાઈ કલાર્થી | ૨-૦૦ |
| બીલીની કિશોર કથાઓ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ૨-૦૦ |
| ચાલો, આપણે ભજવીએ | ચન્દ્રવદન શુકલ | ૨-૦૦ |
| નાનપણની વાતો | મુકુલભાઈ કલાર્થી | ૨-૦૦ |
| નાના છતાં મોટા | ઉપેન્દ્ર ભટ્ટ | ૨-૫૦ |
| પગલે પગલે પ્રકાશ | મુકુલભાઈ કલાર્થી | ૨-૫૦ |

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

: પ્રાપ્તિસ્થાન :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધીમાર્ગ, અમદાવાદ-૧